Permitted to Post at PSO-AHD : On every Tuesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012
છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮
Reg. under RNI No. GUJGUJ/2003/16248

સ્ટોક માર્કેટ અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન
# THE ECONOMIC REVOLUTION

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in

Everythings that's on Money !!!

● વર્ષ : ૮ ● અંક : ૧૧ ● તા. ૦૮.૦૩.૨૦૧૧ થી ૧૪.૦૩.૨૦૧૧ ● ફાગણ સુદ ૦૩ થી ફાગણ સુદ ૦૯ ● સં. ૨૦૬૭ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

## બેંકિંગ અને ઓટો શેરોમાં લેવાલીને પગલે સેન્સેક્સમાં ૪.૪૪ ટકાનો ઉછાળો

વિતેલા સપ્તાહ દરમ્યાન ભારતીય શેરબજારોમાં બજેટની જાહેરાત બાદ લેવાલીનું વલણ રહ્યું હતું જેને પગલે બીએસઈનો સેન્સેક્સ ૭૮૫.૫૪ પોઈન્ટ વધીને ૧૮૭૮૬.૪૫ બંધ રહ્યો હતો. જયારે એનએસઈનો નિફ્ટી આંક ૨૩૫.૨ વધીને ૫૫૩૮.૭૫ બંધ રહ્યો હતો. આમ બજારો સાપ્તાહિક ૪.૪૪ ટકા સુધરીને બંધ રહ્યા હતા.

### શેરબજારની સમીક્ષા



દિપક અમીન
મો. ૯૩૭૭૦૦૮૭૦૮

બજેટમાં એકસાઈઝ ડ્યુટીમાં કોઈ પરિવર્તન ના આવવાને કારણે બીએસઈનો ઓટો ઈન્ડેક્ષ ૮ ટકા ઉછળીને બંધ રહ્યો હતો. જયારે એફએમસીજી ઈન્ડેક્ષ ૬.૩ ટકા, બીએસઈ બેંક અને કેપિટલ ગુડઝ ઈન્ડેક્ષોમાં પણ ૫ ટકા ઉપર વધારો જોવા મળ્યો હતો. ઓટો શેરોમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૧૪ ટકા, મારુતિ ૧૨ ટકા, તેમજ બજાજ ઓટો ૭.૫ ટકા ઉપર રહ્યા હતા. લાર્જકેપ શેરોમાં આઈટીસી, રિલાયન્સ પાવર એચડીએફસી, એચડીએફસી બેંક, બીપીસીએલના શેરોમાં ૮-૧૧ ટકાનો ઉછાળો નોધાયો હતો. જયારે રિલાયન્સ કેપિટલ તેમજ રિલાયન્સ કોમ્યુનિકેશનમાં ૭ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. એલ એન્ડ ટી, તાતા મોટર, કેઈર્ન ઈન્ડિયા, ભેલ અને જયપ્રકાશ એસોસિએટમાં ૫-૬ ટકાનો વધારો થયો હતો.

નિફ્ટી જુનિયર, સીએનએક્સ મિડકેપ, બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્ષોમાં પણ ૩-૪ ટકા નો વધારો નોંધાયો હતો. મિડકેપ શેરોમાં વોરેન બફેટની બર્કશાયર કંપની સાથે જનરલ ઈન્શ્યુરન્સના ટાઈ અપના સમાચારને પગલે ૨૮ ટકાનો ઉછાળો આવ્યો હતો. જયારે કે આરબીએલનો શેર ૨૭ ટકા તો ડેક્કન ક્રોનિકલ અને અશોક લેલેન્ડ અને અરવિંદો ફાર્મા ૧૦-૧૮ ટકા વધ્યા હતા.

ગત સપ્તાહે આપણે સ્પષ્ટ જણાવેલું કે કદી ૧૦૦ ટકા બુલ નહીં બનવાનું અને કદી ૧૦૦ ટકા બીયર નહીં બનવાનું. કારણ કે ક્યા લેવલથી બજારો અપ ટ્રેન્ડમાંથી ડાઉન ટ્રેન્ડમાં આવશે અને ક્યા લેવલથી બજારો ડાઉન ટ્રેન્ડમાંથી અપ ટ્રેન્ડમાં આવશે તેવું દર વખતે સમયસર અને સચોટતાથી કહેવું મુશ્કેલ જ નહીં પરંતુ અશક્ય પણ છે. આપણે લખ્યું હતું કે વેચાણમાં ચુસ્ત સ્ટોપલોસ જ નહીં પણ બજારો વધે તો પોઝીશનો સુલટાવી દેવાની પણ ગણતરી રાખવી જોઈએ અને

**તત્ક્ષણ બજારો બજેટ અને કૌભાંડોલક્ષી પ્રાદેશિક પરિબળોના સ્થાને વૈશ્વિક ક્રૂડના ભાવો અને રાજકીય ઉથલપાથલની દોરવણી નીચે રહેશે તેમ કહેવું અતિશયોક્તિ ભરેલું નથી.**

બજારોમાં બાઉન્સ બેક આવશે તો મોટા બાઉન્સ બેકથી ઉપર જશે તેમ પણ શબ્દશઃ જણાવ્યું હતું. આપણે ૫૫૫૫નું લેવલ ટાંકતા જણાવ્યું હતું કે બજારો અહીં સુધી જઈને પાછા ફરશે અને આમ છેલ્લા ત્રણેય દિવસો આ બજારો ૫૫૪૦ની ઉપર પણ ૫૫૫૫ની નીચે જ બંધ રહ્યા હતા.

આપણે જોયું કે નિફ્ટી ફ્યુચર ગત સપ્તાહનાં આખરી ટ્રેડીંગ દિવસે ૫૬૧૧નો હાઈ બનાવીને ૫૫૪૭.૭૫ બંધ રહ્યો હતો. કે જે આપણે વારંવાર લખેલી ૫૫૫૫ની સપાટીની નીચે છે. તેમ છતાંયે બજારો આગામી સપ્તાહે ૫૮૮૬ સુધી જઈ શકવાની શક્યતાઓ દર્શાવે છે. જો કે મિત્રો ચાર્ટ પર એક નોંધપાત્ર વસ્તુ જોવા મળે છે કે અગાઉ પણ ૨૬ નવેમ્બરથી ૧૦ ડીસેમ્બર દરમ્યાન આવી જ પેટર્ન બનીને બજારો લોકોને આશા આપીને ૩ જાન્યુઆરી સુધી ૬૨૦૦ સુધી ખેંચાઈ ગયા હતા. જો કે ત્યારબાદ આપ સૌ જાણો છો તેમ ૧૧ ફેબ્રુઆરીના રોજ ૫૧૭૫.૧૦ની નીચી સપાટી બનાવી હતી. મિત્રો પછી ૧૮ ફેબ્રુઆરીના રોજ ૫૫૮૯ની ઊંચી સપાટી બનાવીને ૨૫ ફેબ્રુઆરીના રોજ ૫૨૩૨.૬૦ની નીચી સપાટી બનાવી બજેટની જાહેરાત બાદ વિતેલા સપ્તાહે સતત વધીને ૫૬૧૧ નો હાઈ ભાવ બનાવ્યો હતો. આમ કહેવાનું તાત્પર્ય એ છે કે બજારો સતત વધીને ૫૮૮૬ સુધી જઈને પાછા ૫૧૭૫ ના લો ભાવ ટેસ્ટ કરવા આવી શકે છે અને વૈશ્વિક રાજકીય ઉથલપાથલ, અને ક્રૂડ તેલના ભાવો તેના માટે પ્રેરક અને પૂરક તેમજ દબાણ કરતા નિમિત્ત બની રહે તેમ શક્ય છે. ટ્રેડરોએ હાલ પુરતું ઘટાડે લેણનું વલણ રાખવું તે હકીકત છે કે સન ટીવી, તાતા પાવર

અનુસંધાન પા.નં. ૫ ઉપર

## ૦૭ માર્ચ, ૨૦૧૧ થી ૧૧ માર્ચ, ૨૦૧૧ સુધી બજારનો રિવ્યૂ

**નિફ્ટી (૫૫૩૯)**
**સેન્સેક્ષ (૧૮૪૮૬)**
**તા. ૪.૩.૨૦૧૧**

### બજારનો રિવ્યૂ



પ્રકાશ ગાબા
મો. ૯૩૨૨૨૧૦૯૦૭
prakashgaba@hotmail.com
http:// www.prakashgaba.com

અમોએ જણાવેલ કે ''ટેકનીકલ બજાર હજુ પણ નબળું છે અને હવે આગળ ઉપર બજેટનું સપ્તાહ છે અને તેથી બજારમાં ખૂબ જ ચંચળતા જોવા મળશે, અને જો આપણને ઉર્ધ્વગતિ જોવા મળે તો પણ ૫૪૫૦ની કઠીન પ્રતિકારક સપાટી પણ છે. પરંતુ જો નબળાઈ ચાલુ જ રહેશે તો નીચે તરફ ૫૧૭૭ ની સપાટી જોવા મળી શકે.''

બજાર અપેક્ષા મુજબ જ મજબૂત રહ્યું અને ૫૪૫૦નો લક્ષાંક સાધ્ય કર્યો.

ટેકનીકલ ૫૪૫૦ હવે તેની સાથે વ્યવહાર માટે મજબૂત ટેકો બની રહેલ છે અને જો બજાર હજુ તેની ઉર્ધ્વગતિ ચાલુ રાખશે તો તે ૫૭૬૮ની સપાટી પણ દર્શાવી શકશે.

ટ્રેડીંગની દ્રષ્ટિએ જયાં સુધી બજાર ૫૪૫૦ ની સપાટી જાળવી રાખે હું ઘટાડે ખરીદ કરવાનું પસંદ કરું

## આગામી દિવસોમાં બજાર બંને તરફ ઝોલાં ખાતુ ચંચળતાપૂર્ણ જોવા મળશે

બજારે અમારી અપેક્ષા મુજબ જ રેલી દર્શાવી અને લોંગ પોઝીશન નફાકારક પુરવાર થઈ. હાલમાં બજારનું ધ્યાન લીબીયા પર છે. ક્રુડના ભાવમાં પણ ફરી આજથી વધારો થતો જોવા મળેલ છે અને તેના પ્રત્યાઘાતો દુનિયાભરનાં બજારો પણ જોવા મળશે. સ્ટોક સ્પેસિફિક એકશન ચાલુ જ રહેનાર છે અને આગામી દિવસોમાં બજાર બંને તરફ ઝોલાં ખાતુ ચંચળતાપૂર્ણ જોવા મળશે. મિડલ ઈસ્ટના દેશો અને તેમાં પણ ખાસ કરીને લીબીયા પર ખાસ નજર રાખો, જેની હલચલ આપણાં બજારોને અસરકૃત થઈ શકે.

### માર્કેટ ટ્રેન્ડ



આસુ કક્કર
મો. ૦૯૯૮૯૬ ૯૩૩૨૦
૦૯૯૮૯૯ ૨૦૯૮૭
Website : www.ashuukakkarr.com
Email ID : ashuu@ashuukakkarr.com / info@ashuukakkarr.com

યુ એસ એ અને યુરોપ જે ઓવરબોટમાં છે તે આવનાર થોડા દિવસોમાં કરેકશન દર્શાવશે જેની અસરો પર આપણા બજારો પર દેખાશે અને આપણો નિફ્ટી નીચે તરફ સરકી ફરી એક વાર ૫૨૦૦ ની સપાટી દર્શાવશે અને હાલની સપાટીથી થોડા સપ્તાહોમાં જ નીચે તરફ ગતિ આદરશે. નિફ્ટી હાલમાં ૫૪૦૦ - ૫૬૫૦ વચ્ચે મજબૂતાઈ કેળવતો રેન્જબાઉન્ડ રહેલ છે અને જો તે ૫૪૦૦ નીચેની સપાટી તોડી નાખે તો પછી ૫૨૦૦ ની સપાટી તરફ ગતિ કરી શકે, પરંતુ જો ઉપર તરફ ૫૬૩૦ની સપાટી તોડવામાં સફળ રહે તો પછી ઉપર તરફ ૫૮૦૦ સુધી ગતિ કરી શકે. હાલમાં

**આવનાર સપ્તાહે ટ્રેડ કરવા જેવા શેર**

**૧. બેંક ઓફ બરોડા વેચો :** રૂ. ૮૮૩.૨૫, સ્ટોપ લોસ રૂ. ૯૨૦, લક્ષાંક ૮૪૦

**૨. કેનેરા બેંક વેચો :** રૂ. ૬૧૧.૫૦, સ્ટોપ લોસ રૂ. ૬૩૮, લક્ષાંક ૫૭૫ - ૫૫૦

**૩. ટેક મહિન્દ્રા વેચો :** રૂ. ૬૮૫.૨૫, સ્ટોપ લોસ રૂ. ૭૦૫, લક્ષાંક ૬૩૮

**૪. જેટ વેચો :** રૂ.૪૪૨.૯, સ્ટોપ લોસ રૂ. ૪૬૦, લક્ષાંક ૪૦૫

**૫. ટાટા મોટર્સ વેચો :** રૂ.૧૧૭૫.૭૫, સ્ટોપ લોસ રૂ.૧૨૦૫, લક્ષાંક ૧૧૨૫

## સમ અને હકારાત્મક રુખ ચાલુ રહેશે

**તા.૦૭ માર્ચ, ૨૦૧૧ થી ૧૧ માર્ચ, ૨૦૧૧**
**બજારનું સાપ્તાહિક વિહંગાવલોકન :**

મીડલ ઈસ્ટમાં જીઓ પોલીટીકલ ટેન્શન, વૈશ્વિક પરિબળો બજારની રૂખ નક્કી કરશે. જો બધું જ સમૂસુતરું ઉતરશે તો અમે અપેક્ષા રાખીએ છીએ કે બજાર સમ અને હકારાત્મક રૂખ સાથે ઉર્ધ્વગતિ દાખવશે.

ગત સપ્તાહે તા. ૨૮મી ફેબ્રુઆરીના રોજ નાણાપ્રધાનશ્રીએ લોકલુભાવન બજેટ આપ્યા પછી બજારે તેજીમયતા દર્શાવી. તેઓશ્રીએ હાલના સરચાર્ટ ૭.૫ % ઘટાડીને ૫ % કરીને ઉદ્યોગોને સુખદઆશ્ચર્યજનક આંચકો આપ્યો તેમ જ એફ આઈ આઈ ને પણ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાની છુટ આપી. આ સાથે તેઓએ ના. વ. ૧૨ની રાજવિત્તિય ખાદ્ય પણ ઓછી દર્શાવી અને એકસાઈઝ ડ્યુટીમાં પણ કોઈ વૃધ્ધિ કરી નહીં. આ કારણોને લીધે બજારે હાલમાં જ આવેલા ઘટાડા પછી જોરદાર પુલબેક દર્શાવ્યું.

આવનાર સપ્તાહમાં જો વૈશ્વિક પ્રેરણા અને કોમોડીટીના ભાવ સાનુકૂળ રહેશે તો બજાર તેની હકારાત્મક રૂખ ચાલુ જ રાખશે. મીડલ ઈસ્ટમાં ચાલી રહેલ જીઓ પોલીટીકલ ટેન્શને આખા વિશ્વમાં ગભરાટ ઉભો કરેલ છે. જો શાંતિ અંગેની કોઈ મંત્રણા સફળ થાય તો થોડા સમય માટે રાહત મળે. શાંતિ મંત્રણાથી લીબીયામાં શાંતિ સ્થપાઈ શકે, મને લાગે છે કે આ બાબત વિશ્વમાં ૧૦૦ ટકા વિશ્વાસ કે રાહતનો દમ ઉભો કરી શકે તેમ નથી. જયારે આ જીઓ પોલીટીકલ ટેન્શન પ્રસરી રહેલ છે તે ગલ્ફના બીજા દેશોમાં પણ જીવંત રહેશે.

આમ છતાં નાણા પ્રધાનશ્રી ખૂબ સારું બજેટ પ્રસ્તુત કરી શકયા છે, જો કે હજુ પણ સરકાર ફૂગાવાને કેવી રીતે નિયંત્રણમાં લેનાર છે, તે માટે શું પગલાં લેશે તે માટે વધુ સ્પષ્ટતાની જરૂર છે જ, વેરામાં વધારો કર્યા વગર અને વધારાની રકમની લોન વગર તેઓ અંદાજેલ ખર્ચ કેવી રીતે કરી શકશે તે એક પ્રશ્ન છે.

ગત સપ્તાહે રજુ થયેલ બજેટ પરનું અમારું વિહંગાવલોકન અમે પ્રસ્તુત કરી રહેલ છીએ. જો કે આપણે એક નોંધ લેવી જોઈએ કે આપણે જો સરકાર આ જાહેરનામામાં કોઈ ફેરફાર કરે, જેમ કે અગાઉ તેઓએ ખાતરની સબસીડી માટે

### બાય એન્ડ સેલ

રમેશચંદ્ર
મો. ૯૮૯૪૦૪૩૦૯૦
E-Mail:
buysell_india@yahoo.com,
buysell_stocktips@yahoo.com

બજેટમાં રૂ. ૪૯૯૮ રૂપિયા ફાળવ્યા હતા, અને તે પછી તેને રૂા. ૮૦૦૦ કરોડ સુધી વધારેલ હતી, આ રીતે આવું બને ત્યારે વિહંગાવલોકનનું ફેરમૂલ્યાંકન કરવું જોઈએ.

ઉપરની બાબતો નજર સમક્ષ રાખી અમારૂં વિહંગાવલોકન જુઓ ...

**બજેટની હાઈલાઈટસ**

૧. ફૂગાવો અને હાલની રાજવિત્તિય ખાદ્ય નીચે જઈ રહી છે અને આવનાર વર્ષે તેજી વધુ સારી હશે.

૨. જીડીપી ના. વ. ૨૦૧૧ માં ૮.૬ ટકા હશે, જયારે ના. વ. ૨૦૧૨ માં ૯.૨૫ ટકા હશે.

૩. અપેક્ષા ીસછે કે આવનાર મહિનાઓમાં આર બી આઈ ફૂગાવાના દરને સુધારશે.

૪. ના. વ. ૨૦૧૧ની રાજવિત્ત્ય ખાદ્ય ૫.૧ ટકા હતો જયારે આગાહી કરેલ ૨૦૧૨ની રાજવિત્તિય ખાધ ૪.૬ ટકા હતી.

૫. વેરોની વસુલાત વાર્ષિક ધોરણે ૨૪.૯ ટકા જેટલી વધશે તેવી અપેક્ષા છે.

૬. હાલના સેશનમાં જી એસ ટી પ્રસ્તુત થશે. હાલના સેશનમાં નવી કંપનીઓ અંગેનો કાયદો પણ પ્રસ્તુત થશે.

૭. ફૂડ સિક્યોરીટી બીલ પણ પ્રસ્તુત થશે. કોલ્ડ સ્ટોરેજની શ્રુંખલા પણ ઈન્ફ્રા સ્ટેટસ મેળવશે.

**સામાન્ય પ્રજા માટે**

૧. સામાન્ય ટેક્ષ દાતા માટે આવકની સીમા ૧.૫ લાખથી વધારીને ૧.૮ લાખ કરવામાં આવેલ છે. (સ્ત્રીઓ માટેના એકઝમ્પશનને દર્શાવેલ નથી)

૨. જે લોકોએ ૬૦ વર્ષ પૂર્ણ કરેલ છે તેઓ સિનિયર સીટીઝન ગણાશે જે અગાઉ ૬૫ વર્ષ પછી ગણાતા હતા. જેઓને આવકવેરામાં ૨.૫ લાખની આવક સુધી છૂટ મળશે.

૩. ૮૦ અને તેથી વધુ ઉંમરની વ્યક્તિઓ માટે આવર વેરાના હેતુથી આવકની સીમા રૂ. ૫ લાખ નકકી કરવામાં આવી છે.

૪. ના. વ. ૨૦૧૨ માં ખેડૂતો ૩ ટકા સબસીડી મેળવશે.

૫. પ્રાયોરીટી હોમ લોનની સીમા રૂ. ૨૦ લાખથી વધારીને રૂ. ૨૫ લાખ કરવામાં આવી છે.

૬. રૂ. ૧૫ લાખ સુધીની હોમ લોન

અનુસંધાન પા.નં. ૬ ઉપર

## બજારોમાં ઉછાળો ટકવો મુશ્કેલ : યુરોપ-અમેરિકી માર્કેટ હવે કરશે કમાલ

વાંચક મિત્રો,

નમસ્કાર,

વિતેલા સપ્તાહ દરમ્યાન ભારતીય શેર બજારોમાં તેજી જોવા મળી હતી. લગભગ બધા જ સેક્ટરમાં તેજી જોવા મળી હતી. જેમાં બીએસઈનો સેન્સેક્સ ૭૮૫.૫૪ પોઈન્ટ વધીને ૧૮૭૮૬.૪૫ બંધ રહ્યો હતો. જયારે એનએસઈનો નિફ્ટી આંક ૨૩૫.૨ વધીને ૫૫૩૮.૭૫ બંધ રહ્યો હતો. આમ બજારો સાપ્તાહિક ૪.૪૪ ટકા સુધરીને બંધ રહ્યા હતા.

ગત સપ્તાહે કેન્દ્રિય બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં સરકારે આવનાર ચૂંટણીને ધ્યાનમાં રાખીને બજેટમાં કોઈપણ વધારે ફેરફાર કર્યો નહતો. તેથી બજારમાં થોડું વિશ્વાસનું વાતાવરણ જોવા મળ્યું હતું. અને સેન્સેક્સ તથા નિફ્ટી મનોવૈજ્ઞાનિક સપાટી અનુક્રમે ૧૮૦૦૦ અને ૫૫૦૦ ઉપર બંધ આપવામાં સફળ રહ્યા હતા. ગત સપ્તાહમાં બજારે નેગેટિવ સમાચારોને પણ ડીસ્કાઉન્ટ કરી દીધા હતા. જો કે હવે હજુ પણ માર્કેટમાં થોડું

### પોઈન્ટ બ્લેન્ક



શેખ આસિફ
મો. ૯૭૨૫૦૫૦૫૦૭
yooza_143@yahoo.com

પ્રેશર રહેવાની શક્યતા વધારે છે કારણ કે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો તથા લિબીયાનું સંકટ તથા ઘર આંગણે પેટ્રોલ - ડીઝલના ભાવ વધતા મોંઘવારીમાં પણ વધારો થશે તે વાત ભૂલવી ન જોઈએ. બીજી એક વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે અમેરિકી બજાર સતત વધીને બંધ આવ્યા છે અને હવે અમેરિકી બજારો હવે થોડો થાક ખાતા જોવા મળશે. તેની અસર એશિયન બજારો પર પડશે તથા ભારતીય બજારો પણ તેના માર્ગે ચાલશે.

આવતા સપ્તાહની વાત કરીએ તો આવતા સપ્તાહમાં રોકાણકારોએ ઓઈલ માર્કેટિંગ કંપનીઓમાં વધારે ધ્યાન આપવું કારણ કે પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો આવી શકે છે તેથી ઓઈલ માર્કેટિંગ કરતી કંપનીના સ્ટોકમાં ઉછાળો આવી શકે છે. તથા ગત સપ્તાહમાં સતત વધી ચૂકેલા સ્ટોકમાં થોડું પ્રેશર પણ જોવા મળી શકે છે. અહીં આપેલી ભલામણોમાં લેવલથી ટ્રેડીંગ કરનાર ફાવશે.

અનુસંધાન પા.નં. ૨ ઉપર



## ખટ્ટા-મીઠા સટ્ટા

- નિશેષ જાની (મો) ૦૯૨૨૭૦૬૭૬૬૨

**નમસ્કાર મિત્રો,**

ગયા વખતના અંકમાં સ્પષ્ટપણે કહેલું કે હવે મંદીનો અંત આવવો જોઈએ અને તેજીની શરુઆત નિફ્ટી ૨૦૦ પોઈન્ટ વધીને ૪.૪૩ ટકાનો ઉછાળો બતાવ્યો.

દૈનિક ચાર્ટ પર નાની હાયર ટોપ હાયર બોટમ બનવાની શરુઆત થઈ છે. અને તેની સાથે અગાઉના અંકમાં કહ્યું તે પ્રમાણે ઈન્વર્સ હેડ એન્ડ સોલ્ડર્સની રચના થઈ છે. અને તેની સાથે અગત્યના એવા ૩ મોમેન્ટમ ઈન્ડિકેટર પણ તેજીમાં છે જેવા કે ફોર્સ ઈન્ડેક્ષ, આરએસઆઈ અનેએમએસીડી ઓપ્શન ડેટા પર નજર કરીએ તો ૫૬૦૦ ના સ્ટ્રાઈકના કોલ ઓપ્શનમાં વેચાણ છે અને ૫૪૦૦ના સ્ટ્રાઈકના પુટમાં વેચાણ છે એટલે કે આ લેવલ પાર થતા મોટી ઉથલપાથલ જોવા મળી શકે છે. આવનારા સપ્તાહમાં નીચે મુજબની સ્ટ્રેટેજી ગોઠવી શકાય.

**નિફ્ટી ફ્યુચર :**

નિફ્ટી ફ્યુચર ખરીદી અને તેની સાથે ૫૫૦૦ની સ્ટ્રાઈકનો પુટ ઓપ્શન ખરીદો. ૫૬૦૦ પર બંધ આપતા ૫૯૦૦-૫૯૫૦ નો ટાર્ગેટ જયારે ૫૨૩૦નો સ્ટોપલોસ રાખવો ફરજીયાત છે.

**કેઈર્ન ઈન્ડિયા**

ડીલીવરી બેઈઝ ઘટાડે ખરીદો. સ્ટોપલોસ ૩૨૫

**ટીસીએસ**

ડીલીવરી બેઈઝ ઘટાડે ખરીદો સ્ટોપલોસ ૧૦૮૫

**હિન્દ યુનિલિવર**

ડીલીવરી બેઈઝ ઘટાડે ખરીદો. સ્ટોપલોસ ૨૭૦

## ૫૭૬૭ આસપાસ બજેટ રેલીનો અંત આવશે

શરદ કોટક

# આ સપ્તાહે સોમવારથી બુધવાર સુધીમાં મોટો ઘટાડો આવી જવાની સંભાવના

**પરિબળો :**

ભારતીય શેર બજાર અત્યંત સેન્સેટિવ બજાર રહ્યું છે. નાનકડી અફવા પણ મોટી અસર કરી જતી હોય છે. લિબિયાની રક્ત રંજીત ક્રાતિ, ઈજીપ્તમાં સત્તા પરિવર્તન આ બધું શું આટલેથી જ અટકી જશે ? માર્ચ મહિનો વિશ્વના અનેક દેશો માટે પડકારરુપ બને તેવા ગ્રહયોગો છે. ક્રૂડના પુરવઠા પર વિપરિત અસર, પેટ્રોલના ભાવમાં વધારાથી જીવન જરુરિયાતની દરેક વસ્તુમાં ભાવ વધારો. રાજકીય અસ્થિરતા વગેરે અનેક પરિબળો શેર બજારને અસ્થિર કરશે. ઘર આંગણે કાશ્મીરમાં અશાંતિ સર્જાયેલી રાખવાની પાકિસ્તાન અને ચીનની સંયુક્તપણે મેલી મુરાદ.

ભારતીય અર્થતંત્રને છિન્ન ભિન્ન કરવા મેદાને પડેલા આપણા જ કેટલાંક રાજકીય આગેવાનો બેશરમ બની ગયા છે ત્યારે શેર બજારની સ્થિરતાની આશા કેવી રીતે રાખી શકાય ?

**સોમવારથી બુધવાર સુધીમાં મોટો ઘટાડો ???**

આ લેખ લખી રહ્યો છું તે તા. ૨૪ ફેબ્રુઆરીના મિડલ ઈસ્ટના દેશોમાં હવે શું બજારો તેના પર ચાંપતી નજર વિશ્વના અનેક દેશો રાખી રહ્યા છે સહુને ક્રુડના પુરવઠાની ચિંતા છે. ભારતીય કોર્પોરેટ કંપનીઓએ મીડલ ઈસ્ટના દેશો સાથે કરેલા કરારોથી ઘેરી ચિંતા છે. ભારતમાં રાજકારણીઓ પોતે જ ચિભડા ગળવા

**એસ્ટ્રો ગાઈડ**



**કીર્તિકુમાર બી.શાહ**

**મો. ૯૪૨૮૧૯૨૬૫૯**

મંડે ત્યારે એફઆઈઆઈનો શો ભરોસો રહે ? પરિણામ ? ભારતીય શેર બજાર ગગડયા કરે અને રોકાણકારોના અબજો રુપિયાનું ધોવાણ થતું રહે છે.

આ સપ્તાહ મંદી પ્રધાન સપ્તાહ બનવાના ગ્રહયોગો છે. સોમવારથી બુધવાર સુધીમાં સેન્સેક્સ - નિફ્ટીમાં મોટી પીછેહટ થવાની સંભાવના. ગુરુવાર અને શુક્રવાર દરમ્યાન થોડા સુધારાની શક્યતા

**ટ્રેડીંગ સંભાવના :**

**ઈન્ફોસીસ, વિપ્રો, ઈપ્કા લેબ., અવેન્ટિસ ફાર્મા, આદિત્ય બિરલા નુવો, ગીતાંજલિ, બોમ્બે ડાઈંગ, વિડીયો કોન, બજાજ ઈલેક્ટ્રીકલ્સ, વીઆઈપી ઈન્ડ., ઓએનજીસી, ચેન્નાઈ પેટ્રો, મધરસન સુમી., એજ્યુકોમ્પ, રાષ્ટ્રીય કેમિ. ફર્ટિલાઈઝર, આરસીએફ, નાગાર્જુન ફર્ટી., વેલસ્પન કોર્પ, યુનિટેક, જીએમઆર ઈન્ફ્રા., ટાટા કેમિકલ્સ**

**ફ્યુચર ટ્રેડિંગ : બાટા, એસીસી, જેટ એરવેઝ, મારુતિ, ટીસીએસ, વેલકોર્પ, ભેલ, રિલાયન્સ ઈન્ડ., તાતા પાવર**

**હાઈ રિસ્ક હાઈ પ્રોફીટ :**

**આરઈએલ ઈન્ફ્રા., ડિવિઝ લેબ., ઉષર એગ્રો., ગ્રાસીમ, ઈન્ડિયા ગ્લાયકોન, આધુનિક મેટાલિક, એલ એન્ડ ટી, લક્ષ્મી એનર્જી, સ્ટ્રાઈડ આર્કોલેબ.**

**સ્પેશ્યલ રુખ**

**શેર બજારની રોજીંદી દર માસની રુખ, છ માસ માટેનું સભ્યપદ લીંબડીથી દર મહિને કુરિયર દ્વારા મોકલાય છે. નકલથી સાવધાન**

# ક્રૂડ ઓઈલ અને વૈશ્વિક પરિબળોના લીધે કરેકશન ઓવરડ્યુ થઈ ગયું તેમ લાગે છે

વાચક મિત્રો, વૈશ્વિક પરિબળોને ધ્યાનમાં લેતા લીબીયા, રેમાન તથા ડહેરીનમાં વધતો જતો સત્તા પલ્ટાનો જુવારના લીધે ક્રુડ ઓઈલ દિનપ્રતિદિન વધતું જાય છે. જેના લીધે એક ૧૦ થી ૧૫ ટકા સુધીનું કરેકશન ઓવરડ્યુ થઈ ગયું તેમ લાગે છે. જ્યાં સુધી નિફ્ટી

**ગોલ્ડન સ્પોટ**

**મનીષ પટેલ**

latish_patel@yahoo.co.in

ફ્યુચર ૨૦૦ દિવસની મુવીંગ એવરેજ ૫૬૨૪ ઉપર બંધ ના આવે ત્યાં સુધી નવી મોટી તેજીને અવકાશ આપતો નથી.

**નિફ્ટી ફ્યુચર બંધ : ૫૫૩૫**

૫૫૩૭, ૫૫૬૪, ૫૫૯૨, ૫૬૨૨ના ઉછાળે ૫૬૫૦ના સ્ટોપલોસથી વેચાણ કરવું યા જાળવવું. નીચામાં ૫૪૬૦, ૫૪૭૭ એ ઈન્ટ્રાડે તથા ડેઈલી ચાર્ટની દૃષ્ટિએ મહત્ત્વનો સપોર્ટ છે. તે તુટતા અને તે નીચે બંધ આવતા વધુ ઘટાડા થકી ૫૪૦૪, ૫૩૪૨, ૫૩૦૨, ૫૨૬૪, ૫૨૩૨, ૫૧૭૫ સુધીના ઘટાડાનો અવકાશ મળી રહે છે.

**બેંક નિફ્ટી ફ્યુચર બંધ : ૧૦૯૬૭**

૧૧૦૩૭, ૧૧૧૦૬, ૧૧૧૭૬, ૧૧૨૪૬ સુધીના કોઈપણ પ્રકારના ઉછાળામાં ૧૧૩૭૮ના સ્ટોપલોસથી વેચાણ કરવું યા જાળવવું. નીચામાં ૧૦૭૬૩, ૧૦૮૧૮ એ ખૂબ જ મહત્ત્વનો ઈન્ટ્રાડેની દૃષ્ટિએ સપોર્ટ છે. આ સપોર્ટ તૂટતા અને તેની નીચે સતત બે દિવસ બંધ આવતા વધુ ઘટાડા થકી ૧૦૬૪૮, ૧૦૫૪૨, ૧૦૪૩૨, ૧૦૩૫૪નો વધુ ઘટાડો જોવા મળે. ઉપરમાં ૧૧૨૪૬ ઉપર સતત બે દિવસ બંધ આવે તો વેચાણમાં રહેવું જોખમકારક રહેશે.

**એક્સીસ બેંક ફ્યુચર બંધ ભાવ : ૧૩૨૬**

૧૩૨૬, ૧૩૪૦, ૧૩૫૩ના ઉછાળે ૧૩૮૦ના સ્ટોપલોસથી વેચાણ કરવું યા જાળવવું. નીચામાં ૧૨૬૮, ૧૨૮૭ એ ઈન્ટ્રાડેની દૃષ્ટિએ મહત્ત્વનો સપોર્ટ છે. તે તુટતા અને તે નીચે બંધ આવતા વધુ ઘટાડા થકી ૧૨૪૬, ૧૨૧૮ અને ૧૧૯૬નો ભાવ જોવા મળે.

**એસીસી ફ્યુચર બંધ ભાવ : ૯૬૦**

૯૭૧, ૯૮૨ના ઉછાળે ૯૮૮ના સ્ટોપલોસથી વેચાણ કરવું યા જાળવવું. નીચામાં ૯૪૨, ૯૫૧ એ ઈન્ટ્રાડેની દૃષ્ટિએ મહત્ત્વનો સપોર્ટ છે. તે તુટતા અને તે નીચે બંધ આવતા વધુ ઘટાડા થકી ૯૧૪, ૮૯૮, ૮૭૬નો ભાવ જોવા મળે.

**મારુતી ફ્યુચર બંધ ભાવ : ૧૨૮૪**

૧૩૦૨, ૧૩૧૮, ૧૩૨૯ના ઉછાળે ૧૩૪૮ના સ્ટોપલોસથી વેચાણ કરવું યા જાળવવું. નીચામાં ૧૨૫૦, ૧૨૬૨ એ ઈન્ટ્રાડેની દૃષ્ટિએ મહત્ત્વનો સપોર્ટ છે. તે તુટતા અને તે નીચે બંધ આવતા વધુ ઘટાડા થકી ૧૨૨૭, ૧૨૦૧, ૧૧૬૧નો ભાવ જોવા મળે.

**ચાર્ટ શીખવા માંગતા વાચક મિત્રો komal_1992@ymail.com ઉપર સંપર્કકરો.**

# ક્રૂડના ભાવવધારાને કારણે આ બજારોમાં વેચવાલીનું પ્રેશર રહેવાની શક્યતા

ગયા સપ્તાહમાં બજારે ઘટાડાનો દોર પૂર્ણ કરીને ઘણા ટાઈમ પછી તેજીની ચાલમાં શરુઆત કરી છે. આ ઉછાળો આવનાર સપ્તાહમાં ટકે છે કે નહીં તે ખાસ જોવાનું રહેશે. ચાર્ટ પ્રમાણે ગયા સપ્તાહમાં સોમવારના રોજથી ખરીદીના સંકેત બતાવી રહ્યો હોવાથી ડેઈલી ચાર્ટમાં ઉપરમાં રોજ ના હાઈ બનાવી રહ્યો છે.

**ચાર્ટ અવલોકન :**

**નિફ્ટી (૫૫૪૩) :** ગયા સપ્તાહમાં બજારે પોઝીટીવ સંકેત બતાવ્યા છે. કોઈ મોટી ખરાબી ના આવે તો બજાર ધીમે ધીમે નીચા મથાળેથી ખરીદી કરવાના સંકેત મળે ત્યારે ખરીદી કરવી. પરંતુ એ વાત ચોક્કસ છે કે ઉપરના મથાળે ખાસ ધ્યાનમાં રાખવું. ઉપરના મથાળે નફો કરવાનો જ રહેશે. સ્ટોક પ્રમાણે આગામી ચાલ આવશે. હમણાં ફરીથી નીચા મથાળે વેચાણ કરવા જેવું નથી. ડેઈલી ચાર્ટ તેજીમાં હોવાથી નીચા મથાળે ખરીદીનો વ્યૂહ અપનાવવો. ચાર્ટ પ્રમાણે કામકાજ કરનારને આ બધી જ બાબતો ધ્યાનમાં રાખવાની હોય છે. ખેર, વોલ્યુમનો અભાવ છે. આ અભાવને કારણે આ બજારોમાં ઉપરના મથાળેથી વેચવાલી આવવાની શક્યતા રહેલી છે. નિફ્ટીમાં ઉપરમાં ૫૬૬૩ મહત્ત્વની પ્રતિકારક સપાટી રહેશે નીચામાં ૫૪૮૫ મહત્ત્વની સપાટી રહેશે. જ્યારે પ્રિવોટ ૫૩૭૦ નીચે બંધ ના આવે ત્યાં સુધી મોટા ઘટાડાની જગ્યા નથી.

**ટાટા સ્ટીલ (૬૧૬) :** આ શેર ગયા સપ્તાહમાં ૬૩૫ના રાઈટ રેજીસ્ટન્સ લેવલથી પાછો ફર્યો છે. ઘટાડાની જગ્યા નહીંવત છે. નીચામાં ૬૧૩નો સ્ટ્રોંગ સપોર્ટનું કામ કરશે. ૬૧૩ ઉપર લઈને જ વેપાર કરવો. ઉપરમાં ૬૩૦ મહત્ત્વની સપાટી રહેશે. આ સપાટી કૂદાવતા ઝડપથી મોટી તેજીના ઝોનમાં પડશે.

**ટેકનો વ્યૂ**



**રમેશ વાટલિયા**

**મો. ૯૮૯૮૧૧૫૪૮૮**

www.rameshvatalia.com

નીચામાં ૬૦૮ તૂટતાં તેજીનો વેપાર હળવો કરવો.

**રિલાયન્સ ઈન્ફ્રા. (૬૦૪) :** આ શેરમાં આપણે વારંવાર જણાવીએ છીએ. ખૂબ ચાર્ટ મંદી તરફીનો છે જેથી દરેક ઉછાળા છેતરામણા રહેશે. હાઈલી ઓવરસોલ્ડમાં હોવાથી નીચા મથાળેથી ઉછાળા આવશે. ઉપરના મથાળેથી વેચવાલી આવ્યા કરશે. નવી તેજી કરવા માટે ૬૪૯ ભાવ કૂદાવવો જરુરી છે. નીચામાં ૫૯૦ અગત્યની સપાટી રહેશે. ટૂંકમાં આ શેરમાં રોકાણથી દૂર રહેવામાં શાણપણ રહેશે.

**ડાઉ જોન્સ (૧૨૧૫૨) :** ડાઉ જોન્સ ૧૩ સપ્તાહથી તેજીની લાઈનમાં સતત આગળ વધી રહ્યો હતો. ઉપરમાં ૧૨૩૭૫ નું મથાળું બનાવીને તેજીની ચાલ પૂર્ણ કરીને કરેક્શનની ચાલના સંકેત આપી દીધા છે. ગયા સપ્તાહમાં નબળાઈ બતાવવાની શરુઆત કરી દીધી છે. ઉપરમાં ઉછાળા થકી૧૨૨૦૦ સાપ્તાહિક પ્રિવોટની સપાટી રહેશે. ૧૨૩૨૦ મહત્ત્વની પ્રતિકારક સપાટી રહેશે. નીચામાં ૧૧૯૭૦ સપાટી તૂટતાં ઝડપથી આગળ વધશે.

**સ્ટેટ બેંક (૨૬૯૭) :** આ શેરમાં બે સપ્તાહથી નબળાઈની ચાલ યથાવત છે. આ શેર જ્યાં સુધી તેજી ના પડે ત્યાં સુધી બજાર તેજી આવવી ના મુમકીન છે. ખેર સાપ્તાહિક પિવોટ ૨૬૪૦ મહત્ત્વનો રહેશે. ઉપરમાં ૨૭૫૫ની સપાટી નજીકની રહેશે. દૂરમાં ૨૭૯૦ની સપાટી રહેશે.

**ટાટા મોટર્સ (૧૧૬૬) :**

આ શેરમાં ક્રૂડના ભાવ વધારાને કારણે નફારુપી ઉપરના મથાળેથી વેચવાલી આવ્યા કરે છે. ખેર, ઉપરમાં ૧૨૨૦ મહત્ત્વની સપાટી રહેશે. સાપ્તાહિક પિવોટ ૧૧૦૦ મહત્ત્વનો રહેશે. આ સપાટી ખૂબ જ અગત્યની રહેશે. ૧૨૫૦ની ખૂબ જ સ્ટ્રોંગ સપાટી રહેશે.

**ઈન્ફોસીસ (૩૦૬૬) :**

આ શેરમાં આઠ સપ્તાહથી નબળાઈ બતાવી રહ્યો છે. કોઈ તેજીના સંકેત બતાવતું નથી. ઉપરમાં ૩૧૨૫ સુધી ઉછાળો આવી શકે છે. નીચામાં સાપ્તાહિક પિવોટ ૩૦૬૦ અગત્યની સપાટી રહેશે.

# ક્રૂડની વેચવાલી તેજીના પવનને વેગ આપશે

વાચક મિત્રો,

ગત સપ્તાહમાં માર્કેટમાં તેજીની ચાલ જોવા મળી હતી. ખાસ કરીને નિફ્ટી બેઝ સ્ક્રીપ્ટમાં લેવાલી જોવા મળી હતી. ગત સપ્તાહમાં બજેટ આપવામાં આવ્યું હતું. પરંતુ બજેટમાં કોઈ પ્રકારના ખાસ ટેક્ષ ન નાખતા અને કોઈ નવા ફાયદા પણ જોવા મળ્યાન હતા. આમ જોઈએ તો બજેટમાં કોઈ લાંબી તફાવત ગત બજેટ કતા વધુ જોવા મળી ન હતી. નેખ માર્કેટની ગાડી લયમાં ચાલતી જોવા મળ્યો ન હતો. આવનાર સપ્તાહમાં માર્કેટમાં સાઈડ જાતોમાં તેજી જોવા મળશે. પરંતુ માર્કેટને ક્રૂડ ઓઈલનો વધારો માથાનો દુખાવો સાબિત થઈ શકે છે. છતાં માર્કેટ પોઝીટીવ ઝોનમાં જોવા મળશે. લિબિયા ૦.૨ ટકા ક્રૂડ સપ્લાય કરે છે તેમ લિબીયાના નામે ક્રૂડમાં સટ્ટો જોવા મળ્યો હતો. હવે ક્રૂડમાં પણ ગમે ત્યારે વેચવાલી જોવા મળશે. જે તેજીના પવનને વેગ આપશે જેમાં કોઈ શંકાને સ્થાન નથી.

**(૧) અબાન (૫૮૫.૩૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૫૭૮** અને દૂરના **૫૭૧** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૫૯૩** આ ઉપર **૬૦૪** આ ઉપર **૬૧૭** થી **૬૨૩** નો ભાવ જોવા મળે.

**(૨) ઈન્ફોસીસ (૩૦૬૨.૯૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૩૦૫૫** અને દૂરના **૩૦૪૮** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૩૦૭૧** આ ઉપર **૩૦૮૫** આ ઉપર **૩૦૯૮** થી **૩૧૧૪** નો ભાવ જોવા મળે.

**(૩) ડીવીઝ લેબ. (૬૧૫.૫૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૬૧૦** અને દૂરના **૬૦૪** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૬૨૨** આ ઉપર **૬૩૧** આ ઉપર **૬૪૪** થી **૬૫૨** નો ભાવ જોવા મળે.

**(૪) રિલા. ઈન્ફ્રા. (૬૦૬.૩૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **૬૦૧** અને દૂરના **૫૯૫** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૬૧૪** આ ઉપર **૬૨૩** આ ઉપર **૬૩૬** થી **૬૪૭** નો ભાવ જોવા મળે.

**(૫) મારુતિ (૧૩૧૩.૭૫) :-** આ

**બેસ્ટ ટીપ્સ**



**રૂપેશ શાહ**

**મો. ૯૪૨૮૭૩૨૫૭૨**

rup947@yahoo.co.in

સ્ક્રીપમાં નજીકના **૧૩૦૬** અને દૂરના **૧૨૯૮** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૩૨૦** આ ઉપર **૧૩૩૦** આ ઉપર **૧૩૪૨** થી **૧૩૫૮** નો ભાવ જોવા મળે.

**(૬) ટાટા પાવર (૧૨૧૮.૩૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૧૨૧૧** અને દૂરના **૧૨૦૦** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૨૩૦** આ ઉપર **૧૨૩૯** આ ઉપર **૧૨૫૨** થી **૧૨૬૫** નો ભાવ જોવા મળે.

**(૭) અલ્ટ્રાટેક (૧૦૦૭.૦૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **૧૦૦૨** અને દૂરના **૯૯૫** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૦૧૩** આ ઉપર **૧૦૨૧** આ ઉપર **૧૦૩૦** થી **૧૦૪૪** નો ભાવ જોવા મળે.

**(૮) ભેલ (૨૦૮૫.૦૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૨૦૭૮** અને દૂરના **૨૦૭૦** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૨૦૯૩** આ ઉપર **૨૧૦૨** આ ઉપર **૨૧૧૬** થી **૨૧૩૦** નો ભાવ જોવા મળે.

**(૯) બજાજ ઓટો (૧૩૭૭.૬૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **૧૩૬૮** અને દૂરના **૧૩૬૧** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૩૮૫** આ ઉપર **૧૪૦૨** આ ઉપર **૧૪૨૩** થી **૧૪૩૮** નો ભાવ જોવા મળે.

**(૧૦) ટીસીએસ (૧૧૩૪.૫૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૧૧૨૭** અને દૂરના **૧૧૧૮** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૧૪૨** આ ઉપર **૧૧૫૬** આ ઉપર **૧૧૬૩** થી **૧૧૭૫** નો ભાવ જોવા મળે.

**(૧૧) એચપીસીએલ (૩૨૯.૨૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **૩૨૩** અને દૂરના **૩૧૭** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૩૩૬** આ ઉપર **૩૪૩** આ ઉપર **૩૪૯** થી **૩૫૭** નો ભાવ જોવા મળે.

**(૧૨) બૅંક ઓફ ઈન્ડિયા (૪૬૦.૩૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૪૫૫** અને દૂરના **૪૪૮** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૪૬૫** આ ઉપર **૪૭૨** આ ઉપર **૪૮૦** થી **૪૮૭** નો ભાવ જોવા મળે.

**(૧૩) વિપ્રો (૪૪૧.૬૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૪૩૬** અને દૂરના **૪૨૯** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૪૪૮** આ ઉપર **૪૫૫** આ ઉપર **૪૬૩** થી **૪૭૨** નો ભાવ જોવા મળે.

# આવનાર સપ્તાહમાં નિફ્ટી ૫૬૩૦ અને ૫૪૩૫ ખૂબ જ મહત્ત્વના લેવલ ત્યાંથી માર્કેટની દિશા બદલાઈ શકે છે

**નિફ્ટી (૫૫૩૮)**

મિત્રો બજેટ આવીને ગયું પણ આપણે બધાએ એક વાત તો માનવી જ

**DHANWIN- "WINNER'S CHOICE"**



**હિમાશું જાની**

**મો. ૯૭૨૬૮૦૦૬૦૦**

email: dhanwinvestnents@gmail.com

WWW.DHANWIN.COM

પડશે કે સ્ટોક માર્કેટ હોય કે કોઈપણ ફાઈનાન્શિયલ માર્કેટ હોય કે ટેકનીકલ પર જ કામ કરૈ છે ગમે તેટલા ફન્ડામેન્ટલ સ્ટોક્સના સારા હોય પણ જ્યાં સુધી ઈએમએ ઈન્ટરેસ્ટ નહીં આવે ત્યાં સુધી એમાંનું કાંઈ થવાનું નથી. આ સેન્ટીમેન્ટ ઉપર ચાલતું બજાર છે જ્યાં સુધી બજાર લોભ અને ભય પર ચાલશે ત્યાં સુધી બજારમાં ટેકનીકલ કામ કરશે. હવે નિફ્ટીમાં ઉછાળો બજેટ પાછળ આવ્યો કે પછી બજાર ૫૬૦૦ સુધી જવાનું જ હતું ને બજેટ આવ્યું એમ કહી શકાય. હવે બજેટમાં હજુ પણ એવું કંઈ ખાસ નથી આવ્યું. એક્સાઈસ ડ્યુટી ના કારણે ઓટો સેક્ટરને ફાયદો થયો છે. હજું પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે બધા જ વાતો કરે છે પણ સ્ટોકમાં કંઈ દેખાતું નથી. પરંતુ આઈડીએફસી, એલએન્ડટી અને આરઈસી અમારા ટોપ પીક છે હજુ પણ આ સ્ટોક્સમાં શોર્ટ ટર્મ ટ્રેડીંગ કરી શકાય.

હવે મિત્રો નિફ્ટીની વાતકરીએ તો આપણે વાત થઈ હતી કે નિફ્ટી રેન્જ ૫૩૫૦-૫૫૫૦ ની રહેશે અને જો બજાર બહુ જ ખરાબ આવ્યું તો નિફ્ટી ૫૧૦૦ સુધી જઈ શકે છે. આવનાર સપ્તાહમાં શું ?? મિત્રો નિફ્ટી રેન્જ હજુ પણ મને તો ૫૩૫૦-૫૫૦૦ ની ૨૦૦ પોઈન્ટની રેન્જમાં લાગે છે હવે ૫૪૩૦ -૫૪૫૦ નજીકનો સપોર્ટ અને ૫૬૩૦ ખૂબ જ મહત્ત્વનું લેવલ જોવાનું રહ્યું કે બજાર શું કરે છે બજાર ૨૦૦ પોઈન્ટની રેન્જમાં રહીને કન્સોલિડેશન કરે એ ખૂબ જ મહત્ત્વનું છે.

**પોઈન્ટ બ્લેન્ક પા.નં. ૧ નું ચાલુ**

**એલઆઈટીએલ (લેન્કો ઈન્ફ્રા) બંધ ભાવ (૩૬.૯૫)**

લાન્કો ઈન્ફ્રાએ વેસ્ટ ઓસ્ટ્રેલિયામાં કોલ માઈન્સમાં ૭૩૦ મિલિયન ડોલર ઈન્વેસ્ટમેન્ટનો પ્લાન બનાવ્યો છે જેથી આ કંપની અન્ય ભારતીય કંપની કરતા પ્રથમ એવી ભારતીય કંપની બની ગઈ છે કે જેણે આટલું મોટું મૂડી રોકાણ કર્યું હોય. લેન્કો ઈન્ફ્રા ફન્ડામેન્ટલી પણ સારો સ્ટોક છે. તેથી આ સ્ટોકમાં ૩૪ના સ્ટોપલોસે લેણ કરવું. ઉપરમાં ૪૦- અને ૪૦ કૂદાવતા ૪૫ સુધી જઈ શકે છે.

**ચેન્નાઈ પેટ્રો બંધ ભાવ (૧૯૨.૨૦)**

આવનાર સપ્તાહમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારશે તેથી તેવી કંપનીઓમાં ઉછાળો આવવો શક્ય છે. તેથી ચેન્નાઈ પેટ્રો માં ઘટાડે લેણ કરવું હિતાવહ રહેશે. આ સ્ટોકમાં ૧૮૫ના સ્ટોપલોસે લેણ કરવું. ૧૮૪ તૂટતા અને તેની નીચે બંધ આવતા સ્ટોક મંદીમય બની શકે છે. તેથી ૧૮૪ તૂટતા આ સ્ટોકમાં શોર્ટ સેલ કરી શકાય. તથા નીચેમાં ૧૭૫ સુધી જઈ શકે છે અને ઉપરમાં ૨૦૦-૨૧૦ સુધી જવાની શક્યતા છે.

**જીવીકે પાવર બંધ ભાવ (૨૬.૯૫)**

આ સ્ટોકમાં એવી ખબર છે કે તે મુંબઈ એરપોર્ટના તેના પ્રોજેક્ટમાં ૧૩.૫ ટકા હિસ્સો વધારી શકે છે અને તેની ગ્રુપ કંપની બીડવેસ્ટ ગ્રુપમાં ૨૮૭ મિલિયન યુએસડી ડોલર ફંડનો વધારો કર્યો છે. આમ આ સ્ટોકમાં પ્રમોટરોનો હિસ્સો વધીને ૫૦.૫ ટકા થયો છે. આ કરારથી તેને વધારાનું ઋણ લેવા જવાની જરુર નથી અને આવનાર ત્રણ વર્ષમાં તેને આ પ્રોજેક્ટ પુરો કરવા માટે મૂડીની જરુર નહીં પડે તેથી આ સ્ટોકે ૩ ટકાનો ઉછાળો દર્શાવ્યો હતો. હવે આ સ્ટોકમાં થોડું પ્રેશર જોવા મળે છે. તેથી આ સ્ટોકમાં શોર્ટ સેલ કરી શકાય. ૨૭.૮૦ના સ્ટોપલોસે ૨૫નો ટાર્ગેટ રાખી શકાય.

**સિન્ડીકેટ બૅંક બંધ ભાવ (૧૧૫.૨૦)** બેંકિંગ સ્ટોક આમ પણ સારો દેખાવ કરી રહેલ છે તેથી આ બેંકિંગ સ્ટોકમાં પણ આગળ ઉપર તેજી જોવા મળી શકે છે. આ સ્ટોકમાં ૧૦૮ના સ્ટોપલોસ સાથે ખરીદ કરી શકાય ઉપરમાં ૧૨૨-૧૨૮ સુધી જવાની શક્યતા છે.

# ભારતના બજારો સુપર સાઈકલ વેવ-૨ માં છે

નમસ્કાર મિત્રો,

આ વખતના અંકમાં આપણે ભારતીય શેર બજારની ઈલિયોટ વેવની નોર્મલ અને સુપર સાઈકલની વિગતે ચર્ચા કરીશું.

જેવી રીતે શેરનાં ભાવ હાલ ઘટી રહ્યા છે તેવી રીતે એવું લાગે છે ભારતના બજારમાં લાંબાગાળાનો મંદીનો ટ્રેન્ડ શરુ થયો છે તે આવનાર વર્ષો સુધી ચાલશે પણ એવું નથી હાલના તબક્કામાં આપણા બજારો સુપર સાઈકલ વેવ-૨ માં છે જે અત્યંત જોખમી અને ખુવારી નોતરનારો સાબિત થાય છે. માટે નાના રોકાણકારો ખૂબ જ સાચવીને અત્યંત લાંબાગાળા માટે સારી કંપનીમાં રોકાણ કરે તે હિતાવહ છે.

આ સુપર સાઈકલનો વેવ-૨ પુરો થશે ત્યાર બાદ ખૂબ જ લાંબાગાળાની તેજીમાં બજારો આવશે. માટે રોકાણકારો પોતાની મૂડી સારી કંપનીમાં આવતા પાંચ વર્ષમાં રોકાણ કરે તો સારું વળતર મળશે.

**(એ) નોર્મલ ડિગ્રી વેવ (૨૦૦૩ થી ૨૦૦૮ સુધી)**

વેવ-૧ ૨૯૦૪ થી ૬૨૪૯.

વેવ -૨ ૬૨૪૯ થી ૪૨૨૮

વેવ-૩ ૪૨૨૮ થી ૧૨૬૭૧

વેવ -૪ ૧૨૬૭૧ થી ૮૭૯૯

વેવ-૫ ૮૭૯૯ થી ૨૧૨૦૬

વેવ -એ ૨૧૨૦૬ થી ૮૦૪૭

વેવ-બી ૮૦૪૭ થી ૨૧૧૦૮

વેવ-સી ૨૧૧૦૮ થી ૧૬૧૭૨ - ૧૪૬૧૭-૧૩૦૬૨ સુધીની સંભાવના

**પેનિક એન્ડ પ્રોફીટ**



**નિશેષ એમ. જાની**

**મો. ૯૩૭૬૮૫૮૨૮૪**

**(બી) સુપર સાઈકલ ડિગ્રી વેવ (૨૦૦૩ થી શરુ થયો)**

વેવ-૧ ૨૯૦૪ થી ૨૧૨૦૮.

વેવ -૨ ૨૧૨૦૬ થી ૮૦૪૭ (વધારેમાં વધારે ઘટે તો જ)

વેવ-૩ ૮૦૪૭ થી ૩૨૫૧૬ (સંભવિત)

વેવ -૪ ૩૨૫૧૬ થી ૨૧૨૦૬ (સંભવિત)

વેવ-૫ ૨૧૨૦૬ થી ૫૦૮૧૮ (સંભવિત)

સુપર સાઈકલ વેવ મુજબ જોઈએ તો હાલના તબક્કે આપણે હજું વેવ-૨ એટલે કે કરેક્ટીવ વેવમાં છીએ અને વધારે તેજી ઓલ ટાઈમ હાઈ એટલે કે વેવ-૧ ની ટોપ પાર થતા જોવા મળે. ઉપરના વેવ સ્ટ્રક્ચર પરથી આપણે

**ઘટાડે ૧૬૦૦૦ - ૧૪૦૦૦-૧૩૦૦૦ ના લેવલમાં લાંબાગાળા માટે ખરીદી કરો અને ૩૨૦૦૦ અને ૫૦૦૦૦ના લેવલો જોવા મળશે**

આવનારા વર્ષમાં સેન્સેક્સનો ૩૨,૦૦૦ અને ૫૦,૦૦૦ નો ટાર્ગેટ રાખી શકીએ.

લાંબાગાળાના રોકાણકારો હાલના તબક્કે સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટના પ્લાનથી બજારમાં રોકાણ કરે તો ફાયદો થવાની શક્યતા વધી જશે.

**શેર બજારની રોજની અપડેટેડ વિગતો માટે વેબસાઈટ www. theeconomicrevolution.com જોતા રહો**

# વધતો જતો ક્રુડનો ભાવ, ચિંતાનું કારણ

**તા. ૦૫/૦૩/૨૦૧૧**

**બીજા અરેબીયન દેશોમાં પ્રસરી રહેલ લોક ક્રાંતિ**

હવે મોટો પ્રસંગ યુનિયન બજેટ પૂર્ણ થયેલ છે અને બજાર જે રીતે અપેક્ષા રાખતું હતું તેમ તે વધુ નુકશાનકારક ન હતું.બજારે રાહતનો દમ લીધો અને રેલીની શરુઆત કરી. જો કે રેલી નવી ખરીદી કરતાં શોર્ટ કવરીંગને વધુ આભારી છે. બજેટ આવ્યું અને બજારે તે પચાવી પણ જાણ્યું અને હવે તે બજારની આગામી દીશા માટે આનુસંગિક પાસાં જેવાં કે ક્રુડ તેલના ભાવ અને આંતર રાષ્ટ્રિય દોરવણી પર આધાર રાખી રહેલ છે. લીબીયામાં થયેલ ક્રાંતિ હવે તેના પડોશી દેશો જેવા કે બહેરીન અને સાઉદી અરેબિયામાં પ્રસરી રહેલ છે. પરિણામે ક્રુડ તેલના ભાવ બેરલ દીઠ ૧૦૬ ડોલરની સપાટીને આંબી ગયેલ છે. આ સમાચાર આપણા




**ફાયનાન્સિયલ જંગલનો શહેનશાહ રોકાણકારોના હિત માટે સમર્પિત**

દેશના અર્થતંત્ર જેવા ઉભરતા અર્થતંત્ર માટે સારા તો નથી જ. પરિણામે બજાર ઉંચી પ્રતિકારક સપાટી વટાવવામાં મુશ્કેલી અનુભવી રહેલ છે.

**બજેટ એટલું બધું નકારાત્મક નથી**

કેન્દ્રમાં નવાં ઉભરતાં કૌભાંડોને કારણે

> **લિબીયામાં થયેલ ક્રાંતિ હવે તેના પડોશી દેશો જેવા કે બહેરીન અને સાઉદી અરેબિયામાં પ્રસરી રહેલ છે. પરિણામે ક્રુડ તેલના ભાવ બેરલ દીઠ ૧૦૬ ડોલરની સપાટીને આંબી ગયેલ છે**

બદલાતાં સમિકરણોને કારણે રહેલ રાજકીય અસ્થિરતા, વધતા જતા ક્રુડના ભાવ (હવે ત્રણ આંકડામાં), ઈજીપ્ત અને લીબીયામાં રાજકીય અસ્થિરતા અનેલોક ક્રાંતિ, જે હવે બહેરીન અને સાઉદી અરેબિયા સુધી ફેલાયેલ છે, એફ આઈ આઈ દ્વારા બજારમાંથી ખેંચાતો નાણાકીય પ્રવાહ વગેરેનો વિચાર કરીએ તો જણાય છે કે કેન્દ્રિય બજેટ સહેલાઈથી પ્રસ્તુત કરી શકાય તેવો આ સમય જ ન હતો. આવા પડકારજનક સમયમાં અપેક્ષાઓ બહુ જ ઓછી હોય. બજેટ રજૂ થયું, જે ખૂબ નકારાત્મક ન હતું અને તેથી ખાસ કરીને બજારને હાનીકર્તા ન હતું. ફરી એક વાર નાણા પ્રધાનશ્રી રિફોર્મ્સ અને ડીઈન્વેસ્ટમેન્ટ મોરચો ચુકી ગયા છે તે જોતાં બજેટમાં કંઈ ખૂટે છે.

**નાણા પ્રધાનશ્રી ફૂગાવો અને વિકાસ વચ્ચે સારી ચાલ ચાલ્યા છે**

હકારાત્મક બાબત એ છે કે નાણામંત્રીશ્રી રાજકોશિય ખાદ્ય ૪.૬ ટકા જેટલી નીચી લાવ્યા છે, જે બજારની અપેક્ષા કરતાં ઘણી ઓછી છે. જો સબસીડીનું દબાણ ઓછું કરવામાં આવે તો તેમ જ ફયુઅલના ભાવ વધારવામાં આવે તો તેને પહોંચી વળાય તેમ છે. નાણા મંત્રીશ્રીએ ફૂગાવાની ચિંતાને હલ કરવા માટે પગલાં લીધાં છે અને આવતા વર્ષે તેને નીચે લાવવાનો લક્ષાંક પણ રાખેલ છે અને તે પણ વિકાસ સાથે કોઈ સમાધાન કર્યા વગર. ટૂંકમાં તેઓએ ફૂગાવાનું નિયંત્રણ અને વિકાસ વચ્ચે સમતોલન જાળવેલ છે, સાથોસાથ રાજકોશિય ખાદ્ય પણ ઓછી કરવા પ્રયત્ન કરેલ છે.આ સાથે નાણા પ્રધાનશ્રીએ આવેલી તક બે હાથે સજ્જડ પકડી લીધી છે અને આર્થિક મરામતનો રસ્તો દેખાડતા બજેટ સાથે બહાર આવ્યા છે જે રસ્તો હતો નહીં અને કરવો જોઈતો હતો. જો કે આ મોટા પ્રસંગ પછી બજાર ફરી હવે તેના આંતરિક અને વૈશ્વિક બજારો તરફથી મળતા દીશાસૂચનને અનુસરશે.

**ટેકનીકલ વાત**

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૧૭૮૧૧ પોઈન્ટથી થઈ, ૧૮૭૩૬ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૧૭૭૧૮ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૧૮૪૮૬ પોઈન્ટ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો.આ રીતે સેન્સેક્ષે સાપ્તાહિક ધોરણે ૭૮૬ પોઈન્ટની વૃધ્ધિ દર્શાવી.

આ જ રીતે નિફ્ટીએ પણ સપ્તાહની શરૂઆત ૫૩૩૦ પોઈન્ટથી કરી, ૫૬૦૮ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૫૩૦૮ પોઈન્ટની ની નિમ્ન સપાટી દર્શાવી અને ૫૫૩૮ ઉપર બંધ આપ્યો. આ રીતે નિફ્ટીએ પણ સાપ્તાહિક ધોરણે ૨૩૫ પોઈન્ટની વૃધ્ધિ દર્શાવી.

બંને ઈન્ડેક્ષોએ દૈનિક ચાર્ટ પર મીટીંગ લાઈન્શ બેરીશ રિવર્સલ પેટર્નની રચના કરેલ છે, ગુરુવારે સફેદ બોડીની કેન્ડલની રચના કરેલ છે, જયારે શુક્રવારે બજાર ઉપર તરફની મોટી ગેપ સાથે ખુલેલ છે અને પછી નીચી સપાટીએ આવી બ્લેક બોડી કેન્ડલની રચના કરેલ છે. બંને દિવસોએ સમાન બંધ આપેલ છે અને તેથી મીટીંગ લાઈન ફોર્મેશનની રચના થયેલ છે. સાપ્તાહિક ચાર્ટ પર, મોટી સફેદ બોડીની કેન્ડલ રચાયેલ છે જે ગત સપ્તાહે રચાયેલ સ્ટીક સેન્ડવીચ ફોર્મેશને અનુમોદન આપવાનું કાર્ય કરે છે, તેથી એક બાજુ દૈનિક ચાર્ટ પર મંદીમય રિવર્સલ પેટર્નની રચના થયેલ છે અને સાપ્તાહિક ચાર્ટ પર તેજીમય રિવર્સલ પેટર્નની રચના થયેલ છે. આવા સમયે તે બેમાંથી મજબૂત એટલે કે લાંબા સમયની રચાયેલ પેટર્ન પોતાની જાતે ટૂંકા સમયગાળા માટે રચાયેલ પેટર્નનો અમલ કરે છે. તેથી લાંબાગાળાની પેટર્ન ટૂંકા ગાળાની પેટર્નનો અમલ કરે ત્યાં સુધી બજારમાં કેટલિક ચંચળતા જોવા મળશે.

મુવીંગ એવરેજ એનાલીસીસ સૂચવે છે કે લાંબા ગાળાની અને મધ્યમ ગાળાની રૂખ નિમ્નમૂખી ચાલ જ રહેશે જયારે ટૂંકા ગાળાની રૂખ ઉપર તરફ વળાંક લેશે.બજાર ૨૦૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૮૮૩૫ અને નિફ્ટી ૫૬૫૩) નીચે તેમ જ ૫૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૮૮૬૩ અને નિફ્ટી ૫૬૫૧) નીચે ટ્રેડ થઈ રહેલ છે. તેથી લાંબા તેમ જ મધ્યમ ગાળાની રૂખ નિમ્નમૂખિ છે. બજારે ૨૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૮૦૭૯ અને નિફ્ટી ૫૪૧૧) ઉપર બંધ આપેલ છે અને પરિણામે ટૂંકાગાળાની રૂખ ઉર્ધ્વમૂખી બનેલ છે.

બંને ઈન્ડેક્ષો તેની પ્રતિકારક સપાટીના ગાળા પર હુમલો કરી રહેલ છે, જો કે ત્રીજા આક્રમણે પણ બજાર તેની પ્રતિકારક સપાટીના ગાળા ઉપર બંધ આપવામાં નિષ્ફળ નિવડેલ છે. આ ઝોન સેન્સેક્ષમાં (૧૮૫૫૯-૧૮૫૮૨) ૨૦૬૬૪ થી ૧૭૨૯૫ના મધ્યમ ગાળાના ઘટાડાના ૩૮.૨ ટકાએ તેમ જ ૧૯૩૪૦ થી ૧૭૨૯૫ ના ટૂંકા ગાળાના ઘટાડાના ૬૧.૮ ટકાએ ઉદ્ભવેલ છે.નિફ્ટી માટે આ ઝોન (૫૫૬૧-૫૫૬૩) ૬૧૮૧ થી ૫૧૭૭ ના મધ્યમ ગાળાના ઘટાડાના ૩૮.૨ ટકાએ તેમ જ ૬૧૮૧ થી ૫૧૭૭ ના ટૂંકા ગાળાના ઘટાડાના ૬૧.૮ ટકાએ ઉદ્ભવેલ છે. આ રીતે કોઈ પણ ઉર્ધ્વગતિ શરુ કરતાં,

> **સેન્સેક્ષ માટેની ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૧૮૮૩૯ છે જયારે ટ્રેન્ડલાઈન ટેકાની સપાટી ૧૭૪૦૫**

એ જરુરી છે કે બજાર આ પ્રતિકારક સપાટીના ગાળા ઉપર બંધ આપે.

કદાચ જો બજાર હાલનો પ્રતિકારક સપાટીનો ગાળો વટાવવામાં સફળ બને તો તેણે ૫૦ ડી એમ એ, ૨૦૦ ડી એમ એ અને તે સમયની ટ્રેન્ડલાઈન દ્વારા સર્જાયેલ પ્રતિકારક સપાટીના ગાળાનો સામનો કરવો પડશે. સેન્સેક્ષ માટેની પ્રતિકારક સપાટીનો ગાળો ૧૮૮૩૫-૧૮૮૬૩ અને નિફ્ટી માટે પ્રતીકારક સપાટીનો ગાળો ૫૬૪૩-૫૬૫૩ છે. મધ્યમ તેમ જ લાંબા ગાળાની મુવીંગ એવરેજ આ ઝોનમાં હોવાથી આ ગાળો લીટમસ ટેસ્ટ તરીકે વર્તશે. આ ઉપર આવેલ કોઈ પણ બંધ માત્ર મધ્યમ ગાળાની રુખ હકારાત્મક નહીં કરે પરંતુ લાંબા ગાળાની રૂખ પણ હકારાત્મક કરશે.

એ શકય છે કે પ્રતિકારક સપાટીના ગાળાને સ્પર્શ કર્યા પછી બંને ઈન્ડેક્ષ નીચે તરફ સરકે. આ પછી બંને ઈન્ડેક્ષો તેમની બનાવેલ તળિયાની સપાટી એટલે કે સેન્સેક્ષમાં ૧૭૨૯૫ અને નિફ્ટીમાં ૫૧૭૭ની સપાટીને સ્પર્શ કરે. મંદીમય બજારમાં, મોટે ભાગે તળિયાની સપાટી તૂટતી હોય છે અને જો આમ બને તો આપને નીચેની ટેકાની સપાટી સાંપડે. તેથી જો આપણે મધ્યમ ગાળાની વૃધ્ધિ સેન્સેક્ષમાં સેન્સેક્ષમાં ૧૩૨૧૯-૨૧૧૦૮ અને નિફ્ટીમાં ૩૯૧૮ - ૬૩૩૮ નો વિચાર કરીએ તો, રિટ્રેસમેન્ટ સપાટી સેન્સેક્ષમાં ૧૮૦૯૪-૧૭૧૬૩-૧૬૨૩૩ અને નિફ્ટીમાં ૫૪૧૪-૫૧૨૮-૪૮૪૨ આવે. જો આપણે સળંગ વૃધ્ધી એટલે કે સેન્સેક્ષમાં ૭૬૯૭ થી ૨૧૧૦૮ અને નિફ્ટીમાં ૨૨૫૨ થી ૬૩૩૮નો વિચાર કરીએ તો, કરેકશન સપાટી સેન્સેક્ષમાં ૧૫૯૮૫-૧૪૪૦૨-૧૨૮૨૦ અને નિફ્ટીમાં ૪૭૭૭-૪૨૯૫-૩૮૧૩ આવી શકે. આ રીતે, જો સેન્સેક્ષની ૧૭૨૯૫ અને નિફ્ટીની ૫૧૭૭ ની નીચેની સપાટી તૂટે તો સેન્સેક્ષ તેની ટેકાની સપાટીનો ગાળા ૧૬૨૩૩-૧૫૯૮૫ અને નિફ્ટી તેની ટેકાની સપાટીના ગાળા ૪૮૪૨-૪૭૭૭ ને સ્પર્શી શકે.

સંકેતકો મિશ્ર ચિત્ર ઉભું કરી રહેલ છે. એમ એ સી ડી નકારાત્મક ટેરીટરીમાં હોવા છતાં ખરીદીના સંકેત આપી રહેલ છે. આર ઓ સી હકારાત્મક છે અને તેથી તે બાય મોડમાં છે. આર ઓ સીએ પર સુધી વધેલ છે અને ખરીદીના સંકેત આપી રહેલ છે. સ્ટોકેસ્ટિક ઓસીલેટરે પણ બાય મોડમાં છે અને % કે % ડી ઉપર છે, %કે

અનુસંધાન પા.નં. ૫ ઉપર

## સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 5210 | 5329 | 5431 | 5538 | 5629 | 5714 | 5801 |
| Sensex | 17394 | 17819 | 18135 | 18486 | 18779 | 19074 | 19340 |

## ગત સપ્તાહની ભલામણો પર એક નજર

**ફરી એક વાર મોટા ભાવના લક્ષાંકો સાધ્ય થયેલ છે, સિવાય કે એજયુકોમ્પ કે જે થોડા માટે લક્ષાંક ચૂકી ગયો. આ સપ્તાહનો સ્ટાર પર્ફોમર ત્રિવેણી એન્જીનીયરીંગ હતો કે જે ૨૨ ટકા વધ્યો હતો.**

| STOCK | Reco. Price | Tgt | Reached | Lot Size | Profit |
|---|---|---|---|---|---|
| SBuy Pantaloon | 277 | 290 | 297 | 1000 | Rs.20,000 |
| Buy Educomp | 495 | 509 | 504 | 500 | Rs.4,500 |
| Buy ICICI | 986 | 1023 | 1046 | 250 | Rs.15,000 |
| Buy IVRCL | 68 | 77 | 78 | 2000 | Rs.20,000 |
| Buy Triveni | 87 | 96 | 107 | 2000 | Rs.40,000 |
| | | | | Total | Rs.99,500 |

## આગામી સપ્તાહ માટે ભલામણ

**જયાં સુધી બજારમાં ખૂબ જ અચોક્કસતા છે, અમારી સલાહ છે કે તમારી પોઝીશન હેજ કરવી, નિફ્ટી ફયુચરનો ઉપયોગ હેજ માટે કરી શકાય**

| STOCK | CMP | SL | TGT-1 | TGT-2 |
|---|---|---|---|---|
| BUY HEROHONDA | 1536 | 1519 | 1572 | 1599 |
| BUY INDIANBNK | 222 | 219 | 228 | 234 |
| BUY GSFC | 366 | 360 | 379 | 393 |
| BUY RELMEDIA | 146 | 143 | 153 | 161 |
| BUY INDUSIND | 238 | 235 | 245 | 253 |

# કેન્દ્રિય સામાન્ય બજેટમાં શેરબજારને અનુરૂપ સારી જાહેરાતો થતાં શેરબજારમાં ૧૯૯૨ના માર્ચ પછી પ્રથમવાર માર્ચ મહિનામાં તેજીનો તરખાટ

**બેસ્ટ સ્ક્રીપ ઓફ ધી વીક**

**પૂંજ લોઈડ લી**

**બીએસઈ કોડ ૫૩૨૬૯૩**

**હાલનો ભાવ રૂ.૬૫**

ઉપર જણાવ્યા મુજબ ૨૦૧૧ના જાન્યુઆરીથી જ ભારતીય શેરબજારમાં એક યા બીજાં કારણોસર જેમ કે અનિલ અંબાણીના શેરોમાં ગેરરીતિની અફવા, પૂર્વ ટેલીકોમ મંત્રી રાજાનું ૨ જી સ્પેક્ટ્રમ કૌભાંડ, ઈજીપ્તના હુસની મુબારક સામેનો બળવો તેમ જ લીબીયાના ગદાપીની સામેનો બળવો, આ તમામ કારણોને લીધે એક યા બીજી રીતે શેરબજાર મંદીની વચ્ચે અથડાતું રહ્યું અને ઈન્ડેક્ષમાં લગભગ ૩ થી ૪ હજાર પોઈન્ટનો ઉંચા મથાળેથી ઘટાડો જોવાયો. પરંતુ સોમવાર તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ કેન્દ્રિય નાણાંમંત્રી પ્રણવ મુખરજીએ સંસદમાં રજૂ કરેલ સામાન્ય

## બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એજયુકેશન સેકટરને મળેલી રાહતના પગલે ૨૦૧૧માં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એજયુકેશનના શેરોમાં આગ ભભૂકતી તેજી

બજેટમાં આર્થિક વૃધ્ધિને વેગવંતુ બનાવતું એટલે કે અર્થતંત્રનો પાયો મજબૂત કરે તેવું ઈન્ફ્રાસ્ટ્રકચર અને એજયુકેશન સેકટરને ખૂબ જ મહત્વ આપી હકારાત્મક જાહેરાતો કરી, તેમાં પણ ખાસ કરીને એફ આઈ આઈ ને ટેક્ષ ફ્રી બોન્ડમાં રોકવાની મર્યાદા ૪૦ અબજ ડોલરની કરી નાખી. અને આ તમામ પરિબાળોના લીધે સપ્તાહના અંતે મુંબઈ શેર બજાર આંક સાપ્તાહિક ૭૮૬ પોઈન્ટના સાપ્તાહિક વધારા સાથે ૧૮૪૮૬ બંધ આવ્યો.

આવતા સપ્તાહમાં ઓછા જોખમે સારું વતળર આપી શકે તેવા પાંચ લગડી શેરોની અહીં ભલામણ કરૂં છું.

**પૂંજ લોઈડ લી**

**બીએસઈ કોડ ૫૩૨૬૯૩**

**હાલનો ભાવ રૂ.૬૫**

તા. ૨૮ ના રોજ જાહેર થયેલ બજેટમાં આ સેકટરને ખૂબ જ સારો ફાયદો કરી આપવામાં આવેલ છે. સારી એવી વેરામાં રાહતો આપવામાં આવી છે, તો હાલના ભાવે આ કંપનીમાં રોકાણ કરવામાં ગુમાવવાના ૨ અને કમાવવાના ૨૦ની શકયતા છે. લાંબા ગાળે આ કંપની મીની એલ એન ટી થશે. ડીલીવરીબેઈઝ રોકાણ કરવું હિતાવહ રહેશે.

**ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પ્રીસીજન કાસ્ટીંગ લી**

**બીએસઈ કોડ ૫૦૪૭૮૬**

**હાલનો ભાવ રૂ.૧૦૭**

ઓટોમોબાઈલ કંપનીઓ માટેના ઓટોમોટિવ પાર્ટસ તેમ જ હેવી ઈન્ડસ્ટ્રીઝ માટેના વાલ્વ તદ્ઉપરાંત ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગ પાર્ટ બનાવવામાં ખૂબ જ મોખરાનું સ્થાન ધરાવતી અને છેલ્લા ૧૦વર્ષથી નફો કરતી તેમ જ છાશવારે બોનસ જાહેર કરતી આ કંપનીને આવનાર દિવસોમાં ઈન્ડિયન રેલવે તરફથી ખૂબ જ મોટો ઓર્ડર મળે તેવું સ્રોત દ્વારા જાણવા મળેલ છે. તો આ કંપનીમાં હાલના ભાવે લાંબા ગાળાનું રોકાણ કરનારને અઢળક નફો મળે તેવી શકયતાઓ છે. ડીલીવરીબેઈઝ રોકાણ ઉત્તમ.

> **સર્કિટ ૨ સર્કિટ (અપર)**
>
> 
>
> **અશ્વિન શાહ**
> **મો. ૯૯૨૫૦૦૨૬૧૯**
> **(કે.પી. કમાલ) મુંબઈ**
> www.theeagleinvestor.co.in

**ઓરબીટ કોર્પો. લી**

**બીએસઈ કોડ ૫૩૨૮૩૭**

**હાલનો ભાવ રૂ.૫૧**

મુંબઈની બાંધકામ તેમ જ રિઅલ એસ્ટેટના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીમાં તાજેતરમાં જ એક પર એક બોનસ આવેલ છે. તેમ જ કંપની પાસે હાલમાં પણ ખૂબ જ મોટા પ્રમાણમાં મુંબઈ તેમ જ અન્ય વિસ્તારોમાં લેન્ડ બેંક છે. કંપનીનું ફન્ડામેન્ટલ જોતાં આ શેરમાં હાલના ભાવે કરેલ રોકાણ બે વર્ષમાં ઉમદા વળતર આપી શકે તેમ છે.

**એપટેક લી.**

**બીએસઈ કોડ ૫૩૨૪૭૫**

**હાલનો ભાવ રૂ.૧૦૩**

જાણીતા બીગબુલ ટ્રેડર્સ રાકેશ ઝૂનઝૂનવાલા દ્વારા પ્રમોટ કરાયેલ આ કંપનીએ તાજેતરમાં જ વિશ્વની સૌથી ટોચની કોમ્પ્યુટર કંપની માઈક્રોસોફ્ટ સાથે સંયુક્ત કરાર કર્યા છે, એટલે કે માઈક્રોસોફ્ટના કેટલાક કોર્સીસ એપટેકના કોર્સીસ સાથે જોડી દેવામાં આવશે. તેમ જ તાજેતરમાં જ જાહેર થયેલ સામાન્ય બજેટમાં આ ક્ષેત્રને ખૂબ જ મહત્વ આપવામાં આવેલ છે અને વેરામાં પણ સારી એવી રાહતો જાહેર કરવામાં આવેલ છે.તો આ કંપનીમાં હાલના ભાવે કરેલ રોકાણ ૨ થી ૩ વર્ષમાં સારું વળતર આપી શકે તેમ છે.

**આઈ વી આર સી એલ લી.**

**બીએસઈ કોડ ૫૩૯૬૩૩**

**હાલનો ભાવ રૂ.૭૫**

હૈદરાબાદ સ્થિત આવેલ અને રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વ્યવસાયમાં ખૂબ જ જૂની અને જાણીતી આ કંપની પાસે હાલમાં પણ કરોડો રૂપિયાના ઓર્ડર હાથ પર છે. સામાન્ય બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેકટરને જે પ્રાધાન્ય આપવામાં આવેલ છે તે જોતાં આ કંપનીમાં પણ હાલના ભાવે કરેલ રોકાણ ૨ થી ૩ વર્ષમાં સારું વળતર આપી શકે તેમ છે.

**જે પી એસોસિએટસ લી.**

**બીએસઈ કોડ ૫૩૨૫૩૨**

**હાલનો ભાવ રૂ.૮૫**

જે પી દ્વારા પ્રમોટ કરાયેલ અને સીમેન્ટના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીના શેરનો ભાવ પણ હાલ પર સપ્તાહની નીચી સપાટીએ છે. તાજેતરમાં જ રજૂ થયેલ સામાન્ય બજેટમાં સિમેન્ટ તેમ જ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ઘણી રાહતો આપવામાં આવેલ છે, તેથી આ કંપનીને ઘણો ફાયદો રહેશે. આ કંપની પાસે કરોડો રૂપિયાની મિલકતો છે. તો આ શેરમાં હાલના ભાવે રોકાણ કરવામાં ગુમાવવાના ૨ અને કમાવવાના રૂ. ૨૦ છે, તેથી હાલના ભાવે રોકાણ કરવું હિતાવહ છે.

**પૂંજલોઈડના શેર પોર્ટફોલિયોમાં વસાવો અને તમારા કુટુંબને સુખી અને સમૃધ્ધ બનાવો**

# આ સપ્તાહે ફાર્મા, નાણાકીય, ઘડિયાળ તેમજ ટેલીકોમ ક્ષેત્રને સારો જયોતિષિય સહયોગ

**તા. ૪ માર્ચ ૨૦૧૧ થી ૧૧ માર્ચ , ૨૦૧૧**

**સપ્તાહ દરમ્યાન ગ્રહોની સ્થિતિ**

સપ્તાહ દરમ્યાન ચંદ્રમા મીન, મેષ અને વૃષભ રાશીમાં ભ્રમણ કરશે, રાહુ, અને પ્લુટો ધન રાશીમાં, સૂર્ય, મંગળ અને નેપ્ચ્યુન કુંભમાં પરિભ્રમણ કરશે. શુક્ર મકર રાશીમાં, કેતુ મિથુન રાશીમાં, શનિ કન્યા રાશીમાં, બુધ,ગુરુ અને યુરેનસ મીન રાશીમાં પરિભ્રમણ કરશે.

અમે છેલ્લા ૩ માસથી સતત બજારની ભ્રામકતા અને ધ્રુજારીપૂર્ણ ચંચળતા વિષે ચેતવણીની આગાહી કરતા આવ્યા છીએ તે મુજબ બજાર વર્તી રહેલ છે. ગ્રહોકીય સંરચનામાં કોઈ ફેરફાર થયેલ નથી અને સામાન્યરીતે બજારની વર્તણૂક ચિંતાજનક છે. અનઅપેક્ષિત અને ચંચળતા ચાલુ જ રહેશે.લક્ષાંકની રાહ જોયા વગર માત્ર નફો બુક કરવાનું રાખો.

૪૦ વર્ષના અમારા શેર બજાનરના અનુભવ પછી અમારી સચોટ અને ખાતરીપૂર્ણ માન્યતા છે કે શેર બજાર સાથે આ જગતમાં વ્યાપ સૌ કોઈ પણ ગ્રહોની સ્થિતિ અને રાશીઓ પ્રમાણે જ ગતિ કરતું હોય છે. ગત સપ્તાહે માનનીય નાણા પ્રધાનશ્રી દ્વારા ખૂબ સારું બજેટ રજૂ કરવામાં આવ્યું તે પણ બજારની રૂખ બદલી શકયું નથી.

> **એસ્ટ્રોલોજી અને સ્ટોક માર્કેટ**
>
> 
>
> **સતિષ ગુપ્તા**
> **મો. ૦૯૮૧૧૭૩૮૩૬૬**
> **૦૯૮૧૦૦૧૮૪૩૮**
> http://www.astrostocktips.in
> E-mail : astrostocktips@rediffmail.com

**ગ્રહોકીય** સ્થિતિ સૂચવી રહેલ છે કે હજુ પણ ખલેલ જનક સમાચારોનો પ્રવાહ વહેતો જ રહેશે.

નવી સંવત ૨૦૬૮ (હિન્દુ નવું વર્ષ) ૪ એપ્રિલ, ૨૦૧૧ થી શરુ થશે, જયારે પણ નવી સંવત ચાલુ થાય છે, ગ્રહોકીય સ્થાન, જોડાણ અને દ્રષ્ટિને કારણે કેટલાંક નવાં સેકટર સારો દેખાવ કરવા લાગે છે અને ઘણાં સેકટર કે જે ગત સંવતમાં ગતિ દર્શાવતાં હતાં તેઓ ખરાબ દેખાવ કરવાનો ચાલુ રાખે છે.

ઘણી વખત એવું જોવા મળેલ છે કે રોકાણકાર / ટ્રેડર્સ (આ બાબત જાણતા નથી) આવા સેકટરોમાં રોકાણ કરે છે.(કે જેનો જોતિષિય સહયોગ પૂર્ણ થઈ ગયેલ છે.) પરિણામે નુકશાન કરી બેસે છે. અમારી એવી સલાહ છે કે તમારા જયતિષિય નાણાંકીય સલાહકારનો સંપર્ક કરો અને આવાં સેકટર વિષેની જાણકારી મેળવો.

આવનાર સપ્તાહથી ફાર્મા સેકટર મજબૂત જયોતિષિય સહયોગ મેળવી રહેલ છે. આ સેકટરના ડેવીસ લેબ, લ્યુપીન, રેનબક્ષી, બાયોકોન અને ઓર્ચિડ વગેરે ઘટાડે ભેગા કરો.

નાણાંકીય અને ઘડિયાળ ક્ષેત્ર પણ સારો જયોતિષિય સહયોગ મેળવી રહેલ છે. એચ ડી એફ સી, આઈ ડી એફ સી, એલ આઈ સી હાઉસીંગ વગેરે નાણાકીય ક્ષેત્રમાં અને ટાઈટન ઘડિયાળના ક્ષેત્રમાં ઘટાડે ખરીદો.

ટેલીકોમ સેકટર પણ સારો જયોતિષિય સહયોગ મેળવી રહેલ છે. દરેક ઘટાડે ટાઈટન ખરીદો.

**જે સેકટર મજબુત એસ્ટ્રો સપોર્ટ મેળવતા હોય તે સામાન્ય રીતે બજારની નિમ્નગતિમાં અસરકૃત થતાં નથી.**

# ન્યૂઝ ટ્રેક

**ગાંધીનગર - અમદવાદને ન્યુયોર્ક - ન્યુજર્સી જેવી ઓખળ આપશે મુ. મંત્રી નરેન્દ્ર મોદી**

મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધીનગર મહાનગરને વિશ્વકક્ષાની ટ્વીનસિટી અને સોલાર સિટી તરીકે નવી ઓળખ આપવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. અમદાવાદ અને ગાંધીનગર મેટ્રો રેલથી જોડવું, સાબરમતી નદીમાં નર્મદાનું પાણી નાખીને અમદાવાદમાં સાબરમતી નદીની જેમ જીવંત કરવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગર શહેરની પાણી પુરવઠા વિતરણની હયાત પરિસરમાં નવનિર્મિત ગુજરાત જીઓઈન્ફોર્મેટિક રિસર્ચ એકેડેમી આધુનિક ભવન ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આધુનિક ભવનનું લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત ઘણા પ્રોજેક્ટોનું લોકાર્પણ શ્રી મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.

**કેન્દ્રના ટેક્ષથી ગુજરાતના જ્વેલરી ઉદ્યોગ પર માઠી અસર પડશે : મોદી**

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યુપીએ સરકારના કેન્દ્રિય બજેટ અંગે પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે ભયંકર ભ્રષ્ટાચારોના વમળમાં ઘેરાઈ ગેયેલી કેન્દ્ર સરકારે દેશની જનતાનું ધ્યાન બીજે દોરવા બજેટમાં રાહતો આપી છે. બજેટમાં વેસ્ટ બેંગાલ, કેરાલા અને તામિલનાડુમાં આવી રહેલી ચૂંટણીઓને ધ્યાનમાં રાખી ઉચ્ચ શિક્ષણ વિકાસના નામે કેન્દ્રની સહાયની ખેરાત કરવામાં આવી છે ત્યારે ગુજરાતે

અનુસંધાન પા.નં. ૪ ઉપર

ધી ઈકોનોમિક રેવલ્યૂશન

**તંત્રીની કલમે....**

# શું જાગરૂકતા પણ હંગામી હોય !!!

**મિત્રો,**

ગત સપ્તાહે ભારતના નાણાંમંત્રીશ્રી પ્રણવ મુખરજીએ બજેટ રજૂ કર્યું, સામાન્ય રીતે બજારે બજેટને વધાવી લીધેલ છે કારણ કે બજેટમાં સામાન્ય માણસને યાદ રાખવામાં આવેલ છે આવક વેરા મર્યાદામાં ફેરફાર કરી સામાન્ય જનને ખુશ કરવાનો પ્રયત્ન તો થયો છે, સીનીયર સીટીજનને અને ૮૦ વર્ષની ઉંમરની વ્યક્તિઓને આવક વેરા મર્યાદામાં વધુ છૂટ આપવામાં આવી છે, સામાન્યરીતે રાહત પેકેજ પાછું ખેંચાવાની અપેક્ષા રખાતી હતી પરંતુ નાણાં મત્રીશ્રીએ એક પણ રાહત પેકેજ પાછું ખેંચ્યું નથી ઓટોમોબાઈલ સહિતનાં અનેક ઉત્પાદનો પર ઓછી એકસાઈજ ડયુટી ચાલુ જ રાખવાની જાહેરાત કરી છે. કોઈ નવા વેરાની ભરમાળ પણ નથી અને આ કારણે બજારે તેને વધાવી લીધેલ છે જ.

આ સરકારના સમયમાં આ એક સારી બાબત બની છે કે બજેટ પછી બજારે તેને વધાવી છે પરંતુ આ સરકારના શાસન કાળમાં જેટલાં કૌભાંડો બહાર આવ્યાં છે તેટલાં અગાઉ કયારેય કોઈ પણ પક્ષની સરકાર, અરે ખુદ કોંગ્રેસની સરકાર વખતે પણ બહાર આવેલ નથી. જો કે સૌથી વધુ ચગ્યો ૨ જી સ્પેક્ટ્રમનો મુદ્દો અને તે પછી પણ ઈસરો અને બીજા કૌભાંડો બહાર આવ્યા, પરંતુ હાલમાં તો શ્રી રાજા બલીનો બકરો બની ગયા, વધુ હિસ્સો લેનાર મોટાં માથાં થોડો સમય સમયસૂચકતા વાપરી ચૂપ રહેશે અને પાછા રાજકીય કાવાદાવા શરુ થઈ જશે. પરિસ્થિતિ એવી છે કે અગાઉથી કોઈ પ્રિકોશન લેવામાં આવતાં નથી, બધા બધું જ જાણે છે પરંતુ ચોરી કરવી તે ગુનો નથી, ચોરી કરતાં પકડાવું તે ગુનો છે અને કદાચ વિરોધ કરનારને દેશ દાજ કરતાં અમે રહી ગયાની લાગણી વધુ હોય તે હોઈ શકે. શ્રી મનમોહનસિંહે પોતાની નિખાલસતા કે પ્રામાણિકતા સાબિત કરવા હું પણ થોડો ગુનેગાર છું તેમ મિડિયા સમક્ષ કબૂલી લીધું, હવે બીજી વાત બની, જે સંસ્થાએ ગેરરિતી અને ભ્રષ્ટાચાર પર નજર રાખવાની હોય છે અને તેને માટે પગલાં ભરવાનાં હોય છે તે કેન્દ્રીય સતકર્તા પંચના વડા થોમસની નિમણૂક સુપ્રિમ કોર્ટે રદ કરી છે. શ્રી થોમસ સેન્ટ્રલ વિજિલન્સ કમિશનના પદે કાર્યકરત હતા અને હાલમાં જયારે સુપ્રિમકોર્ટે આ નિમણૂક રદ કરી ત્યારે વડાપ્રધાનશ્રી પણ પાછી ફરી એજ રેકર્ડ વગાડી રહેલ છે કે હું સુપ્રિમ કોર્ટના ચુકાદાનું સન્માન કરૂ છું અને આવી ભૂલ ફરી નહીં કરૂં. મારી જવાબદારી સ્વીકારું છું, વડાપ્રધાનશ્રી, થોમસની નિમણૂક કરનાર ત્રણ સભ્યોની બનેલી સમિતિના એક સભ્ય હતા. જવાબદારી સ્વીકારી હવે શું ? શું કોઈ સામાન્ય માણસ કોઈ જવાબદારી સ્વીકારે અને પછી માફી માગે તો તેની સજા માફ થાય, ભૂલ કરી તેનું પ્રાયશ્ચિત ન હોય ? જવા દો આ વાત, આ વાત કરવાનો કોઈ અર્થ નથી.

ગમે તે પક્ષની સરકાર કે શાસન હોય, તંત્રને મોડું જાગવાની જાણે કે ટેવ પડી ગઈ છે, જેવો રાજા તેવી પ્રજા, અમદાવાદની જ વાત કરીએ તો સીજી રોડ પર પાર્કીંગની જગ્યાએ ગેરકાયદે બાંધકામ કરી દુકાનો બનાવી નાખનારા કોમ્પ્લેક્ષ પર તવાઈ આવી, ૬૦ દુકાનો સીલ કરી, અગાઉ ફાયર સેફટીના નામે ઘણાં કોમ્પ્લેક્ષ સીલ કરવામાં આવેલ, કાલુપુરમાં એક ગેરકાયદે મકાન તૂટી પડયું અને પછી તંત્ર મંડી પડયું ગેરકાયદે બાંધકામો શોધવા, થોડો દિવસ આ સમાચાર આવ્યા અને હવે પછી આ વાત પુરી થઈ ગઈ, રોગચાળો ફાટી નિકળે એટલે નિકળી પડે ફૂડ અને ડ્રગ કંટ્રોલ વાળા, દરોડાના સમાચાર આવે અને પછી હતું તેમનું તેમ, અમદાવાદમાં કમળાના કેસો નોંધાયા એટલે મ્યુનિસિપલ તંત્રની ઉંઘ ઉડીગઈ અને પછી ખાણીપીણી બજાર, પાણીપુરી, બરફ અને ઠંડાં પીણાંની લારીએ પગલાં લેવાનું નક્કી થયું, હવે પકોડી પેટીસનો ધંધો કરનારાઓએ કાગળની ડીસ્પોજેબલ પ્લેટ રાખવી, ગ્લોઝ પહેરવા સફાઈ ચોખ્ખાઈ રાખવી, ચોખ્ખું પાણી વાપરવા ફરજ પડાશે. મિત્રો, શું જાગરૂકતા પણ હંગામી હોય ? જયારે કોમ્પ્લેક્ષ બંધાતા હતા, નકશા પાસ થતા, બીયુ પરમીશન મળતી ત્યારે અને પછી પણ જે તે વિસ્તારના અધિકારીઓ ઉંઘી ગયા હતા. અમદાવાદમાં ગમે ત્યાં નજર નાખો, ગેરકાયદે બાંધકામ તો કોઈ ને કોઈ સ્વરૂપે જોવા મળે છે, સામાન્ય માણસને પણ નજરે પડે છે તો શું આ વિસ્તારના એસ્ટેટ ખાતાના અધિકારીઓ આ નથી જાણતા ? ફૂડ અને ડ્રગ વિભાગે અત્યાર સુધી કેમ પાણીપુરી કે પેટીસનો ધંધો કરનારને કાગળની ડીસ્પોજેબલ પ્લેટ વગર ધંધો કરવા દીધો ? પાયરેટેડ સીડીની લારીઓ ઉઘાડેછોગ સીડી વેચે છે તેમને કોઈ પૂછતું નથી અને થોડા થોડા સમયે સમાચાર આવે 'જથ્થાબંધ સીડી પકડાઈ'. રોડ વચ્ચે લારી ગલ્લા સ્થપાઈ જાય, પાથરણાવાળા તો એક મકાનથી વધારે મોટું પાથરણું કરે તે તંત્રને દેખાતું નથી અને એક સામાન્ય માણસ બિચારો લોનથી મોટરસાયકલ લાવ્યો હોય અને ભૂલથી બેંકમાં જતાં સહેજ મોટરસાયકલ નોપાર્કીંગમાં મૂકે તો કચરાના ડબ્બાની માફક ક્રેઈનવાળા ઉપાડી જાય, આવી તો ઘણી બાબતો છે, અમને લાગે છે કે ન્યાય અને દંડ ફક્ત સામાન્ય માણસ માટે જ છે, જે સક્ષમ છે તેને કોઈ સજા નહીં ? કેમ આવા આંખ આડા રુપિયા,સોરી કાન કરતા અધિકારીઓને અને તેમના સ્ટાફને આવા ફરજ પ્રત્યેની નિષ્કાળજી માટે જવાબદાર ઠરાવવામાં આવતા નથી ? વડાપ્રધાન સોરી કહે તો ચાલે, દેશ જાય ખાડામાં તો ચાલે પણ નાનો માણસ સામાન્ય ગુનો પણ કરે તો દંડાય, ન્યાય તો મરી જાય ત્યાં સુધી ન મળે, દેશને આઝાદ થયે ૬૩ વર્ષ થયાં છતાં આજે પણ પ્રજા પર ગુલામી કોઈ ને કોઈ સ્વરૂપે છે, ફક્ત 'બોસ' નવા આવી ગયા, કયાં સુધી આવું ચાલશે, અમને તો લાગે છે કે ચાલ્યા જ કરશે., પ્રજા જાગૃત નહીં બને તો.

**જય હો,**

**સર્વૈત્રઃ સુખિનઃ સન્તુ,**

**નરેન્દ્ર જોષી, એડીટર**

# સેન્સેક્સમાં ૧૮૧૦૮ ઉપર રૂખ તેજીની

વાંચક મિત્રો,

વિદેશી બજારોના મજબૂત સંકેતો, સંતુલિત કેન્દ્રિય બજેટ અને એફઆઈઆઈની આકર્ષક લેવાલી થકી ગત સપ્તાહે બજારમાં ફૂલગુલાબી તેજીનો માહોલ જોવા મળેલ જયાં સેન્સેક્સ ૧૮૦૦૦ અને નિફટીએ ૫૫૦૦ની મનોવૈજ્ઞાનિક સપાટી સરળતાથી પાર કરેલ. સાપ્તાહિક દ્રષ્ટિએ તેની ઉપર બંધ

**રોકિંગ ટીપ્સ મેકર્સ**



**આશિષ નાયક**
**મો. ૯૩૭૬૯૮૮૭૬૫, ૯૯૨૪૨૭૯૮૨૫**
rosenayak.1984@yahoo.com

આપેલ છે. ગત સપ્તાહનાં અંકમાં સ્પષ્ટ જણાવેલ કે સેન્સેક્સમાં ૧૭૯૯૭ ઉપર મંદીમાં ઊભું રહેવું નહીં અને તે મુજબ જ સાપ્તાહિક દ્રષ્ટિએ સેન્સેક્સમાં ૧૭૯૯૭ નો અવરોધ પાર થતા ૭૨૫ પોઈન્ટનો ઉછાળો જોવા મળેલ. તદ્ઉપરાંત અમોએ ડેડલાઈન વડે એ પણ જણાવેલ કે ભારતીય શેર બજાર તેના નિર્ણાયક તબક્કામાં છે જયાંથી સેન્સેક્સે માત્ર ચાર જ દિવસમાં ૯૦૦ પોઈન્ટનો ઉછાળો બતાવેલ. ક્રૂડ ઓઈલમાં થંભેલી તેજી પણ કેટલાક અંશે બજારમાં તેજીનું વાતાવરણ જાળવી રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવેલ છે.

સાપ્તાહિક ચાર્ટ ઉપર સેન્સેક્સ બુલ ફલેગ ઈન અપટ્રેન્ડની રચના બનાવે છે જે સેન્સેક્સમાં મુખ્ય સપોર્ટ એટલે કે ૧૮૧૦૮ ઉપર તેજીની રુખ જળવાઈ રહે તેના સંકેતો આપે છે. છેલ્લા સપ્તાહે લિબિયામાં મહોમ્મદ ગદાફી સત્તા છોડવાના અહેવાલો અને ફરીથી જનજીવને સામાન્ય થાય તેવી ધારણાથી ક્રૂડમાં તેજીને બ્રેક લાગેલ પરંતુ જ્યાં સુધી ૧૦૦.૧૭ ડોલર ઉપર રહે ત્યાં સુધી તેજીની ચાલ યથાવત રહે. ક્રૂડમાં મુખ્ય સપોર્ટ ૧૦૦.૧૭ ડોલર તૂટતાં ૯૮ થી ૯૫ સુધીનો ઘટાડો જોવા મળે જયારે ૧૦.૧૭ ડોલર ઉપર ૧૦૫ થી ૧૦૮ ડોલર સુધીના ઉછાળાની પ્રબળ શક્યતા દેખાય છે.

**નિફ્ટી ટેકનીકલ્સ (૫૫૩૮.૭૫) :**

સાપ્તાહિક ચાર્ટ ઉપર નિફટી સાયમેટ્રિકલ ટ્રાયેંગલ ઈન અપ ટ્રેડની રચના બનાવે છે જે નિફ્ટીમાં એક મુખ્ય સપોર્ટથી તેજીના સંકેતો આપે છે જ્યારે સપોર્ટ તોડી તેના અંદર બંધ આપતા ૨૩૦ પોઈન્ટથી વધુની કમાણી કરવાના સંકેતો આપે છે. આગામી સમયગાળામાં નિફ્ટી એક મુખ્ય અવરોધ પાર કરી તેના ઉપર બંધ આપે તો ૬૦૦૦ સુધીનો લક્ષાંક મધ્યમગાળામાં મળી શકે છે પરંતુ મુખ્ય અવરોધ ઉપર બંધ આપવો ખૂબ જ જરુરી છે. ગત સપ્તાહે સ્પષ્ટ શબ્દોમાં જણાવેલ કે મુખ્ય અવરોધ એટલે કે ૫૪૦૮ પાર થતાં મંદીમાં રહેવું નહીં અને તે મુજબ જ નિફ્ટીમાં ૫૪૦૮ પાર કરતા ૫૬૦૦ સુધીનો સાપ્તાહિક ઉછાળો ૧૯૨ પોઈન્ટની કમાણી સાથે કરી આપેલ. આગામી સપ્તાહે બ્રેક આઉટલક્ષી વેપાર ગોઠવવો લાભદાયી રહેશે.

**લાંબાગાળાના રોકાણકારો માટે**

**ક્રોમ્પટ ગ્રીવ્સ (બીએસઈ કોડ ૫૦૦૦૯૩) (૨૪૮.૦૫) :**

મુંબઈ (મહારાષ્ટ્ર) સ્થિત કંપનીની સ્થાપના ૧૯૩૭માં લાલા કરમચંદ થાપર દ્વારા કરવામાં આવી હતી. કંપની અવન્થા ગ્રુપની પેટા કંપની છે. કંપની ટ્રાન્સફોર્મર, સ્વિચ ગિયર, સર્કિટ બ્રેક, નેટવર્ક પ્રોટેક્શન એન્ડ કન્ટ્રોલર ગિયર, પ્રોજેક્ટ એન્જિનિયરિંગ, હાઈ ટેક અને લો ટેક મોટર, ડ્રાઈવર્સ, લાઈટિંગ, ફેન્સ પમ્પસ અને કન્ઝ્યુમર એપ્લાયન્સીસના વ્યવસાય સાથે સંકળાયેલ છે. ગૌમત થાપર કંપનીના વર્તમાન ચેરમેન જયારે એસ.એલ. ત્રિનાન એમડી ની ફરજ બજાવી રહેલ છે. કંપનીએ મે ૨૦૦૫માં બેલ્જિયમ સ્થિત કંપની પોવેલ્સ ટ્રાફો (પોવેલ્સ ગ્રુપ) ને હસ્તગત કરેલ જેના વડે કંપની વૈશ્વિક સ્તરે ઈલેક્ટ્રોનિક્સ ટ્રાન્સફોર્મર મેન્યુફેક્ચરર્સ બજારમાં ટોપ ટેનમાં સ્થાન પામેલ. તદ ઉપરાંત કંપનીઓ જેવી કે ગેન્ઝ (હંગેરી), માઈક્રોસોલ (આયર્લેન્ડ), સોનોમાત્રા (ફ્રાન્સ) અને એમએસઈ પાવર સિસ્ટમ (યુએસએ), સાથે કેટલાક કરારો પણ કરેલ છે.

શેરની વર્તમાન બુકવેલ્યુ રૂા. ૨૭.૨૮ છે જયારે ફેસવેલ્યુ રૂા. ૨ છે. શેરનો વર્તમાન પીઈ રેશિયો ૨૨.૬૪ ટકા છે જે ઈન્ડસ્ટ્રીયલ પીઈ રેશિયો ૧૯.૭૨ ટકાથી કેટલાક અંશે ઉપર છે. ચાલુ સમયગાળા માટે કંપનીએ ૧૧.૦૩ ટકાના દરે ઈપીએસ પણ દર્શાવેલ છે. અને કંપની ૧૧૦ ટકા ઉપર ડિવિડન્ડ નિયમિત પણે ચૂકવે છે. કંપની બોનસ શેર આપવાની બાબતમાં પણ ઉદાર છે. તે તેના આંકડા ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે. ત્રિમાસિક દ્રષ્ટિએ કંપનીના પરિણામો સામાન્ય જયારે વાર્ષિક દ્રષ્ટિએ માર્ચ ૨૦૦૯માં રૂા. ૪૬૧૦.૬૬ કરોડના વેચાણો ઉપર રૂા. ૬૩૮.૦૫ કરોડ ઓપરેટિંગ નફો અને રૂા. ૩૯૭.૦૯ કરોડ નેટ નફો દર્શાવેલ છે જે માર્ચ ૨૦૧૦માં વેચાણો વધીને રૂા. ૫૨૮૩.૯૯ કરોડ ઉપર રૂા. ૮૫૭.૭૬ કરોડ ઓપરેટિંગ નફો અને રૂા. ૬૧૭.૩૪ કરોડ નેટ નફો દર્શાવેલ છે.

**ટેકનીકલી (ક્રોમ્પટન ગ્રિવ્સ) :**

ટેકનીકલી સપ્તાહના અંતે અને સાપ્તાહિક ચાર્ટ ઉપર શેર બુલ રિક્ટેંગલ ટ્રાયેંગલ ઈન ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે જે શેરમાં મુખ્ય અવરોધ પાર કરતા તેજીની ચાલના સંકેતો આપે છે. માસિક ચાર્ટ ઉપર શેર સાયમેટ્રિકલ ટ્રાયેંગલ ઈન ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે જે શેરમાં એક મુખ્ય સપોર્ટ આસપાસ મધ્યમથી લાંબાગાળાનું રોકાણ કરવાનું સૂચન કરે છે. લાંબાગાળાના ચાર્ટ ઉપર શેર ફોલિંગ વિડ્થ ઈન અપ ટ્રેન્ડની રચના બનાવે છે જે શેરમાં ઘટાડે મર્યાદિત માત્રામાં લાંબાગાળાનું રોકાણ કરવાના સંકેતો આપે છે. ટેકનીકલી તપાસતાં શેરમાં ૩૦ દિવસની મુવિંગ એવરેજ અવરોધ ગણી શકાય જેના ઉપર ૧૦ ટકાનો ઉછાળો મધ્યમગાળામાં જોવા મળી શકે છે જ્યારે એક મુખ્ય સપોર્ટથી રોકાણ કરનારને મધ્યમથી લાંબાગાળે ૬૦ ટકા ઉપર રિટર્ન મળી શકે છે. લાંબાગાળાના રોકાણકારોએ ઘટાડે મર્યાદિત માત્રામાં રોકાણ કરવું.

# કોમોડીટીઝ માર્કેટોમાં તેજીની ચાલ આગળ વધશે

કોમોડીટીઝ માર્કેટોમાં દિવસે દિવસે ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. મેટલ સેક્ટરમાં માંગના કારણે સતત ભાવમાં વધારાના કારણે બ જારોમાં પુરવઠાનો અભાવ બતાવી રહ્યો છે. વર્લ્ડ માર્કેટોમાં મોંઘવારીના કારણે હજુ ભાવોમાં ઊંચા જવાની પૂરી જગ્યા બતાવી રહ્યું છે. ચાંદીમાં સતત ભાવ સુધરી રહ્યો છે. આનું મુખ્ય કારણ ચીનમાં સતતત માંગ વધી રહી હોવાના કારણે આ ભાવ તમારી કલ્પના બહાર સુધારો આવવાની જગ્યા હજુ ઊભી જ છે. ચાંદી કોઈ ખરીદી શકશે જ નહીં તેવા ભાવ આવવાની જગ્યા છે.

કોમોડીટીઝ માર્કેટોમાં વર્લ્ડ ઉપર ચાલતા બજારો છે. આના કારણે અમુક ટાઈમે કોઈપણ સેક્ટરમાં વન સાઈડ માર્કેટો ચાલતા હોય છે. સાથે ચાર્ટ પ્રમાણે કામકાજ કરનારને સૌથી એડવાન્સ ગાઈડન્સ મળી રહેતું હોય છે. ઓછા જોખમે સારું વળતર આપી જાય છે ખેર.

**ગોલ્ડ (૧૪૨૮) :**

ગોલ્ડમાં છેલ્લા ચાર સપ્તાહથી તેજીની ચાલમાં આગળ વધી રહ્યું છે. આ તેજીની ચાલ આવનાર સપ્તાહમાં આગળ વધવાની જગ્યા છે. ઉપરમાં ૧૪૩૩ નજીકની સપાટી રહેશે. ૧૪૩૩ની સપાટી કૂદાવતા ૧૪૪૨ દૂરનું મહત્ત્વનું રેજીસ્ટન લેવલ છે. નીચામાં ૧૪૦૮ સ્ટ્રોંગ પ્રિવોટ રહેશે. આ સપાટી ના તૂટે ત્યાં સુધી મોટું કરેક્શન નહીં આવે. ટૂંકમાં રોકાણ કરનાર કમાશે.

**કોપર (૪૪૭) :**

કોપરમાં અગાઉના સપ્તાહમાં કરેક્શનની ચાલ બતાવીને ફરીથી તેજી આગળ વધવાના ચાર્ટ પરથી સંકેત બતાવી રહ્યા છે. ઉપરમાં ૪૫૨ નજીકની સપાટી રહેશે. પોઝીશન માટે ૪૪૦

**સોનાની ચમક**

**જીજ્ઞેશ**
**૯૭૨૪૫૨૮૮૯૮**

મહત્ત્વની સપાટી રહેશે. ૪૫૪ દૂરની સપાટી રહેશે. કરેક્શનમાં તેજીનો વેપાર ગોઠવવો.

**ક્રૂડ (૧૦૪.૭૫) :**

આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રૂડમાં સતત માંગને કારણે ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. આ ભાવ વધારો આગળ વધવાના સંકેત બતાવી રહ્યું છે. ઉપરમાં ૧૧૦ ડોલરનો ભાવ આવવાની જગ્યા ઊભી જ છે. નીચામાં ૯૮નો પિવોટ લેવલ ખૂબ જ મહત્ત્વનો રહેશે. આ પિવોટ તૂટતા કરેક્શન આવી શકે છે.

**સિલ્વર (૩૫.૫૨) :**

સિલ્વરમાં દરેક ઘટાડે ખરીદનારને સારો ભાવ મળી રહેશે. લોંગ ચાર્ટમાં ખૂબ જ ભાવ સારો આવશે. ત્રણ માર્ચની અંદર ૭૨૦૦૦ નો ભાવ આવવાની જગ્યા બતાવી રહ્યું છે. રોકાણ કરનાને સારામાં સારું વળતર આપી જશે.

# બજારો લિબીયાના ટેન્શનની અવગણના કરીને આગળ ધપ્યા

**વિતેલા સપ્તાહે** બીએસઈ સેન્સેક્ષ (૧૮૪૮૦.૯૦) અને નિફટી (૫૫૩૮.૭૫) બંન્ને ૪.૪૧ ટકા અને ૪.૦૪ ટકા વધીને બંધ આવ્યા હતા. નિફ્ટી

**બુલેટ**



**નરેન્દ્ર નયનાની**
**મો. ૯૮૯૮૧૬૨૭૭૦**
nainaninarendra@Hotmail.com
Yahoo Messanger Id-narendranainani
www.narendranainani.blogspot.com

ફયુચર માર્ચ ૯.૦૦ પોઈન્ટના પ્રિમિયમ માં હતો. નિફ્ટી માર્ચ ૫૬૦૦ ના કોલ ઓપ્શનમાં ભારે રસ જોવાયો હતો.

**સેન્સેક્ષમાં સપોર્ટ** ૧૭૮૯૦ **તથા રેજીસ્ટન્સ** ૧૯૩૩૦ જયારે **નિફ્ટીમાં સપોર્ટ** ૫૩૬૦ અને **રેજીસ્ટન્સ** ૫૭૮૫ નો છે.

ટાટા પાવર ૧૫.૫ કરોડ બિલિયન ડોલર ૨૫ કિલો મેઘાવોટ કેપેસિટી પાછળ ખર્ચશે. જાપાન બેઝ હોન્ડા કંપની હીરો હોન્ડામાં સ્ટેક વધારી શકે છે.

આઈસીઆઈસીઆઈ બેંક અને ટાટા મોટર્સ ના ઓપન ઈન્ટરેસ્ટમાં માર્ચ સિરીઝમાં રસ જોવાયો હતો. ટાટા સ્ટીલ ના માર્ચ ના કોલ ઓપ્શનમાં સ્ટ્રાઈક પ્રાઈઝ ૬૪૦ માં સારી પોઝીશન લેવાતી જોવા મળી છે. આઈએફસીઆઈ નાં કોલ ઓપ્શનમાં માર્ચ માસના સ્ટ્રાઈક પ્રાઈઝ ૫૫ પણ જોવા મળેલ છે.

**ફયુચર ઓપ્શનના ખેલાડીઓ માટે**

**૧. રિલાયન્સ પાવર (૧૨૧.૧૫)**

લોટ સાઈઝ ૨૦૦૦ શેર

● માર્ચ માસના સ્ટ્રાઈક ભાવ ૧૨૦ થી ૬.૧૦ રૂા. ના ભાવે એક કોલ ઓપ્શન ખરીદો.

● માર્ચ માસના ૧૩૦.૦૦ ના સ્ટ્રાઈક પ્રાઈસથી રૂ. ૨.૩૫ ના ભાવે એક કોલ ઓપ્શન વેચો.

**ચુકવેલ પ્રિમિયમ** = ૬.૧૦ ★ ૨૦૦૦ = ૧૨૨૦૦.૦૦ રૂ.

**મેળવેલ પ્રિમિયમ** = ૨.૩૫ ★ ૨૦૦૦ = ૪૭૦૦.૦૦ રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** = ૧૨૨૦૦.૦૦ - ૪૭૦૦.૦૦ = ૭૫૦૦.૫૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૧૩૦ - ૧૨૦ = ૧૦ ★ ૨૦૦૦ = ૨૦૦૦૦ - ૭૫૦૦.૫૦ = ૧૨૫૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : = ૭૫૦૦.૦૦ રૂ.

**બ્રેક ઈવન પોઈન્ટ** : = ૧૨૩.૭૫

**૨. એચપીસીએલ (૩૩૨)** : માર્ચ માસ ફયુચર લોટ સાઈઝ ૫૦૦ શેર

● રૂ. ૩૩૨.૦૦ ના ભાવથી માર્ચ માસ ફયુચરનો એક લોટ ખરીદો.

● **વેચો એક કોલ ઓપ્શન** : માર્ચ માસ સ્ટ્રાઈક ભાવ ૩૬૦ થી રૂ.૫.૦૦ ના ભાવે

**મેળવેલ પ્રિમિયમ** : = ૫.૦૦ ★ ૫૦૦ = ૨૫૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૩૬૦ - ૩૩૨ = ૨૮ ★ ૫૦૦ = ૧૪૦૦૦.૦૦ + ૨૫૦૦.૦૦ = ૧૬૫૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : અસિમિત

**૧. હીરો હોન્ડા** (૧૫૩૬.૮૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. ટાટા પાવર** (૧૨૨૪.૧૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**બજેટ પા.નં.૭ નું ચાલુ**

સેકશન ૮૦આઈએ તેમ જ ૨૦,૦૦૦ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોન્ડમાં કરેલ રોકાણ પરના ટેક્ષ બેનીફીટને વધુ એક વર્ષ માટે લંબાવવામાં આવેલ છે. આ બાબત જી એમ આર ઈન્ફ્રા, જે પી ઈન્ફ્રા વગેરે માટે હકારાત્મક છે.

**મેટલ એન્ડ માઈનીંગ**

કાચા લોખંડ ઉપરની એક્ષપોર્ટ ડયુટીમાં લમ્પસ થતા ફાઈનમાં ૨૦ ટકા વૃધ્ધિ કરવામાં આવેલ છે. હાલમાં લમ્પસ પર ૧૫ ટકા અને ફાઈન પર ૫ ટકા ડયુટી છે. કાચા લોખંડના નિકાસકારો માટે આ ખરાબ સમાચાર છે જેમ કે સેસા ગોઆ (૯૦ ટકા વેચાણ નિકાસ દ્વારા જ છે) અને એન એમ ડી સી (૧૫ ટકા વેચાણ કાચા લોખંડના વિકાસ દ્વારા).જયારે ખાણના વેરા (૨૬ ટકા પી બી ટી) પર કોઈ જકાત નહીં તે ખાણ કંપનીઓ માટે તેમ જ ખાણ ધરાવતી સ્ટીલ કંપનીઓ માટે હકારાત્મક રહેશે.

**ફાર્મા**

ફાર્માસ્યુટિકલ સેકટર માટે આ બજેટ તટસ્થ છે. મીનીસ્ટ્રી ઓફ હેલ્થ અને ફેમીલી વેલ્ફેર માટેની નાણાં ફાળવણીમાં ના. વ. ૨૦૧૨માં ૨૦ ટકા એટલે કે રૂ.૨૬૭૬૦ કરોડ જેટલી વૃધ્ધિ કરવામાં આવેલ છે, જે અગાઉ રૂ. ૨૨,૩૦૦ કરોડ જેટલી હતી. જયારે ઈન હાઉસ આર એન્ડ ડી જે પર કોઈ વેઈટેડ ડીડકશનમાં એક્ષટેન્શન આપવામાં આવેલ નથી, જે ના. વ. ૨૦૧૨ સુધીમાં ૨૦૦ ટકા જેટલું છે, જે પગલાએ જે કંપનીઓ હાલ આર એન્ડ ડી પ્રવૃત્તિઓ સાથે કાર્યરત છે તેમને નિરાશ કરેલ છે.જો કે મેટમાં ૧૮માંથી વૃધ્ધી કરીને ૧૮.૫ ટકા કરવામાં આવેલ છે. જો કે સરચાર્જ ૭.૫ ટકામાંથી ૫ ટકા કરીને તેને સરભર કરવા પ્રયત્ન કરવામાં આવેલ છે. સેઝ ડેવલપર પર લેવામાં આવતો મેટ કંપનીઓને આ લાભ ધરાવી સરભર કરવામાં આવેલ છે. ઈ ઓ યુના લાભ માટે કોઈ એક્ષટેન્શન આપવામાં આવેલ નથી અને તે ના. વ. ૨૦૧૧ સુધી જ અમલમાં રહેશે. આ સેકટર માટે નકારાત્મક છે ખાસ કરીને એવી કંપનીઓ કે જે સેઝમાં નથી અથવા તો સેઝમાં ધીમો વિકાસ કરી રહી છે.

**કેપિટલ ગુડઝ**

બજેટે કેપિટલ ગુડઝ સેકટર માટે કોઈ સીધો સંકેત આપેલ નથી, પરંતુ દેશના પાવર સેકટર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આપવામાં આવતી સુવિધા ચાલુ રાખવામાં આવેલ છે જે મુજબ તે હકારાત્મક બાબત છે. જો આપણે ભેલ અને એલ એન્ડ ટી દ્વારા વિદેશી ઈકવીપમેન્ટ ઉપરના આયાત વેરામાં વૃધ્ધિ કરવા અંગેની માંગ અંગે વિચાર કરીએ, કે જેથી સ્વદેશી નિર્માતાઓની સમાન સપાટીની કમી પુરી થાય તે નાણામંત્રીશ્રીએ અવગણી છે અને આયાત દરમાં કોઈ ફેરફાર કરેલ નથી. જો કે આ સાથે મેઘા અથવા તો અલ્ટ્રામેઘા પાવર પ્રોજેકટને જરૂરી કેપિટલ ગુડસ પુરી પાડતા સ્વદેશી સપ્લાયરોને એકસાઈજ ડયુટીમાંથી બાકાત રાખવામાં આવેલ છે.

આ રીતે જોઈએ તો બજેટ બધાજ માટે જ સારું છે, માત્ર વેપાર ઉદ્યોગ માટે જ નહીં. આ બજેટ 'આમ આદમીના બજેટ' તરીકે ઓળખાયું છે અથવા તો અગાઉ અમોએ આગાહી કર્યા મુજબ એક સામાન્ય માનવીના બજેટ તરીકે ઓળખાયેલ છે. જો કે એક વાત નોંધી રાખવી જોઈએ કે જયાં સુધી ક્રુડ ઓઈલના ભાવ વધે છે, ફૂગાવાનો દર પણ ટોચ પર છે, વિશ્વમાં બધે જ જીઓ પોલીટીકલ ટેન્શન ઉદ્ભવેલ છે ત્યારે આવી પરિસ્થિતિમાં નાણા મંત્રીશ્રી પાસેથી વધુ શું અપેક્ષા રાખી શકાય ?

**ન્યુઝ ટ્રેક પા.નં. 3 નું ચાલુ**

દેશ આખાને માનવસંસાધન વિકાસમાં પથદર્શક બને એવી વિશિષ્ટ યુનિવર્સિટીઓ શરુ કરી છે પરંતુ તેનો ઉલ્લેખ સુધ્ધા આ બજેટમાં નથી. કેન્દ્રીય બજેટથી સામાન્ય સમસ્યાઓનું સમાધાન જોવા મળતું નથી, સમાજમાં અડધો હિસ્સો ધરાવતા નારીવર્ગના સશક્તિકરણ માટેની આશા નિરાશામાં ફેરવાઈ ગઈ છે.

**ગોધરાકાંડ : ૧૧ને ફાંસી - ૨૦ને આજીવન કેદ**

ગોધરાકાંડમાં ૩૧ દોષિતોને સજા જાહેર કરાઈ છે. જે પૈકી ૧૧ને ફાંસી, ૨૦ને ઉમરકેદ ફટકારવામાં આવી હતી. સાબરમતી જેલમાં ઊભી કરાયેલી વિશેષ કોર્ટે ૩૧ ગુનેગારોને ફટકારેલી સજા ૯૦૦ પાનાનો ઐતિહાસિક ચુકાદો. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે નવ વર્ષ બાદ આરોપીઓને કઠોર સજા કરવામાં આવી હતી.

ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ : ધી ઈકોનોમિક રેવલ્યૂશન

# માર્ચમાં લાંબા ગાળાનો ટેકો ૫૨૫૦

**તા. ૭ થી ૧૧ માર્ચ, ૨૦૧૧**
**નિફ્ટી સાપ્તાહિક બંધ : ૫૫૩૯**
**(ગત સપ્તાહે ૫૩૦૪)**

**નિફ્ટી સૂત્ર**



**દિનેશ એ. ઠાકુર**
**મો. ૯૮૨૨૦૫૦૯૪૯**
dinuthakur@gmail.com
blog site–
http://dinuthakur.blogspot.com

સોમવારે બજારની શરૂઆત સાપ્તાહિક ટ્રેડીંગ પોઈન્ટ ૫૩૩૦ ઉપર મજબૂતાઈથી થઈ અને બજેટના દિવસે બજાર હકારાત્મક રહ્યું, મંગળવારે પોષ્ટબજેટ રેલી જોવા મળી. છેલ્લા બે દિવસની ચંચળતાએ બજારને સાપ્તાહિક ટોપ ૫૬૦૦ નજીક બંધ આપ્યો. સપ્તાહમાં નિફ્ટીએ ૨૩૫ પોઈન્ટની વૃધ્ધિ દર્શાવી.

અમારી વન ટુ કા ફોર ફોર્મ્યુલા મુજબ ૫૬૧૦ની નજીકની ટોચની સપાટી સાથે, ૨%, ૪% સ્ટોપલોસ ૫૫૦૦ અને ૫૩૯૦ છે. તેથી લાંબા સમયનો સ્ટોપલોસ ૫૪૦૦ છે. તેથી હાલની ઉર્ધ્વગતિ માટેનો છેલ્લો સ્ટોપલોસ ૫૩૯૦ છે.આ નીચે અમારો વાર્ષિક સ્ટોપલોસ ૫૨૬૦ મહત્વનો ટેકો છે.

હવે અમારી ટ્રેડર્સ અને ઈન્વેસ્ટર માટેની ૧૫ વિવિધ હીન્ટમાંથી ૬ હીન્ટ તેજીમય છે ૫૦માંથી ૪૧ નિફ્ટીના શેર તેમના મધ્યમગાળાના ટેકા નીચે નકારાત્મક ટ્રેડ થઈ રહેલ છે. ૨૨ નિફ્ટી શેર તેના ૫૦૦ ડી એમ એના લાંબા ગાળાના ટેકા નીચે છે. વાચકો નિફ્ટીના ઈન્ટ્રાડે, ઈ ઓ ડી ટેકનીકલ ચાર્ટ અને એન એસ ઈ / બી એસ ઈ સ્ટોકસ મોબાઈલ પર અને મારી સાઈટ પર જોઈ શકે છે. ભારતમાં સૌ પ્રથમવાર વિનામૂલ્યે.

**નિફ્ટી સ્ટોકસ માટેની ટૂંકા ગાળાની રૂખ અને રિવર્સલ લેવલનીચે મુજબ છે.** તેનો ઉપયોગ વ્યાપારમાં દાખલ થવા અથવા બહાર નિકળવા બે તબક્કામાં કરો.

| STOCK | Trend | Trend Reversal | STOCK | Trend | Trend Reversal |
|---|---|---|---|---|---|
| ACC | DOWN* | 1000,1030 | LT | DOWN- | 1660,1800 |
| Ambuja Cem | DOWN* | 130,135 | Mah & Mah | DOWN* | 690,720 |
| Axis Bank | DOWN* | 1330,1340 | Maruti | DOWN* | 1330,1370 |
| Bajaj Auto | UP* | 1310,1360 | NTPC | DOWN- | 185,190 |
| Bharti Airtel | DOWN- | 333,335 | ONGC | DOWN- | 290,310 |
| BHEL | DOWN- | 2150,2250 | PNB | DOWN* | 1120,1150 |
| BPCL | DOWN- | 600,660 | Power Grid | UP- | 98,99 |
| Cairn | UP* | 328,325 | Ranbaxy | DOWN- | 520,530 |
| Cipla | DOWN* | 330,335 | RCom | DOWN- | 110,120 |
| DLF | DOWN- | 240,270 | Reliance | DOWN- | 1000,1010 |
| Dr. Reddy | DOWN* | 1620,1650 | RIL Capital | DOWN- | 490,550 |
| GAIL | DOWN* | 470,480 | RIL Infra | DOWN- | 650,700 |
| HCL Tech | UP* | 450, 390 | RPower | DOWN- | 130,145 |
| HDFC | UP* | 650,640 | SAIL | DOWN- | 165,180 |
| HDFC Bank | UP* | 2170,2120 | SBIN | DOWN* | 2760,2800 |
| Hero | DOWN- | 1650,1780 | Sesa Goa | DOWN- | 310,320 |
| Hindalco | DOWN* | 220,225 | Siemens | UP* | 830,820 |
| HUL | DOWN* | 295,300 | Sterlite | DOWN- | 168,173 |
| ICICI Bank | DOWN* | 1030,1080 | Sun Pharma | DOWN* | 440,450 |
| IDFC | DOWN- | 165,175 | Suzlon | DOWN- | 51,52 |
| Infosys Tech | DOWN* | 3140,3200 | Tata Motors | DOWN* | 1180,1210 |
| ITC | UP* | 170,165 | Tata Power | DOWN- | 1260,1300 |
| Jindal S&P | DOWN* | 680,690 | Tata Steel | DOWN* | 630,640 |
| JPAssociate | DOWN- | 90,100 | TCS | UP* | 1100,960 |
| Kotak Bank | DOWN* | 420,440 | Wipro | DOWN* | 450,455 |

* **૫૦૦ એમ એ ઉપરના શેર**

**આગામી સપ્તાહ :** આ સપ્તાહે માર્કેટ ટ્રેડીગ રેન્જ (રોજીંદા બંધના ધોરણે) ૫૦૩૦ – ૫૮૦૦, વચ્ચે રહેશે.એટલે કે ટ્રેન્ડ પોઈન્ટ ૫૫૦૦ (જેમાં સપ્તાહ દરમ્યાન ટ્રેન્ડ પોઈન્ટને અપડેટ કરવા માટે સાપ્તાહિક આવક / નુકશાનના ૨૫ ટકા વધારો અથવા ઘટાડો ધ્યાનમાં લો.) તેમ જ સાપ્તાહિક રેન્જ +/- ૩૦૦ રહેશે.

નિફ્ટી માટેનો ૨૦, ૫૦, ૧૦૦, ૨૦૦ દિવસની ઈ એમ એ સપાટી ૫૪૭૦(+૩૦), ૫૫૯૦(-૧૦), ૫૬૮૦(-૧૦), ૫૬૦૦(-૦).

ઘટાડા સમયે ટ્રેડર્સે ટ્રીગર લેવલ પર તેમની લોંગ પોઝીશનમાંથી નિકળી જવું જોઈએ. આ પછી ફરી ટ્રીગર સપાટીએ અથવા તો નીચેની સપાટીએ વ્યાપારમાં દાખલ થવું જોઈએ. આ રીતે, ટ્રીગર તમારું રક્ષણ કરવામાં, વધુમાં વધુ નફો કરવામાં અને તમારી પોઝીશન જાળવી રાખવામાં મદદરૂપ નિવડશે.

**નિફ્ટી** જુદા જુદા ચાર્ટ પર ૨૦ એસ એમ એ લાઈન મુજબ નિફ્ટીની શરુઆત અને રૂખ નીચે મુજબ છે. ૩૦ મીનીટ –સમ, ૫૫૦૦, ૯૦ મીનીટ – ઉપર તરફ, ૫૫૦૦, દૈનિક – સમ ૫૫૦૦, સાપ્તાહિક – નીચે ૬૦૦૦,

## દિનુનું સપોર્ટ એન્ડ રેજીસ્ટન્સ, નિફ્ટી ટ્રેન્ડ અને સ્ટોપલોસ પત્રક

| Investor | Chart type | trade% Beta | Trend | From | Stop-loss | Gain |
|---|---|---|---|---|---|---|
| Derivative | Daily | 20 (+1.2) | UP | 5370 | 5520* | +160 |
| Swing trade | Weekly | 20 (1-1.2) | UP | 5380 | 5480* | +150 |
| Short term | Bi-weekly | 20 (1) | UP | 5440 | 5470* | +90 |
| Medium term | Monthly | 20 (1-0.8) | DOWN | 6000 | 5560* | +470 |
| Mutual Fund | Quarterly | 10 (-0.8) | DOWN | 5850 | 5720* | +320 |
| Long Term | Yearly | 10 (-0.8) | Neutral | 3670 | 5290/5700** | +2000 |

**નિફ્ટી માટે (રોજીંદો સ્ટોપલોસ + બંધ )/ ૨** ટ્રેડર્સને નિફ્ટી માટેની પછીના દિવસની રૂખ તેમ જ સ્ટોપલોસ દર્શાવશે. ટ્રેડર્સે ટ્રીગર પોઈન્ટ નીચે વ્યાપારમાંથી બહાર નિકળી જવું અથવા તો નીચેના ટ્રીગર પોઈન્ટે વ્યાપારમાં દાખલ થવું. જો બજાર રોજીંદા સ્ટોપલોસ કરતાં ૩૦ મીનીટ સુધી નીચેની સપાટીએ ટ્રેડ થાય તો રિવર્સ ટ્રેન્ડ ગણવો.

# ૫૬૨૮ ઉપર ૫૬૮૬, ૫૭૨૦, ૫૭૬૦
# ૫૪૬૬ નીચે ૫૪૨૩, ૫૪૦૦, ૫૩૭૫

ગયા સપ્તાહે કેન્દ્રિય બજેટ રજૂ થયા બાદ ખૂબ જ સ્પષ્ટ અને ચોખ્ખા શબ્દોમાં જણાવેલ કે ૫૪૪૫ ઉપર ૫૬૨૮ જોવા મળે. બરાબર તેજ પ્રમાણે નિફ્ટી ફ્યુચરે ૫૬૧૧.૭૦નો હાઈ દર્શાવેલ તે માહિતી માટે ફક્ત.

**★ નિફ્ટી ફ્યુચર (૫૫૩૫.૯૫)** :- ૫૬૨૮ ઉપર ૫૬૮૬, ૫૭૨૦, ૫૭૬૦ જોવા મળે. ૫૪૬૬ નીચે ૫૪૨૩, ૫૪૦૦, ૫૩૭૫ જોવા મળે. વાંચનારે અંગત કેપેસિટી/જોખમાનુસાર બ્રેક આઉટ સાઈડ જ વેપાર ગોઠવવો હિતાવહ.

**બાજ નજરે**



**પારસ ઘેલાણી**
**મો. ૯૦૯૯૦૧૦૮૨૭**
ghelani.paras@gmail.com
parasghelani@rediffmail.com
http://letusgrowtogether111.blogspot.com

**★ હોટ પોઝીશનલ ફ્યુચર્સ સ્ટોકસ**

**(૧) એચડીઆઈએલ (૧૫૯.૫૫)** :- રૂ.૧૫૧ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૭૧ થી ૧૭૯

**(૨) આઈઆરબી ઈન્ફ્રા. (૧૯૦.૫૦)** :- રૂ. ૧૮૪ સ્ટોપલોસ... નજીકમાં જ ૨૦૩ થી ૨૧૫.

**(૩) આઈએફસીઆઈ (૫૨.૪૫)** :- રૂ.૪૯ સ્ટોપલોસ... નજીકમાં જ ૫૫ થી ૫૯.

**(૪) આર પાવર (૧૨૧.૯૫)** :- રૂ.૧૧૪ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૨૯ થી ૧૩૬.

**(૫) સેસાગોવા (૨૭૬.૩૦)** :- રૂ.૨૭૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૨૮૬ થી ૨૯૭.

**★ હોટ વીકલી સ્ટોક ફ્યુચર :-**

**(૧) યુનિટેક (૩૬.૬૦)** :- રૂ.૩૨ સ્ટોપલોસ... નજીકમાં જ ૪૩ થી ૪૮.

**(૨) રિલા. ઈન્ફ્રા. (૬૧૦.૯૫)** :- રૂ. ૫૯૮ સ્ટોપલોસ... નજીકમાં જ ૬૨૪ થી ૬૪૪.

**(૩) એલ એન્ડ ટી (૧૬૧૬.૧૫)** :- રૂ.૧૫૮૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૬૫૦ થી ૧૬૯૨.

**(૪) એસ્સાર ઓઈલ (૧૧૧.૦૫)** :- રૂ.૧૦૩ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૧૮ થી ૧૨૬.

**(૫) ટાટા મોટર્સ (૧૧૫૬.૭૦)** :- રૂ.૧૧૨૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૧૮૨ થી ૧૨૦૭.

**★ ડિલેવરી બેઝ હોટ રોકાણ :-**

**(૧) જીએમઆર ઈન્ફ્રા. (૫૩૨૭૫૪) (૩૯.૬૫)** :- નજીકમાં જ ૪૩ ઉપર ૪૮ થી ૫૪.

**(૨) એલઆઈટીએલ (૫૩૨૭૭૮) (૩૬.૯૫)** :- નજીકમાં જ ૪૦ ઉપર ૫૦ થી ૫૭.

**(૩) વિજ્યા બેંક (૫૩૨૪૦૧) (૭૭.૩૫)** :- નજીકમાં જ ૮૦ ઉપર ૮૪ થી ૮૮.

**(૪) ચંબલ ફર્ટી. (૫૦૦૦૮૫) (૭૦.૧૫)** :- નજીકમાં જ ૭૩ ઉપર ૭૭ થી ૮૨.

**(૫) આરઈઆઈ એગ્રો. (૫૩૨૧૦૬) (૨૮.૧૫)** :- નજીકમાં જ અંધાધુંધ તોફાની તેજીથી ૩૨ થી ૩૬.

**(૬) કરુતુરી (૫૩૧૬૮૭) (૧૪.૦૧)** :- નજીકમાં જ ૧૬ ઉપર ૧૯ થી ૨૧.

**(૭) નાગાર્જુન ફર્ટી. (૫૦૦૦૭૫) (૨૭.૨૦)** :- નજીકમાં જ ૩૨થી ૩૭.

**(૮) આરબીએન (૫૩૩૧૪૩) (૬૯.૭૦)** :- નજીકમાં જ ૭૨ ઉપર ૭૯ થી ૮૬.

**(૯) ગ્રેટ ઓફશોર (૫૩૨૭૮૬) (૨૪૦.૫૦)** :- નજીકમાં જ ૨૬૨ થી ૨૮૮.

**(૧૦) હિંદ કોપર (૫૧૩૫૯૯) (૩૦૧.૨૦)** :- ગમે ત્યારે તોફાની ઉછાળાથી ૩૪૩ ઉપર ૩૭૦ થી ૪૧૪.



**( દીપનું દર્પણ ) – દીપેશ ગોહીલ**
**મો. ૯૭૨૭૯૯૦૯૮૦ veenmoney@gmail.com**

| NAME | : NIFTY |
|---|---|
| BUY ABOVE | : 5535 |
| RES-1 | : 5610 |
| RES-2 | : 5750 |
| RES-3 | : 5800 |
| SELL BELOW | : 5535 |
| SUP-1 | : 5420 |
| SUP-2 | : 5310 |
| SUP-3 | : 5250 |




| NAME | : GAIL |
|---|---|
| BUY ABOVE | : 455 |
| RES-1 | : 463 |
| RES-2 | : 470 |
| RES-3 | : 483 |
| SELL BELOW | : 455 |
| SUP-1 | : 442 |
| SUP-2 | : 435 |
| SUP-3 | : 428 |




| NAME | : BANK NIFTY |
|---|---|
| BUY ABOVE | : 10967 |
| RES-1 | : 11265 |
| RES-2 | : 11333 |
| RES-3 | : 11500 |
| SELL BELOW | : 10967 |
| SUP-1 | : 10700 |
| SUP-2 | : 10530 |
| SUP-3 | : 10400 |




| NAME | : MARUTI |
|---|---|
| BUY ABOVE | : 1312 |
| RES-1 | : 1329 |
| RES-2 | : 1342 |
| RES-3 | : 1365 |
| SELL BELOW | : 1312 |
| SUP-1 | : 1281 |
| SUP-2 | : 1271 |
| SUP-3 | : 1252 |




| NAME | : AXIS BANK |
|---|---|
| BUY ABOVE | : 1328 |
| RES-1 | : 1343 |
| RES-2 | : 1359 |
| RES-3 | : 1376 |
| SELL BELOW | : 1328 |
| SUP-1 | : 1316 |
| SUP-2 | : 1278 |
| SUP-3 | : 1260 |




| NAME | : EDUCOMP |
|---|---|
| BUY ABOVE | : 466 |
| RES-1 | : 474 |
| RES-2 | : 483 |
| RES-3 | : 501 |
| SELL BELOW | : 466 |
| SUP-1 | : 452 |
| SUP-2 | : 440 |
| SUP-3 | : 428 |




## OUR PERFORMANCE

| STOCKS | REC. PRICE | HIGH/LOW | TARGET |
|---|---|---|---|
| NIFTY | 5313 | 5611 | 3 TARGET ACHIEV. |
| BANKNIFTY | 10454 | 11155 | 3 TARGET ACHIEV. |
| BHARTIARTL | 329 | 338 | 1 TARGET ACHIEV. |
| RELCAPITAL | 454 | 512 | 3 TARGET ACHIEV. |
| ONGC | 262 | 275 | 1 TARGET ACHIEV. |
| HINDALCO | 200 | 213 | 1 TARGET ACHIEV. |

**ATTENTION**

The material contained in the Economic Revolution is based on Fundamental and Technical analysis & other scientific methods and also the knowledge and belief of author. Error can not to be rulled out. The information given is of advisory nature only. The Editor, the Publisher and the Author does not take any consequences arising out of it. All rights reserved. Reproducing to whole or in part of any matter including featurs without permision is not permitted. Letgal jurisdiction is Ahmedabad only. The material given in the Economic Revolution is the views of author only, it not means that Editor is agree with it, so Editor, the Publisher and the printer is not resposible for the contains in writers article.

Narendra Joshi, Editor,
The Economic Revolution.

# લિબીયામાં શાંતિ સંભવ

સન ૨૦૧૧ ના દસમા સપ્તાહનું પ્રતિનિધિત્વ સૂર્ય ગ્રહ કરે છે. વર્ષનું પ્રતિનિધિત્વ રાહુ ગ્રહ કરે છે. આ સપ્તાહે વાયુ જલની રાશી કુંભમાં સૂર્ય અને મંગળ છે તથા જલ તીવ્રની રાશીમાં ચંદ્ર બુધ અને ગુરુ પર શનિની દ્રષ્ટિ હશે. આ બધા ગ્રહ સંયોગ ભારતીય શેર બજારમાં મજબૂતીની સંભાવના દર્શાવે છે. આ સમયે મધ્ય એશિયા અને લિબિયામાં અશાંતિના વાદળો છવાયેલા છે. અને ક્રૂડ ઓઈલ લગભગ ૧૦૩ અમેરિકી ડોલર પ્રતિ બેરલ હોઈ તેની અસર બજારો પર જોવા મળી શકે છે.

**એસ્ટ્રોમની ગુરૂ**



**કર્નલ અજય**
**મો. 09414056705**
www.astromoneyguru.com

જયોતિષીય ગણના અનુસાર લિબિયામાં શાંતિની સ્થાપના ૫ માર્ચ ૨૦૧૧ પછી થઈ શકવાની સંભાવના છે. અને ક્રૂડ ઓઈલમાં પણ ભાવમાં ઘટાડાની સંભાવના જોવા મળી શકે છે. આ બધા શુભ સંકેતો ભારતીય શેર બજાર માટે એક સારા સમાચાર હોઈ શકે છે. નાણાંકીય જ્યોતિષીય અનુસાર ક્રૂડ ઓઈલ લગભગ ઉચ્ચ સ્તર પર ૩-૫ મહિનાના રોકાણકારોએ ક્રૂડ ઓઈલમાં પ્રોફીટ બુકિંગ કરવું હિતાવહ રહેશે. હવે લગભગ ૩ મહિનામાં ક્રૂડ ઓઈલ ૭૦ અમેરિકી ડોલર પ્રતિ બેરલ સુધી નીચે જઈ શકવાની સંભાવના છે. આ ઘટાડો ૨૫ ટકા સુધીની હોઈ શકે છે.

આ સપ્તાહે ભારતીય શેર બજારમાં બેંકિંગ, ઓઈલ માર્કેટિંગ કંપનીઓમાં, કેપિટલ ગુડ્ઝ વગેરે કંપનીઓના શેરો પર નજર રાખવી હિતાવહ રહેશે. મધ્યમગાળા માટે રિલાયન્સ કેપિટલ, આઈએફસીઆઈ, એચપીસીએલ, બીપીસીએલ પર નજર રાખી શકાય. પ્રાજ ઈન્ડ. પર પણ નજર કરી શકાય.

આ સપ્તાહ કન્યા રાશી વાળા માટે વધુ સાવધાની રાખવી હિતાવહ રહેશે. રાશીનો સ્વામી રાશીના સપ્તમ ભાવમાં નીચ રાશી ગુરુ અને ચંદ્ર સાથે યુતિ બનાવે છે. આ બધા યોગ કન્યા રાશીવાળા માટે તથા ભાગીદારી વ્યવસાયમાં મુશ્કેલી પેદા કરી શકે છે.

બુધ, મંગળ અસ્ત અવસ્થામાં છે. તથા ત્રણે ગ્રહો વક્રી અવસ્થામાં છે. આ સપ્તાહે રાહુ-કેતુ અને શનિ ગ્રહ વક્રી હશે જે કન્યા રાશીવાળા માટે આર્થિક અને સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યા ઊભી કરી શકે છે.

કન્યા રાશીવાળા માટે ૫-૧૪- અને ૨૩ તારીખો શુભ હોઈ શકે છે. આ તારીખોમાં સંજોગોવશાત બુધવાર આવી જાય તો અદ્ભૂત ફળ આપનાર બની રહેશે. કન્યા રાશીવાળા માટે પન્ના રત્ન ધારણ કરવું શુભ રહી શકે છે.

ઉપરોક્ત બધી ભવિષ્યવાણી જેમીની જ્યોતિષ અને અંક જ્યોતિષના માધ્યમથી આપવામાં આવે છે. લેખકનો આમાં કોઈ અંતરંગ સ્વાર્થ નથી.

**લાયન્સ રોર પા.નં. 3 નું ચાલુ**

૮૮ ઉપર ઓવરબોટ ટેરીટરીમાં છે. મની ફલો ઈન્ડેક્ષ ૫૮ પર છે અને બાયમોડમાં છેજે દર્શાવે છે કે પૈસાનો પ્રવાહ આવી રહેલ છે. ઓબીવી એ લીડ ઈન્ડીકેટર છે અને તેણે પણ બાય સિગ્નલ આપેલ છે. બંને ઈન્ડેક્ષો તૂટયા ૫ હેલાં બોલીંગ બેન્ડના ઉપરના અંત સુધી ગયા હતા. એડીએક્ષ ૧૯ સુધી ઘટીને સૂચવી રહેલ છે કે નિમ્નગતિએ તેની મોટાભાગની મજબૂતાઈ ગુમાવી છે. જે રીતે +ડીઆઈ - ડી આઈ થી ઉપરે છે તે જોતા દીશાસૂચક સૂચકાંકો પણ 'બાય મોડ'માં છે.

નિફ્ટી ઓ આઈ પી સી આર ૧.૩૨ સુધી વધેલ છે. ૫૬૦૦ના સ્ટાઈક ભાવે મહત્તમ કોલરાઈટીંગ જોવા મળેલ છે અને ૫૪૦૦ તેમ જ ૫૩૦૦ ના સ્ટ્રાઈકભાવે મહત્તમ પુટરાઈટીંગ જોવા મળેલ છે. જેસૂચવે છે કે ઉપર તરફ ૫૬૦૦ મજબૂત પ્રતિકારક સપાટી તરીકે રહેશે અને જયારે બજાર નીચે આવે ત્યારે ૫૪૦૦ થી ૫૩૦૦ વચ્ચે કેટલિક ટેકાની સપાટીઓની અપેક્ષા છે.

સેન્સેક્ષ માટેની ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૧૮૮૩૯ છે જયારે ટ્રેન્ડલાઈન ટેકાની સપાટી ૧૭૪૦૫ છે.

નિફ્ટી માટેની ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૫૬૪૩ છે જયારે ટ્રેન્ડલાઈન ટેકાની સપાટી ૫૨૧૦ છે.

આવનાર સપ્તાહે સેન્સેક્ષ માટેનો ટેકો ૧૮૧૩૫-૧૭૮૧૯-૧૭૩૯૪ અને પ્રતિકારક સપાટી ૮૭૭૯-૧૯૦૭૪-૧૯૩૪૦ રહેશે. આવનાર સપ્તાહે નિફ્ટી માટેનો ટેકો ૫૪૩૧-૫૩૨૯-૫૨૧૦અને પ્રતિકારક સપાટી ૫૬૨૯-૫૭૧૪-૫૮૦૧ રહેશે.

# પ્રાઈમરી માર્કેટના તાણા - વાણા

**ઓ એન જી સી નો એફપીઓ ૫મી એપ્રિલે ખુલ્લો મુકાશે**

સરકારશ્રીની માલિકીની ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન એટલે કે ઓ એન જી સી નો એફ પી ઓ તા. ૫ મી એપ્રિલે ભરણા માટે ખુલ્લો મૂકવામાં આવનાર છે. આ કંપનીમાં સરકારશ્રી પોતાનો ૭૪.૧૪ ટકા હિસ્સો ધરાવે છે જેમાંથી ૫ ટકા એફ પી ઓ તરીકે ઓફર કરશે. એક અહેવાલ મુજબ આ ઈસ્યુમાં નાના રોકાણકારોને ૫ ટકા ડીસ્કાઉન્ટ આપવામાં આવશે. સરકારશ્રીનો હિસ્સો, આ ઈસ્યુ પછી ૬૯.૧૪ ટકા થશે અને સરકારશ્રીની ધારણા મુજબ આ એફ પી ઓ થી રૂ. ૧૦,૮૦૦ કરોડ એકત્રિત થશે.

સરકારશ્રીએ આવનાર વર્ષમાં એટલે કે ૨૦૧૨ની સાલમાં રૂ. ૪૦,૦૦૦ કરોડનું ડીવેસ્ટમેન્ટ કરવાની જાહેરાત કરેલ છે, આ ઈસ્યુ તેમાંનો જ એક હિસ્સો હશે.

**પી ટી સી ઈન્ડિયા ફાઈનાન્સીઅલ આઈપીઓને ક્રીસીલ દ્વારા ગ્રેડ ૩ અપાયો**

ક્રેડીટરેટીંગ કું ક્રીસીલદ્વારા દરખાસ્તિત પી ટી સી ઈન્ડિયા ફાઈનાન્સીઅલ સર્વિસ લી. ને પાંચમાંથી ત્રણ ગ્રેડ આપવામાં આવેલ છે એટલે કે આ આઈપીઓ તેની હરિફ કંપનીઓ સાથે સરખાવતાં સરાસરી ફન્ડામેન્ટલ વાળી ઠરાવવામાં આવેલ છે.

**શેર બજારની સમીક્ષા પા.નં. ૧ નું ચાલુ**

સહિત અન્ય શેરોમાં નીચેનું બ્રેક આઉટ આવ્યું છે અને આમ શક્ય છે કે બજારો આગામી ત્રિમાસિક પરિણામોની સિઝન સુધી આ ૫૨૦૦-૫૮૦૦ની રેન્જમાં કોન્સોલિડેટ થયા કરે અને ત્યાં સુધી મોટાભાગના લાર્જ કેપ શેરો રેન્જ બાઉન્ડ રહે તેમજ મિડકેપ અને સ્મોલકેપ માં લેણનું વલણ ધીમે ધીમે વધતા વોલ્યુમ સાથે જોવા મળે. વિતેલા સપ્તાહ દરમ્યાન બજારોમાં એક્રોસ ધ બોર્ડ લેણ જોવા મળ્યું હતું. જો કે જોઈએ તેવું વોલ્યુમ નથી રહ્યું પરંતુ ગમે તેમ પ્રોત્સાહજનક બીના છે.

બેંક નિફ્ટી ફ્યુચરમાં ૧૧૧૫૫ ની સપાટી પર બંધ રહ્યો હતો. સાપ્તાહિક ધોરણે લેણ કરીને કામ કરી શકાય જેમાં ઉપર સુધી ૧૧૨૮૦ કૂદાવતા ૧૧૪૪૦ અને ૧૧૬૩૫ સુધી જઈ શકવાની ક્ષમતા ધરાવે છે. જો કે નીચામાં ૧૧૦૯ નીચે એક વાર એક્ઝીટ થઈ જવું અને ફરીથી એન્ટર થવું. આમ વેચાણવાળા ૧૨૮૦નો સ્ટોપલોસ પણ રાખી શકે છે. જો કે વેચાણ કરવાનું સલાહભર્યુ નથી. નીચામાં પણ હાલ પુરતું લેણ કરીને ઈન્ટ્રાડેમાં કામ કરવાનું વલણ રાખવું કારણ કે આગામી સપ્તાહમાં બજારો અતિશય અનિશ્ચિતથી ફલેટ અને વધુમાં નેગેટિવ કે પોઝીટીવ કોઈપણ બાજુ જઈ શકે છે સિવાય કે આપણી ઉપરની નિફ્ટી ફ્યુચરની ધારણાઓ સાચી બને અને બજારો કોન્સોલિડેશન ફેઝમાં જાય.

# ચાર સપ્તાહ પહેલાંનો લો ના તોડે તો અને ૧૮૮૩૦ / ૫૬૨૦ ઉપર બંધ આપે તો બજારમાં જબ્બર તેજીનો માહોલ જોવા મળે

**બીએસઈ સેન્સેક્સ**

**બંધ : ૧૮૪૮૬.૪૫**

વાચક મિત્રો,

બજેટ બાદ મોટા ભાગે બજારમાં બજેટના દિવસે તેજી હોય તો ઘટે જ છે એવું આપણે જોતા આવેલ છીએ. બજારના મોટા એનાલીસ્ટોના માનવા

**પૂંજલોઇડ ભયંકર ઓવરસોલ્ડ થઇ ચૂક્યો છે. વર્તમાન ભાવથી ૫૦-૬૦ ટકા રીટર્ન સ્પીડી મળી શકે છે.**

મુજબ બજાર હાલમાં ૨૦૦ ડીએમએ નીચે ચાલી રહેલ છે. જે એક નેગેટીવ નિશાની ગણાય. પરંતુ વર્તમાન સમયમાં ૨૦૧૦માં ૧૭-૫-૨૦૧૦ના ૨૦૦ ડીએમએ નીચે બજાર ગયા પછી લગભગ



એકાદ માસ ૨૦૦ ડીએમએ નીચે એક્યુમ્યુલેટ થયા બાદ બજારે કરવટ બદલી અને બાદમાં ૨૦૦ ડીએમએ ક્રોસ કર્યા બાદ પાંચ માસમાં નવો હાઈ પ્રસ્થાપિત કર્યો. હાલમાં આપણું બજાર ૨૮-૧-૨૦૧૧થી ૨૦૦ ડીએમએ નીચે ચાલી રહ્યું છે. આજે ૨૦૦ ડીએમએ ૧૮૮૨૭.૭૦ કરતા નીચેથી જે થોડું નરમ આવેલ છે. જે સહેજે. છતાં આવતા સપ્તાહમાં જે બજાર ખુલ્યાથી થોડું ઘટીને ૧૮૧૩૭ થી ૧૮૨૦૧ આવીને જો સુધરી જાય અને ૧૮૯૦૫ ઉપર આવતા સપ્તાહમાં બંધ આપે તો બજારમાં તેજી જોવા મળી શકે છે. બાકી હાલના તબક્કે તો ગત સપ્તાહમાં સાપ્તાહિક ધોરણે ૧૦૧૮.૦૯ પોઈન્ટની રેન્જ બાદ બજાર ખુલ્યાથી ૬૭૫.૩૭ પ્લસ અને આગલા સાપ્તાહિક બંધ કરતાં ૭૮૫.૫૪ પ્લસ બંધ

**હિંમતસીંગ કા સીડે-ઇસ્ટર્ન સીલ્કમાં ઇન્વેસ્ટ કરો.**

આવીને સાપ્તાહિક ક્લોઝ સારો આપેલ છે.

બીજી ખાસ વાત એ કે તેજી ધ્યાનવાળાએ ૧૭૯૮૫ના ટેકાને

**નાહર સ્પીનીંગ વર્તમાન ભાવથી ૧ થી ૨ વર્ષમાં ૩૦૦નો ભાવ બતાવી શકે છે.**

ધ્યાનમાં રાખી ૧૭૯૭૫ના સ્ટોપલોસથી તેજી કરાય. ઉપરમાં ૧૮૯૬૭ ક્રોસ થતાં ઝડપી ૧૯૦૭૪, ૨૦૨૭૦, ૨૦૫૫૦ની શક્યતા જોવા મળે. અમોને ચાર્ટ જોતાં ૧૯૯૪ના ચાર્ટની પેટર્ન બનતી દેખાય છે અને બજાર કદાચ એપ્રિલ મધ્ય સુધી તો તેજી થાય જ એવું લાગે છે.

હવે આપણે ચાર્ટની રીતે સેન્સેક્સના સપોર્ટ અને અવરોધ જોઈ લઈએ.

**સપોર્ટ :**

**માર્વેલસ રિસર્ચ**
**લલીતભાઈ શાહ**
**મો. ૯૮૨૫૦૫૬૩૯૬**

(૧) ૧૮૨૦૧
(૨) ૧૮૧૫૫
(૩) ૧૮૧૩૭
(૪) ૧૮૧૦૦

**અવરોધો :**

(૧) ૧૮૭૮૨
(૨) ૧૮૮૨૭
(૩) ૧૮૯૦૩
(૪) ૧૯૪૭૭

હવે ૧૭૬૫૦ તૂટે તો ૧૭૪૬૦ પણ તૂટે તો ૧૭૨૯૫ પણ તુટી જાય અને બજાર ૧૫૭૦૦ આજુબાજુની સપાટી જુએ. માટે આવતું સપ્તાહ બજાર માટે



ખૂબ જ અગત્યનું છે. બાકી માર્ચ એન્ડીંગ માથે હોય કંપનીઓના સરવૈયા તૈયાર થતા હોય અને કંપનીના ચોથા ક્વાર્ટરના અને વાર્ષિક હિસાબો ઉપર જ આગળ ઉપર સ્ક્રિપ્ટ સ્પેસિફીક બજારની ચાલ જોવા મળશે જે સહેજે.

ડેઈલી ચાર્ટ ન્યુટ્રલમાંથી ઓવરબોટ તરફ થતો જાય છે તો વીકલી ચાર્ટ આગળ ઉપર.

૧૭૯૯૦ના સપોર્ટથી ૧૭૮૦૦ના સ્ટોપલોસ સાથે ૧૮૫૨૦, ૧૮૫૬૧, ૧૮૯૩૩, ૧૯૩૦૦ની શક્યતા બતાવે

**આ વખતના બજેટમાં અનેક એવી જોગવાઇઓ થકી બજારમાં નાણાંનો ધોધ વહેવાની શક્યતાએ આગળ ઉપર મોટી તેજી દેખાઇ રહી છે**

છે.

ચાર્ટ બજારમાં ભારેથી અતિભારે ચંચળતાના સંકેત આપે છે અને સપ્તાહન્તે ૧૯૩૫૦ ઉપરનો ક્લોઝ હર્ષદ મહેતાવાળી અવલૌકિક તેજીની શક્યતા

**રબ્બર ઇન્ડસ્ટ્રીઝનો મૃતઃપ્રાય થયેલ તેમજ ઓટોમોબાઇલનો એક શેર જેમાં અનેક સંગીન તેજીના કારણો દેખાય છે**

દેખાડે છે.

હવે આવીએ નિફ્ટી ઉપર.

**નિફ્ટી**

**બંધ : ૫૫૩૮.૭૫**

સપ્તાહ દરમિયાન નિફ્ટી રાણીએ ૨૯૯ પોઈન્ટના ઠુમકા માર્યા બાદ સાપ્તાહિક ઓપનથી ૨૦૮.૬૦ પ્લસ અને આગલા સાપ્તાહિક બંધ કરતાં ૨૩૫.૨૦ પ્લસનો પોઝીટીવ બંધ આપેલ છે. ચાર્ટ જોતાં નિફ્ટીના મુખ્ય સપોર્ટ અને અવરોધો આ મુજબ છે.

**અવરોધો :**

(૧) ૫૫૪૭ (૨) ૫૬૫૪
(૩) ૫૬૭૪ (૪) ૫૭૯૫

**સપોર્ટ :**

(૧) ૫૪૨૮ (૨) ૫૪૩૫
(૩) ૫૪૪૫ના મુખ્ય સપોર્ટ છે.

૫૨૬૫ તૂટતા ૫૨૩૦ પણ તુટી શકે



છે. અને ૫૧૭૭ પણ તુટી શકે છે અને ૪૭૦૦ની શક્યતા ઊભી થાય. વચ્ચે ૫૧૧૦ આજુબાજુ સપોર્ટ મળી શકે. ઉભય પક્ષે ૫૬૬૦ ઉપર ચાલે તો ૫૭૯૬ની શક્યતા ઊભી થાય છે.

ટૂંકમાં આવતું સપ્તાહ ઘણું બધું કહી જશે કે બજારનું શું થવા બેઠું છે. ડેઈલી

**૧૭૪૬૦/૫૨૨૫ નીચે બજારમાં ૧૫૭૦૦/૪૭૦૦ની શક્યતા ઊભી થાય.**

ચાર્ટ પોઝીટીવ, વીકલી પોઝીટીવ, મંથલી નેગેટીવ છે. ડેઈલી ચાર્ટ ઉપર આજની પડેલી કેન્ડલ બુધવાર સુધી કરેકશન આવી શકે છે. ટૂંકમાં બજારમાં આવતા સપ્તાહમાં જબર વોલેટાલિટી જોવા મળશે.

**પ્રાઈવેટ ઓઇલ એક્સ્પ્લોરેશનના બે શેરમાં વર્તમાન ભાવથી બહુ જ ઝડપી ૫૦ થી ૧૦૦ ટકા સુધીનો ઉછાળો આવવાની શક્યતા દેખાય છે.**



**બાય એન્ડ સેલ પા.નં. ૧ નું ચાલુ**

૫૨ ૧ટકા વ્યાજ પર સરકારી મદદ

**ઉદ્યોગો માટે**

૧. કોર્પોરેટ ટેક્ષ પર ૫ ટકા સરચાર્જ ઓછો કરવાની દરખાસ્ત. બધી જ કોર્પોરેટ કંપનીઓને આથી લાભ મળશે.

૨. ભારતીય કંપનીઓ માટે વિદેશી ડિવિડન્ડ વેરા ઉપર ૧૫ ટકા કપાત. વિદેશી સબસીડીઓ ધરાવતી ભારતીય કંપનીઓને લાભ.

૩.મીનીમમ ઓલ્ટરનેટ ટેક્ષ (મેટ) ૧૮ ટકાથી વધારીને ૧૮.૫૦ ટકા કરવામાં આવ્યો, બધા જ ઉદ્યોગો પર સામાન્ય નકારાત્મક અસર થાય.

૪. સેલ ડેવલપર પર ૧૮.૫ ટકા મેટ લેવામાં આવશે. સેજ ડેવલપર માટે માઠા સમાચાર.

૫. ઓટોમોબાઈલ્સ : એકસાઈજ ડ્યુટી માળખામાં કોઈ ફેરફાર નહીં, દરેક સેકટર માટે હકારાત્મક બાબત. સરકાર હાઈબ્રીડ, ઈલેકટ્રીક વ્હીકલ માટે એક રાષ્ટ્રીય મીશન સ્થાપવા માગે છે જેઓએ આમાં રોકાણ કરેલ નથી તેઓ માટે નકારાત્મક જયારે એમ એન્ડ એમ માટે હકારાત્મક.

¶. બેંક અને નાણાકીય સંસ્થાનો

(એ) એન બી એફ સી : આર બી આઈ વધુ બેંકીંગ લાયસન્સ આપશે - હકારાત્મક

(બી) એમ એફ આઈ : માઈક્રો કંપની માટે રૂ. ૧૦૦ કરોડ ઈકવીટી ફન્ડ ઉપલબ્ધ કરશે - હકારાત્મક

(સી) હાલના વર્ષમાં રૂ. ૬૦૦૦ કરોડ અને ના. વ. ૨૦૧૨ માં રૂ. ૧૨૦૦૦ કરોડ નવું રોકાણ - પી એસ યુ બેંક માટે હકારાત્મક

(ડી) જીવન વિમાની સેવાઓ ઉપલબ્ધ કરવા માટે લેવી ટેક્ષની દરખાસ્ત - વીમા કંપનીઓ માટે નકારાત્મક, જેમાં એલ આઈ સી નો પણ સમાવેશ થાય છે.

(ઈ) આગળ ઉપર વીમા સુધારા બીલ સાથે આગળ વધવું - એલ આઈ સી બીલ અને પેન્શન બીલ ચાલુ સેશનમાં જ - હકારાત્મક

૭. સિમેન્ટ : જીપ્સમ અને કોલ પરનો આયાત વેરો ૫ ટકાથી ઘટાડીને ૨.૫ ટકા - સિમેન્ટ શેર માટે હકારાત્મક, નકારાત્મક જાહેરાતની દરખાસ્ત કે સિમેન્ટ પર એડ વેલોરમ ડ્યુટી સાથે એકસાઈસ ડ્યુટી રિપ્લેસ કરવી

૮. સિગારેટ પર કોઈ વધારાનો કર નહીં - આઈ ટી સી, ગોડફ્રાય ફીલીપ, જી ટી સી આઈ એન ડી માટે હકારાત્મક

૯. ઈકવીટી બજાર

(અ) રજીસ્ટર્ડ એફ આઈ આઈ અને એન આર આઈ ને મ્યુચ્યુઅલ ફંડમાં પણ રોકાણ કરવા માટેની મંજૂરી - ખૂબ મોટી આશ્ચર્યજનક હકારાત્મકતા

(બ) એફ આઈ આઈ ને અનલીસ્ટેડ બોન્ડમાં રોકાણ કરવાની મંજૂરી અને એફ ડી આઈ પોલીસીમાં વધુ છૂટ આપવા માટેની દરખાસ્ત પણ હકારાત્મક પ્રતિભાવ આપશે.

(ક) સર્વિસ ટેક્ષ ૧૦ ટકા રહ્યો જે ઈકવીટી માર્કેટને ન્યુટ્રલ ઈફેકટ કરશે.

૧૦. ફર્ટિલાઈઝર : એન બી એસ નીચે ફર્ટિલાઈઝર કંપનીઓની ગૌણ કંપનીઓને ડાયરેકટ ટ્રાન્સફરને ગતિ અને ફર્ટિલાઈઝર સેકટરના રોકાણને ઈન્ફ્રાનું સ્ટેટસ - ફર્ટિલાઈઝર ક્ષેત્ર માટે હકારાત્મક.

૧૧. સર્વિસ ટેક્ષ હોટલના એક દિવસના ૧૫૦૦ થી વધુના ભાડા ઉપર લેવામાં આવશે -હોટલ ઉદ્યોગ માટે નકારાત્મક

૧૨. ૨૫ કરતાં વધારે પથારી ધરાવતી અને એસી હોસ્પિટલ પણ સર્વિસટેક્ષ નીચે આવરી લેવામાં આવેલ છે. - હોસ્પિટલ શેર માટે નકારાત્મક

૧૩. આઈ ટી શેર : ટેકનોલોજી પાર્ક નીચેના આઈ ટી સ્યોક માટે ૧૦ એ % ૧૦ બી માટે કોઈ એક્ષટેન્શન નહીં. - આઈ ટી સ્ટોક માટે નકારાત્મક

૧૪. મેટલ : કાચા લોખંડ પરનો નિકાસવેરો પાછો ખેંચાયો : આયરન ઓર પણ ૨૦ ટકા એડવાલોરેમ એક્ષપોર્ટ ડ્યુટી - સ્ટેઈનલેસ સ્ટીલ, સ્ક્રેપ વગરેને મૂળ કસ્ટમડ્યુટીમાંથી મુક્તિ - મેટલમાં મિશ્ર ઉર્ધ્વગતિ જોવા મળે.

૧૫. ખાણ અને ખનીજ : આયરન ઓર એડ વેલરમ ૨૦ ટકાના દરે - સેસાગોઆ - એન એમ ડી સી જેવા સ્ટોક માટે ખૂબ ખરાબ

૧૬. ઓ એમ સી :ઓઈલ સેકટરમાં કોઈ વેરામાં ફેરફાર નહીં - ઓઈલ માર્કેટીંગ કંપનીઓ માટે નકારાત્મક - ઉદ્યોગોને રાહત મળે તે હેતુથી કેરોસીનને સીધી રોકડ સબસીડી આપવા માટેની હિલચાલ

૧૭. પાવર : અલ્ટ્રા મેઘા પાવર પ્રોજેકટ માટે એકસાઈઝ ડ્યુટી ઈકવીપમેન્ટમાં કોઈ એકસાઈઝ નહીં - આ સેકટર માટે હકારાત્મક બાબત

૧૯. રિઅલ એસ્ટેટ : ઈન્ફ્રા ડેબ્ટ ફંડનો ઉદ્‌ભવ - રૂ. ૩૦૦૦૦ કરોડના ઈન્ફ્રા ડેવલપમેન્ટ વેલ્થ ટેક્ષ ફ્રી બોન્ડ - કેટલિક બાબતોમાં રિયાલીટી ક્ષેત્રના ડેવલપર્સ માટે હકારાત્મક

૧૯. ટેક્ષટાઈલ્સ : બ્રાન્ડેડ ગારમેન્ટ ૫ ર ૧૦ ટકા એકસાઈઝ ડ્યુટી - ટેક્ષટાઈલ્સ કંપનીઓ માટે નકારાત્મક - યાર્ન પર ૭.૫૦ ટકાથી ૫ ટકા સુધી કસ્ટમ ડ્યુટીની કપાત - ટેક્ષટાઈલ માટે નકારાત્મક

૨૦. ટ્રાન્સપોર્ટેશન :એરટ્રાવેલ માટે સર્વિસ ટેક્ષમાં વૃધ્ધિ, ટ્રાન્સપોર્ટેશન સાથે સંકળાયેલ શેરને ખરાબ અસરો- શીપ ઓનર્સને વેરા મુક્ત સ્પેર પાર્ટસની આયાત કરવા માટે છૂટ - શીપીંગ શેર માટે હકારાત્મક

**બીજી મહત્વની બાબતો**

**૨૧**. શિક્ષણ ક્ષેત્રને રૂ. ૫૨૦૫૭ ફાળવામાં આવ્યા અને ભારત નિર્માણ માટે ૨. ૫૮,૦૦૦ કરોડ ફાળવવામાં આવ્યા

૨૨. સેન્ટ્રલ એકસાઈઝ ડ્યુટીમાંથી બેઝીક ફૂડ અને ફયુઅલને છૂટ

૨૩. માઈક્રો ઈરીગેશન ઈકવીપમેન્ટપર કસ્ટમ ડ્યુટીમાં ઘટાડો

૨૪. ૧ ટકા એકસાઈઝ ડ્યુટી નીચે ૧૩૦ નવી આઈટમો ઉમેરાઈ

**છેલ્લું પરંતુ અંતિમ નહીં**

મિડિયાને સંબોધન કરતી વખતે આપણા વડાપ્રધાને એ બાબતે સંકેત આપેલ કે તેઓ યુનિયન બજેટ પછી કેબિનેટની પુનરચના કરવા વિચારી રહેલ છે, જે તરફ નિષ્ણાતો નજર માડીને બેઠા છે, કારણ કે હાલમાં સત્તાધિન પક્ષ તેમના સહયોગીઓથી ખૂબ જ દબાણ હેઠળ છે, હવે તેઓ પુનઃરચના કરવા માગે છે તેનો અર્થ એ કે તેઓ હાલના ભ્રષ્ટાચારમાંથી પોતાની જાતને છૂપાવવા માગે છે અથવા તો પોતે આ ભ્રષ્ટાચારના આરોપમાંથી છટકી જવા માગે છે. અને બીજી પણ એક વાત બજારમાં ચર્ચાઈ રહી છે અને તે એ છે કે કોંગ્રેસ સંચાલિત આ સરકાર માત્ર કેબિનેટની પુનઃરચના કરવા જઈ રહી નથી, તેઓ વડાપ્રધાનને બદલવા પણ આયોજન કરી રહેલ છે. જો આમ બનશે તો, ૨૦૧૧નું વર્ષ બજાર માટે ખૂબ જ ખરાબ નિવડશે.

**ટેકનીકલી :**

અમને લાગે છે કે બજારમાં બીજો ૭ થી ૯ ટકા ઘટાડો એટલે કે ૪૯૫૦-૪૮૭૦ સુધીનો ઘટાડો જોવા મળશે. જો નિફ્ટી ૫૨૨૦-૫૧૭૦ની સપાટી વટાવે અને તેને જાળવી રાખે તો અમે ગયા અંકના લેખમાં જ જણાવેલ કે નિફ્ટીને ૫૫૮૦-૫૬૩૦ વચ્ચે ઘણી સિમાઓ છે. સામાન્ય સંજોગોમાં નિફ્ટી ૫૫૮૦-૫૬૩૦ ઉપર હકારાત્મક રૂખ ચાલુ રાખશે ઉપર તરફ ૫૬૭૦-૫૭૨૦ની સપાટી પણ દર્શાવી શકે.

**જો કે બજાર ખૂબ સેન્ટીમેન્ટથી ચાલે છે છતાં એ વાત પુરવાર થયેલ છે કે મજબૂત ફન્ડામેન્ટલ અને ટેકનીકલ લાંબુ આયુષ્ય આપે છે.**

**સેન્સેક્ષ ૧૮૪૮૬**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા.૦૭ માર્ચ, ૨૦૧૧ થી ૧૧ માર્ચ, ૨૦૧૧)**

આ સપ્તાહે ૧૮૫૩૭ અને ૧૮૩૪૭ અગત્યની સપાટીઓ તરીકે કાર્ય કરશે, આગામી સપ્તાહે જો સેન્સેક્ષ ૧૮૫૩૮ ઉપર ટકી રહે અથવા તો ૧૮૩૪૭ નીચે ટકી રહે તો તે મુજબ બજારની આગામી રુખ નક્કી થશે.

**ટેકાની સપાટી :** ૧૮૩૪૭, ૧૮૨૩૦, ૧૮૦૮૧ અને ૧૭૮૧૬

**પ્રતિકારક સપાટી :** ૧૮૫૩૭, ૧૮૭૦૨, ૧૮૯૨૩ અને ૧૯૦૯૦

**તા.૦૭ માર્ચના રોજ સેન્સેક્ષની પરિસ્થિતિ**

આજે, જો સેન્સેક્ષ ૧૮૫૩૭ થી ઉપરની સ્થિતિ જાળવી રાખશે તો ઉપર તરફનો લક્ષાંક ૧૮૭૦૨-૧૮૭૮૩ રહેશે. નહીંતર તે ૧૮૨૩૦-૧૮૧૭૧ ની સપાટી સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી :** ૧૮૪૧૪, ૧૮૩૪૭, ૧૮૨૩૦ અને ૧૮૧૭૧

**પ્રતિકારક સપાટી :** ૧૮૫૩૭, ૧૮૫૯૪, ૧૮૭૦૨ અને ૧૮૭૮૩

**નિફ્ટી ૫૫૩૮**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ તા.૦૭ માર્ચ, ૨૦૧૧ થી ૧૧ માર્ચ, ૨૦૧૧)**

આ સપ્તાહે ૫૫૫૨ અને ૫૪૯૬ ની સપાટી અગત્યની રહેશે. જો નિફ્ટી ૫૫૫૨ ઉપર અથવા તો ૫૪૯૬ નીચે ટકી રહે તો તે આગામી બજાર માટેની રુખ નક્કી કરશે.

**ટેકાની સપાટી -** ૫૪૯૬, ૫૪૬૩, ૫૪૧૫ અને ૫૩૩૪

**પ્રતિકારક સપાટી -** ૫૫૫૨, ૫૬૦૩, ૫૬૭૦ અને ૫૭૨૧

**તા.૦૭ માર્ચના રોજ નિફ્ટીની પરિસ્થિતિ** આજે, જો નિફ્ટી ૫૫૫૨ ની સપાટી જાળવી શકે તો પછી તેનો ઉપર તરફનો લક્ષાંક ૫૬૦૩-૫૬૩૦ દર્શાવી શકે. નહીંતર નિફ્ટી ૫૪૬૩-૫૪૪૨ સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી -** ૫૫૧૭, ૫૪૯૬, ૫૪૬૩ અને ૫૪૪૨

**પ્રતિકારક સપાટી -** ૫૫૫૨, ૫૫૭૧, ૫૬૦૩ અને ૫૬૩૦

**ડીલીવરી પેક**

**કોક્ષ અને કીન્ગસ**

**હાલનો ભાવ રૂ. ૩૯૬**

રૂ. ૩૮૦ને નજીકનો ટેકો ધારીને દરેક ઘટાડે આ શેર ભેગા કરો. અમારો ટૂંકા ગાળાનો લક્ષાંક રૂ. ૪૫૦ અને તેથી વધુ. અગ્રણી સંસ્થાઓ આ શેર ભેગા કરી રહેલ છે.

**સાપ્તાહિક દ્રષ્ટિકોણથી ખરીદી**

**૦૭ માર્ચ થી ૧૧ માર્ચ ૨૦૧૧**

| SCRIP | CLOSE | SUP. | RESIS. |
|---|---|---|---|
| ABGSHIP | 354 | 348,345 | 365,374 |
| AMBUJACEM | 123 | 121,120 | 128,131 |
| BHARTI | 326 | 322,313 | 333,340 |
| CIPLA | 304 | 301,296 | 310,315 |
| CROMPTON | 248 | 240,227 | 257,268 |
| DLF | 222 | 217,212 | 230,235 |
| HDFCBANK | 2218 | 2192,2157 | 2245,2282 |
| HINDALCO | 210 | 207,202 | 216,221 |
| HINDOILEXP | 166 | 162,155 | 173,180 |
| ICICIBANK | 1015 | 997,982 | 1044,1065 |
| INFOSYSTCH | 3063 | 3048,3015 | 3097,3132 |
| ITC | 173 | 171,168 | 176,181 |
| LIC | 195 | 192,189 | 201,204 |
| MARUTI | 1313 | 1301,1278 | 1350,1387 |
| POLARIS | 185 | 182,179 | 193,202 |
| RELCAPITAL | 483 | 477,468 | 496,513 |
| RELIANCE | 981 | 964,955 | 995,1018 |
| SAIL | 155 | 153,152 | 160,163 |
| SBIN | 2700 | 2670,2637 | 2745,2770 |
| SIEMENS | 853 | 845,838 | 860,885 |
| STER | 166 | 162,159 | 173,178 |
| SUNTV | 418 | 411,402 | 432,445 |
| TATAMOTORS | 1168 | 1152,1137 | 1195,1220 |
| TATAPOWER | 1219 | 1203,1190 | 1234,1257 |
| TATASTEEL | 617 | 612,607 | 627,636 |
| TCS | 1135 | 1125,1112 | 1164,1175 |
| WIPRO | 442 | 436,433 | 453,460 |

**શેરબજારમાં કમાણી કરવા માટે**

**શેરબજારમાં કમાણી કરવા માટે ડે-ટ્રેડીંગ - ઇન્ટ્રાડે - બીટીએસટી - એસટીબીટી પોઝીશનલ - ઇન્વેસ્ટમેન્ટ કોલ એન્ડ એફએન્ડઓની એડવાઇઝ માટે.**

**રૂબરૂ મુલાકાત માટે ફોન કરીને આવવું.**

**Contact : Mr. LALIT SHAH**
**(Mobile : 098250 56396)**
**Marvellous Global, Inc.**

# આ સપ્તાહે લવેબલ લીન્ગરીસ લી.નો આઈપીઓ અને એપ્રિલમાં ઓ એન જી સીનો એફપીઓ ભરણા માટે ખુલ્લા મુકાશે

**નવા ઈસ્યુ**

**નરેન્દ્ર જોષી**

મિત્રો, બજારમાં બજેટની રાહ જોવાતી હતી, આ ઉપરાંત અનિલ અંબાણી ગ્રુપ પર હંગામી ધોરણે આવેલી આફત એટલે કે અનિલ અંબાણીના શેરોમાં ગેરરીતિની અફવા, પૂર્વ ટેલીકોમ મંત્રી રાજાનું ૨ જી સ્પેક્ટ્રમ કૌભાંડ અને આ પછી આવેલ કૌભાંડોની વણઝાર, વૈશ્વિક સ્તરે પણ ઈજીપ્તના હુસની મુબારક સામેનો બળવો તેમ જ લીબીયાના ગદ્દાફી સામેના બળવાને કારણે સર્જાયેલ અનિશ્ચિતતાએ અને આ જ કારણોસર એફ આઈ આઈ દ્વારા કરવામાં આવેલ વેચવાલીના કારણે ભારતીય બજારોએ સ્થિરતા ગુમાવી હતી અને નિમ્નમૂખી ગતિ આદરી હતી, આ કારણે તેજીને વટાવી લેવા માટે આઈપીઓ લઈને આવવા માટે ઉત્સુક કંપનીઓએ પોતાની ઈચ્છા પર બ્રેક મારી હતી, ડીસઈન્વેસ્ટમેન્ટના આઈપીઓમાં પણ અનિશ્ચિતતા સર્જાઈ હતી, પણ નાણામંત્રીશ્રી પ્રણવ મુખરજી દ્વારા આપવામાં આવેલ બજેટમાં શેરબજારને સાનુકુળ લાગે તેવી જાહેરાતોએ અને કોઈ પણ જાતના વધુ કરના બોજના અભાવને કારણે શેરબજારમાં અપેક્ષા પૂર્ણ થઈ હોય તેમ ઉર્ધ્વગતિ ચાલુ થઈ અને હવે જો આ ઉર્ધ્વગતિ ચાલુ રહેશે તો નવા ઈસ્યુ આવશે પણ ખરા.

જો કે તાજેતરમાં જ પ્રસ્તુત થયેલ બજેટમાં નાણા પ્રધાન શ્રી પ્રણવ મુખરજીએ આવનાર વર્ષે રૂ. ૪૦,૦૦૦ કરોડના ડીવેસ્ટમેન્ટની જાહેરાત કરેલ છે અને આ અનુસાર તા. ૫મી એપ્રિલના રોજ ઓ એન જી સી ના એફપીઓ દ્વારા સરકારશ્રી પોતાનો ૫ ટકા શેર વેચવા માગે છે, આ એફ પી ઓ બાદ સેઈલનો એફ પી ઓ પણ આવી શકે, તેને પણ કેબીનેટની મંજૂરી મળી ગયેલ છે તેમ જ પી એફ સી નો એફ પી ઓ પણ લાઈનમાં જ આવે તેવી શકયતાઓ છે પરંતુ એક વાત ખાસ યાદ રાખવા જેવી છે કે હાલમાં મીડલ ઈસ્ટનો રાજકીય અજંપો અને તે કારણે ક્રુડના વધતા ભાવ બજાર માટે જ નહીં વિશ્વ માટે પણ ચિંતાનો પ્રશ્ન છે. જો આવા કોઈ સંજોગો નડશે નહીં તો જ સરકારશ્રી અને અન્ય કંપનીઓ બજારનું સાનુકુળ વાતાવરણ જોઈને જ નવા આઈપીઓ કે એફપીઓનો રાગ છેડશે. મોસમ હોય, પવન હોય, આકાશમાં કાળી ઘટા હોય અને મોર નાચતા હોય ત્યારે મલ્હાર ગવાય, તો જ વરસાદ પડે, પછી પાછળથી ભલે ને ધરતી સુકાઈ જાય, બધી જ કંપનીઓ, સરકાર પણ આ જાણતી હોય છે. જો કે રૂ. ૪૦,૦૦૦ કરોડના ડીવેસ્ટમેન્ટની વાત સાંભળી અમને વિચાર આવ્યો કે ટુજી સ્પેક્ટ્રમ કૌભાંડ ન થયું હોત તો આ ડીવેસ્ટમેન્ટની રકમ કેટલી નાની લાગત, આ કૌભાંડ સામે આ રકમ શું હિસાબમાં ?

# આ ઈસ્યુથી દૂર રહેવું વધુ હિતાવહ

**લવેબલ લીન્ગરીસ લી.**

**કંપનીનો પરિચય**

૧૯૮૭માં સ્થપાયેલી લવેબલ લીન્ગરીસ લી. ભારતની એક અગ્રણી કંપની છે કે જે સ્ત્રીઓ માટેનાં આંતઃવસ્ત્રો બનાવે છે. આ કંપનીએ લવેબલ વર્લ્ડ ટ્રેડીંગ કંપની યુ એસ એ પાસેથી 'લવેબલ' બ્રાન્ડ માટે લાયસન્સ મેળવેલ છે. 'લવેબલ' એ ભારતની સૌથી પહેલી પ્રિમિયમ ઈન્ટરનેશનલ બ્રાન્ડ છે.

## લવેબલ લીન્ગરીસ લી

**ઈસ્યૂ ખુલવાની તા. ૦૮ માર્ચ ૨૦૧૧ થી ૧૧ માર્ચ, ૨૦૧૧**

| | |
|---|---|
| **ઈસ્યુનો પ્રકાર** | ૧૦૦ ટકા બુક બિલ્ટ ઈસ્યુ |
| **કુલ ઈસ્યુની સાઈઝ** | ૪,૫૫૦,૦૦૦ ઈક્વિટી શેર |
| **ઈસ્યુ દ્વારા મળનાર રકમ** | રૂ. ૮૮.૭૩ - ૯૩.૨૮ કરોડ |
| **શેરની મૂળ કિંમત** | રૂ. ૧૦ |
| **પ્રાસ્તવિક કિંમત** | રૂ. ૧૯૫ થી રૂ. ૨૦૫ |
| **ઓછામાં ઓછી અરજી** | ૩૦ (રૂ. ૬૧૫૦) |
| **વધારેમાં વધારે અરજી** | ૯૬૦ (રૂ. ૧૯૬૮૦૦) |
| **ઈસ્યુ પછી ભરપાઈ થયેલ મુડીનો હિસ્સો** | ૨૭.૮ |
| **પ્રમોટર્સ** | શ્રી એલ વિનય રેડ્ડી |
| **કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ** | એ ૪૬, સ્ટ્રીટ નં. ૨, એમ આઈ ડી સી, મુંબઈ : ૪૦૦ ૦૯૩ ફોન નં. +૯૧ ૨૨ ૨૮૩૮ ૩૫૮૧ ફેક્સ નં. +૯૧ ૨૨ ૨૮૩૮ ૩૫૮૨ |
| **Email** | : **corporate@lovableindia.in** |
| **Website** | : **http://www.lovableindia.in** |
| **ઈસ્યુના રજીસ્ટ્રાર** | લીંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લી. સી-૧૩, પન્નાલાલ સિલ્ક મિલ્સ કંપાઉન્ડ એલબીએસ માર્ગ, ભન્ડુપ વેસ્ટ મુંબઈ ૪૦૦ ૦૭૮ ફોન નં. +૯૧-૨૨-૨૫૯૬૩૮૩૮ ફેક્સ નં +૯૧-૨૨-૨૫૯૪૬૯૬૯ |
| **Email** | : **lovable.ipo@linkintime.co.in** |
| **Website** | : **http://www.linkintime.co.in** |
| **ચેક લખવાની વિગત :** | "Escrow Account - Lovable Public Issue - R" For Retail Bidders |
| **બુકરનીંગ લીડ મેનેજર** | ૧. આનંદ રાઠી સિક્યુરીટીસ લી. |
| **લીસ્ટીંગ** | બીએસઈ, એન એસ ઈ |

આ કંપનીનાં ઉત્પાદનોમાં બ્રેસીઅર્સ, પેન્ટીસ, સ્લીપ્સ, કેમીસોલ્સ, હોમવેર, શોપવેર, ફાઉન્ડેશન ગારમેન્ટસ અને સ્લીપવેર ઉત્પાદનોનો સમાવેશ થાય છે. 'લવેબલ' અને 'ડેઈજી ડી' ફલેગશીપ, બ્રાન્ડસ છે. કંપનીનું મુખ્ય મથક મુંબઈ ખાતે આવેલ છે, તેમ જ તે ત્રણ ઉત્પાદન સુવિધાઓ ધરાવે છે, જેમાંની બે સુવિધા કનકપુરા રોડ, બેન્ગાલુરુ અને એક સુવિધા રુરકી, ઉત્તરખર્ડ ખાતે આવેલ છે. આ કંપનીની 'લવેબલ' બ્રાન્ડ ભારતની સૌથી પ્રખ્યાત એવી ૩ બ્રાન્ડમાં સામાવિષ્ટ થાય છે.

આ કંપનીની કુલ ઉત્પાદન ક્ષમતા (બ્રેસિઅર્સ અને પેન્ટીસ) વાર્ષિક ૩૦ લાખ પીસ છે.

હવે પછી કંપની તેનાં ઉત્પાદન એકમોનું આધુનિકરણ કરવા માગે છે તેમ જ નવો પ્રોજેકટ ડોડકલાસેન્દ્ર, બેન્ગાલુર ખાતે સ્થાપવા માગે છે જેથી તેની ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૨૫ લાખ જેટલી વધી જશે. આ કંપનીનું રૂરકી ખાતેનું એકમ ૨૦૧૦માં સ્થાપવામાં આવેલ અને તેની સ્થાપિત ઉત્પાદન ક્ષમતા (બ્રેસિઅર્સ અને પેન્ટીસ) વાર્ષિક૭.૫ લાખ પીસ છે.

**જોખમી પાસુ**

● આ કંપનીએ ૨૦૧૦માં તેના પ્રમોટરોને (૯૭,૫૦,૦૦૦) બોનસ શેર આપીને તેમની રિઝર્વને મૂડીમાં નાખી હતી. આ સાથે હાલનો ઈસ્યુ પછીની ઈકવીટી ૧૬.૮૦ કરોડ થશે.

● આ મજૂર આધારિત કંપની છે અને તેથી મજૂરોનો અસંતોષ આ કંપનીના ઉત્પાદન અને નફાકારકતાને અસરકૃત બની શકે.

● બેન્ગલોર ખાતે નવું ઉત્પાદન એક

**રેટીંગ**

ક્રેડીટ રેટીંગ કંપની કેર દ્વારા આ કંપનીને ગ્રેડ ૩ ફાળવવામાં આવેલ છે, એટલે કે કેરના મંતવ્ય અનુસાર આ કંપની બીજી આજ પ્રકારની લીસ્ટેડ કંપનીઓની સરખામણીમાં સરાસરી ફંડામેન્ટલ ધરાવે છે. કેર કંપની ૫ થી ૧ ગ્રેડ આપે છે જેમાં ૫ સર્વશ્રેષ્ઠ ફન્ડામેન્ટલ અને ગ્રેડ ૧ તદ્દન નબળા ફન્ડામેન્ટલ માટે આપવામાં આવે છે.

**નાણાકીય વિગત**
**રૂ. કરોડમાં**

| | ૦૮ | ૦૯ | ૧૦ |
|---|---|---|---|
| **કુલ આવક** | ૬૩.૦૮ | ૬૮.૮૧ | ૮૬.૭૯ |
| **ચોખ્ખો નફો** | ૪.૧૬ | ૨.૮૭ | ૧૦.૫૫ |
| **શેર દીઠ આવક** | ૬.૩૧ | ૩.૮૨ | ૧૪.૦૭ ●● |

**●● ૭.૫ કરોડ ઈક્વિટી મુજબ, ઈસ્યુ પછીની ઈક્વિટી રૂ. ૧૬.૮૦ કરોડ થનાર છે.**

સ્થાપિત કરવા માટે ૨૦૦૯માં બેંક ઓફ બરોડામાં દરખાસ્ત કરવામાં આવેલ જે માટે આ બેંકે રૂ. ૧૬.૩૩ કરોડની લોન મંજૂર કરેલ. હાલમાં આઈ પી ઓ સમયે આ કંપની ફરી વાર આ રકમની માગણી કરી રહેલ છે. આશ્ચર્યની બાબત એ છે કે આ કંપનીએ આ જ હેતુ માટે ટર્મ લોન લીધી હતી તેનું શું થયું ?

● જે જમીન પર વિસ્તૃતિકરણ કરવાની દરખાસ્ત છે તે જમીન તો વિવાદ હેઠળ છે. શકય છે કે વિસ્તૃતિકરણ મોડુ થાય. ન પણ થાય.

● કાચા માલ અને ઉત્પાદનોની ડીલીવરી માટે ટ્રાન્સપોર્ટેશન માટે આ કંપનીને બીજા ઉપર આધાર રાખવો પડે છે. જો આ લોકો સાથે કંઈ વિવાદ થાય અથવા તો ટ્રાન્સપોર્ટેશનની સેવાઓ કથળે તો પણ કંપનીને તકલીફ પડી શકે.

**નાણાકીય અને ભલામણ**

આ કંપનીની આવકો પર નજર કરીએ તો જણાશે કે ના. વ. ૨૦૦૮ થી ના. વ. ૨૦૧૦ ના અંત સુધિની વાર્ષિક આવકો લગભગ સમાન દરે વધેલ છે જો કે ૨૦૦૯ પછી ૨૦૧૦માં આવકોમાં લગભગ ૨૦ ટકા વધારો જોવા મળેલ છે. જયારે નફામાં લગભગ ૩૦૦ ટકા? આ કેવી રીતે શકય બન્યું? અને શેર દીઠ આવક પણ લગભગ ૪ ગણી થઈ ગઈ, આઈપીઓ લાવવા માટે તો આ આવકો નથી વધી ને તેવી શંકા પ્રેરે છે. જો કે ઈસ્યુ લાવવા ટાણે થયેલ આ અસમાન વૃધ્ધિ માટેનાં ખાસ કોઈ કારણો જણાતાં નથી.

ખૂબ વધુ જણાય છે. તેથી પ્રમાણમાં આઈપીઓ મોંઘો જણાય છે.

મોટા ભાગનું આઈ પી ઓ ફન્ડ બ્રાન્ડ બલ્ડીંગ, સંયુક્ત સાહસ અને એકસલ્યુજીવ આઉટલેટસ પાછળ જ ખર્ચાનાર છે, જેના કારણે નફાના ગાળામાં

**આઈપીઓનો હેતુ**

- વધારાની ઉત્પાદન ક્ષમતા વૃધ્ધિ માટે બેન્ગાલુર ખાતે ઉત્પાદન એકમનું વિસ્તૃતિકરણ
- બ્રાન્ડ બિલ્ડીંગ માટે રોકાણ
- 'કોલેજ સ્ટાઈલ' બ્રાન્ડના વિકાસ માટે રોકાણ
- સંયુક્ત સાહસમાં રોકાણ
- એકસ્કલુઝીવ બ્રાન્ડ આઉટલેટસ સ્થાપવા માટે
- 'શોપ ઈન શોપ' રિટેઈલ સ્ટોર મોલ્યુલ સ્થાપવા
- ડીઝાઈન સ્ટુડિયોના અપગ્રેડેશન માટે
- સામાન્ય કોર્પોરેટ કારણોસર
- આ ઈસ્યુના ખર્ચને પહોંચી વળવા માટે.

**શેરની ફાળવણી**

| **કયુબીઆઈ** | **નોન ઇન્સ્ટી** | **છૂટક** | **કર્મચારીઓ** |
|---|---|---|---|
| ૨,૨૭૫,૦૦૦ | ૬૮૨,૫૦૦ | ૧,૫૯૨,૫૦૦ | ૦ |

આ કંપની રૂ. ૧૯૫-૨૦૫ ના ભાવે તેના શેર ઓફર કરી રહેલ છે. આ પ્રાઈઝબેન્ડ જ વધુ જણાય છે. એવી ધારણા રાખીએ કે આ કંપની ના. વ. ૨૦૧૧માં નફામાં માત્ર ૨૦ ટકા વૃધ્ધિ કરે તો પણ શેર દીઠ ઈસ્યુ પછીના ૧૬.૮૦ કરોડ ઈકવીટીની દ્રષ્ટિએ રૂ. ૭ થાય તેથી પી ઈ રેશિયો ૨. ૨૮ થાય. જે ખાસ વૃધ્ધિ થવાની નથી. અગાઉ જોયું તેમ ૨૦૧૦માં જે નફામાં ઉછાળો આવેલ છે તે જ આ કંપનીનો આઈપીઓ લાવવામાં કંઈક રંધાયું હોય તેમ પ્રથમ નજરે જ જણાય છે. કેર કંપની દ્વારા પણ આ કંપનીને તેના હરિફોની સરખામણીમાં સરેરાશ ફંડામેન્ટલ વાળી દર્શાવેલ છે. આ સંજોગોમાં આ ઈસ્યુથી દૂર રહેવું વધુ હિતાવહ જણાય છે.

# લિબીયાનો પ્રશ્ન ગમે ત્યારે ઠંડો પડી જશે

ઈજીપ્ત વિષે તેમજ મિડલ ઈસ્ટમાં થયેલ અજંપા વિષેની અમે અગાઉ કરેલ આગાહીને યાદ કરો. હવે એસ્ટ્રો ઈકોનોમિકસ મુજબ લીબીયાનો પ્રશ્ન અંતના આરે આવીને ઉભો છે અને ગમે ત્યારે તેનો અંત આવી શકે તેમ છે. આ બાબત ક્રુડ ઓઈલ ઉપર પણ અસરકૃત રહેશે. એ વાત પણ યાદ કરો કે બધાજ પોતાની આગવી શૈલીથી વાત કરનાર શેરબજારના નિષ્ણાતો કે જેઓ બજારની પ્રતિકારક સપાટી અને ટેકાની સપાટીઓની દિશાવિહિન આગાહીઓ કરતા હતા અને પછી પોતાની આગાહી સાચી પડી છે તેવી ડંફાસ મારતા હતા ત્યારે એસ્ટ્રો ઈકોનોમિકસે કોઈ પણ ગુંચવાડા વગર સ્પષ્ટ માર્ગદર્શા આપવા માટે પ્રયત્ન કરેલ છે. મેં યુનિયન બજેટ ૨૦૧૧-૧૨ વિષે વાત કરી હતી, મોટા ભાગે બધી જ અપેક્ષાઓ જેવી કે ઈન્કમ ટેક્ષ, ખેત વિષયક, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શિક્ષણ, હાઉસીંગ સેકટર, સિનિયર સીટીઝન વગેરે પૂર્ણ થયેલ છે. મારી આગાહી મુજબ શેરબજાર અને રોકાણકારોએ બજેટને આવકારેલ પણ છે અને બજેટ દરમ્યાન સેન્સેક્ષે પણ ૫૦૦ પોઈન્ટ જેટલી વૃધ્ધિ દર્શાવેલ છે. પરંતુ ઈન્ટ્રાડે ટ્રેડર્સે ઉંચી સપાટીએ નફો પણ ગાંઠે બાંધેલ છે. અગાઉના સપ્તાહે સારી ઉર્ધ્વગતિ જોવા મળી, હવે સેકટર અને સ્ટોક મુજબ બજેટ પછીની નીચેની અસરો જોવા મળી શકશે.

**ઓટોમોબાઈલ**

જે રીતે સેન્ટ્રલ એકસાઈસ ડયુટીમાં કોઈ બદલાવ આવેલ નથી તે જોતાં ઓટોમોબાઈલ સેકટર માટે બજેટ હકારાત્મક છે. બીજુ, ભારતમાં હાઈબ્રીડ વ્હીકલ બનાવતી કંપનીઓ માટે ખાસ પ્રોત્સાહનો જાહેર કરવામાં આવ્યાં. આ ઉપરાંત, મહત્વનાં પગલાં જેમ કે ગ્રામ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ધ્યાન કેન્દ્રિત લાંબા ગાળાના વિકાસને વેગ આપશે. ટાટા મોટર્સ, મહિન્દ્રા અને મહિદ્રામાં હકારાત્મક ગતિ જોવા મળી શકે.

**બજેટ ૨૦૧૧-૧૨**
**જયોતિષની દ્રષ્ટિએ**



**કર્નલ અજય**
**મો.**
**09414056705**
**www.astromoneyguru.com**

**બેંકીંગ અને ઈન્સ્યોરન્સ**

બજેટ બેંકીંગ સેકટર માટે હકારાત્મક છે, ખાસ કરીને નવી બેંકીંગ પોલીસી જે જાહેર થનાર છે તે દેશના બેંકીંગ સેકટર માટે તકો ઉભી કરશે. રિલાયન્સ કેપિટલ, આઈ ઓ સ, એલ એન ટી જેવી કંપનીઓ આ જાહેરાત પર નજર માંડીને બેઠી છે. મ્યુચ્યુઅલ ફંડમાં એફ આઈ આઈ દ્વારા સીધું રોકાણ ભારતીય શેર બજાર માટે ખૂબ સારી બાબત છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, આઈ સી આઈ સી આઈ બેંક અને બીજી પી એસ યુ બેંકો માટે હકારાત્મક.

**આઈ ટી**

બજેટે આઈ ટી એજયુકેશનને અદભૂત તક પુરી પાડી છે પરંતુ સોફ્ટવેર સેવાઓના નિકાસની એસ ટી પી આઈ સ્કીમ હેઠળ મળતા નાણાકીય ફાયદાની સ્કીમને લંબાવવામાં આવેલ નથી જે ના. વ. ૨૦૧૧માં પૂર્ણ થનાર છે. ના. વ. ૨૦૧૧-૧૨માં શાળાના શિક્ષણને ખાસ નાણાકીય સહાય ૨૪ ટકા એટલે કે રૂ. ૫૨,૦૫૭ કરોડ વધારે આપવામાં આવેલ છે. આ આઈ ટી એજયુકેશન કંપનીઓ જેવી કે આઈ સી ટી અને પી પી પી ઈન કે ૧૨, એજયુકોમ્પ, એવરોન અને એન આઈ આઈ ટી વગેરેને વેગ આપશે. એકંદરે આઈ ટી સેકટર માટે બજેટ તટસ્થ રહેશે.

**ઈન્ફ્રાસ્ટ્રક્ચર**

બજેટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પર ધ્યાન કેન્દ્રિત રાખવાનું ચાલુ જ રાખેલ છે અને તે કારણે આ સેકટર પર વાર્ષિક ધોરણે ૨૩ ટકા એટલે કે રૂ. ૨,૧૪,૦૦૦ કરોડ વધારે ફાળવવામાં આવેલ છે જે આયોજીત ખર્ચના ૪૮.૫ ટકા છે. આ સિવાય વિવિધ ગવર્નમેન્ટ અન્ડરટેઈકીંગ માટે રૂ. ૩૦,૦૦૦ કરોડનાં ટેક્ષ ફ્રી ઈન્ફ્રા બોન્ડ, ઈન્ડિયા ડેબ્ટ ફન્ડની શરૂઆત વગેરે જેવાં પગલાં આ ક્ષેત્ર માટે હકારાત્મક રહેશે. મેટ રેટને ૧૮ ટકાથી વધારીને ૧૮.૫ ટકા કરવામાં આવેલ છે જેને સરચાર્જ ૭.૫ ટકાથી ઘટાડીને ૫ ટકા કરીને સરભર કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

અનુસંધાન પા.નં. ૪ ઉપર

# અહીં આપેલ ઘણી જ સ્ક્રીપ્ટો મલ્ટીબેગર અને ડાર્ક હોર્સ બની શકે છે

**(૧) આઈઆરબી ઈન્ફ્રા. (૫૩૨૯૪૭) (૧૮૯.૩૫) :** નજીકમાં જ ૧૯૬ ઉપર ૨૦૭ થી ૨૧૫.

**(૨) આઈએફસીઆઈ (૫૦૦૧૦૬) (૫૨.૦૫) :** નજીકમાં જ ૫૫ થી ૫૯. ત્યારબાદ ૬૩

**(૩) આર.પાવર (૫૩૨૯૩૯) (૧૨૧.૧૦) :** નજીકમાં જ ૧૨૪ ઉપર ૧૩૧ થી ૧૩૬.

**(૪) યુનિટેક (૫૦૭૮૭૮) (૩૬.૫૦) :** નજીકમાં જ ૩૭ ઉપર ૪૬ થી ૫૨.

**(૫) આરઈઆઈ એગ્રો. (૫૩૨૧૦૬) (૨૮.૧૫) :** નજીકમાં જ ૩૨ થી ૩૬.

**(૬) આરબીએન (૫૩૩૧૪૩) (૬૯.૭૦) :** નજીકમાં જ ૭૨ ઉપર ૭૯ થી ૮૬.

**(૭) કરુતુરી (૫૩૧૬૮૭) (૧૪.૦૧) :** નજીકમાં જ ૧૬ ઉપર ૧૯ થી ૨૧. મલ્ટીબેગર અને ડાર્ક હોર્સ.

**(૮) ઈન્ડિયા લીઝ (૫૦૦૨૦૨) (૮.૯૪) :** નજીકમાં જ ૧૦ ઉપર ૧૪ થી ૧૮.

**(૯) ગોદરેજ કન્ઝ્યુમર (૫૩૨૪૨૪) (૩૮૦) :** નજીકમાં જ ૩૮૪ ઉપર ૪૧૪ થી ૪૪૨.

**(૧૦) હિંદ કોપર (૫૧૩૫૯૯) (૩૦૧.૨૦) :** મલ્ટીબેગર, ડાર્ક હોર્સ, નજીકમાં જ ૩૪૩ ઉપર ૩૭૦ થી ૪૧૪.

**(૧૧) કચ્છ મિનરલ (૫૩૧૭૭૮) (૧૦.૫૦) :** નજીકમાં જ ૧૩ ઉપર ૧૬ થી ૧૮.

**(૧૨) સ્ટર્ડી ઈન્ડ. (૫૩૦૬૧૧) (૪.૬૬) :** ડાયવર્સિફાઈડ, મલ્ટીબેગર, ડાર્ક હોર્સ કંપની રોકાણની ઉત્તમ તક.

**(૧૩) ચંબલ ફર્ટી. (૫૦૦૦૮૫) (૭૦.૧૫) :** નજીકમાં જ ૭૩ ઉપર ૭૭ થી ૮૨.

**(૧૪) કિર્તી ન્યુટ્રીન્સ (૫૩૩૨૧૦) (૬.૮૮) :** નજીકમાં જ ૮ ઉપર ૧૦ થી ૧૪.

**(૧૫) કિર્તી ઈન્ડ. (૫૨૬૪૨૩) (૬.૬૪) :** નજીકમાં જ ૮ ઉપર ૧૦ થી ૧૪.

**હોટ કેક**



**પારસ ઘેલાણી**
**મો.**
**૯૦૯૯૦૧૦૮૨૭**
ghelani.paras@gmail.com
parasghelani@rediffmail.com
http://letusgrowtogether111.blogspot.com

**(૧૬) નાગાર્જુન ફર્ટી. (૫૦૦૦૭૫) (૨૭.૨૦) :** નજીકમાં જ ૩૨ થી ૩૭.

**(૧૭) ગ્રેટ ઓફશોર (૫૩૨૭૮૬) (૨૪૦.૫૦) :** નજીકમાં જ ૨૬૨ થી ૨૮૮.

**(૧૮) અનુસ લેબ. (૫૩૨૯૮૧) (૩.૮૦) :** નજીકમાં જ ૫ ઉપર ૭ થી ૯, મલ્ટીબેગર લાંબાગાળે.

**(૧૯) ટીટીએમએલ (૫૩૨૩૭૧) (૧૫.૨૦) :** નજીકમાં જ ૧૭ ઉપર ૧૯ થી ૨૧.

**(૨૦) એસપીએસએલ (૫૩૩૧૧૦) (૭.૧૭) :** નજીકમાં જ ૮ ઉપર ૧૦ થી ૧૨.

**(૨૧) એસઈએલ એમસીએલ (૫૩૨૮૮૬) (૧૮.૭૫) :** નજીકમાં જ ૨૦ ઉપર ૨૩ થી ૨૫. મલ્ટીબેગર

**(૨૨) વિજયા બેંક (૫૩૨૪૦૧) (૭૭.૩૫) :** નજીકમાં જ ૮૦ ઉપર ૮૪ થી ૮૮.

**(૨૩) અરવિંદ રેમેડીઝ (૨.૦૩) :** નજીકમાં જ ૩ થી ૫ મલ્ટીબેકર ડાર્ક હોર્સ.

**(૨૪) સુઝલોન (૫૩૨૬૬૭) (૪૭.૫૫) :** નજીકમાં જ ૫૨ થી ૫૭.

**(૨૫) વિન્સુમ યાર્ન (૫૧૪૩૪૮) (૨.૩૭) :** નજીકમાં જ ૩ થી ૫ ડાર્ક હોર્સ.

**(૨૬) એલઆઈટીએલ (૫૩૨૭૭૮) (૩૬.૯૫) :** નજીકમાં જ ૪૦ ઉપર ૫૦ થી ૫૭.

**(૨૭) એસ.કુમાર (૫૧૪૩૦૪) (૫૪.૫૫) :** નજીકમાં જ ૫૯ ઉપર ૭૦ થી ૮૨.

**(૨૮) પ્રોટો ડેવલોપર્સ (૫૩૦૦૬૯) (૧.૨૮) :** નજીકમાં જ ૩ થી ૫.

**(૨૯) સુપર સ્પિનિંગ (૫૨૧૧૮૦) (૧૧.૮૫) :** નજીકમાં જ ૧૪ ઉપર ૧૮ થી ૨૩ મલ્ટીબેગર.

**(૩૦) એચઓસીએલ (૫૦૦૪૪૯) (૩૨.૭૫) :** નજીકમાં જ ૩૫ ઉપર ૩૯ થી ૪૪.

**(૩૧) બાલાસોર એલોયઝ (૫૧૩૧૪૨) (૨૧.૨૦) :** નજીકમાં જ ૨૩ ઉપર ૨૬ થી ૨૮.

**(૩૨) ટીએફએલ (૫૩૨૮૧૨) (૧૭.૬૦) :** નજીકમાં જ ૨૧ ઉપર ૨૩ થી ૨૭.

# ૨૧ માર્ચ બાદ બજારની દિશા નક્કી થશે ત્યાં સુધી ૫૩૮૭ નો સપોર્ટ અને ૫૭૬૭નું રેસિસ્ટન્સ ધ્યાનમાં લો

મિત્રો,

જય જલારામ,

અત્યારે સમગ્ર વિશ્વમાં રહી સહી અને રડી ખડી પ્રમુખશાહી કે સરમુખ્ત્યારી સામે પ્રજાનો પ્રકોપ ફેલાઈ રહ્યો છે. ઈજીપ્ત અને લીબીયાના દાખલા તાજા જ છે. પરંતુ હવે સમગ્ર વિશ્વમાં જે રીતે લોકશાહીઓ ચાલી રહી છે તે સામે બુદ્ધિજીવીઓએ અવાજ ઉઠાવવાની જરુર છે. અબુધ પ્રજા મુઠ્ઠીભર લોકોને ચૂંટીને શાસનની ધૂરા સોંપે છે જેઓ પ્રજાના પૈસે એશ આરામ કરે છે. મનમાની કરે છે અને રાજાઓ કરતા વધારે ઠાઠથી રહે છે. હાલ નતો લોકશાહી રહી છે ન લોક સેવક. ઘણી વખત રોડ ઉપર અકસ્માત થકી મૃત્યુ પામેલાની લાશ રઝળતી જોવાય છે. કોઈ તેને વેળાસર હોસ્પિટલ સુધી લઈ જનાર નથી હોતો. રસ્તે ચાલતા માનવી ઉપર ચપ્પા અને તલવારના ઘા થાય છે. જ્યારે નેતાઓની આગળ પાછળ પોલીસની વાનો, પાયલોટકારો એમ્બ્યુલન્સો ફરતી હોસ્પિટલો અને સમગ્ર તંત્ર ઊભે પગે સેવામાં હાજર હોય છે. આપણો નેતા શું આ બધાને લાયક છે? ચૂંટાયા પછી તે શું કરે છે ? મોટો વહીવટ કરવા મળે માટે મોટા કરવેરા નાંખે છે અને લાખોના લાખો કરોડ બેશરમીથી હજમ કરી જાય છે. સીવીસીનો હેડ દાગ રહીત હોવો જોઈએ તે રોડ પરના ભિખ માંગતા ભિખારીને પણ સમજ હોવી જોઈએ. આ સરકાર એક તો દાગવાળા માણસને આ હોદ્દા ઉપર નિમે છે. અને જ્યારે આ પોલ ખૂલી જાય છે ત્યારે પણ કાવાદાવા કરી પ્રજાને ગેરમાર્ગે દોરે છે. જ્યારે કોર્ટ તેમનો કાન પકડે છે ત્યારે આ બેશરમ માણસ બોલે છે કે મારી ભૂલ થઈ ગઈ. અરે. ભોથા તું તો કોર્ટ ના ન પાડત તો આ જ માણસને ચાલું રાખવા માંગતો હતો. ભૂલ થઈ ગઈ તેની ખબર તો તને હતી જ. હવે છૂટકો નથી ત્યારે લવારા કરશ ? જો બધી જ બાબતોમાં કોર્ટને દખલ કરવી પડે તો તું શું કામનો ત્યાં બેઠો છે ? ઘર ભેગો થા ને ? પણ આ માણસ શરમ વગરનો છે. લાખ કરોડના કૌભાંડ હોય છતાં વડો પ્રધાન મોઢામાં મગ નાખીને ચૂપચાપ બેઠો હોય તે બાબતે વધારે કહેવાની જરુર નથી કે આ લોકો કેવા છે ? અત્યારે સમાજની છેલ્લી પાયરીના લોકોને આપણે દેશની ધૂરા સોંપી હોય તેમ લાગે છે. આગલો નાણાં પ્રધાન સર્વિસ ટેક્સની લપ નાંખી ગયો છે અને દરેક નવો નાણાં પ્રધાન એ દૂઝતી ગાયને પૂરે પુરી લોહી આવે ત્યાં સુધી દોહવામાં પડ્યો છે. વિરોધ પક્ષો કે ચૂંટેલા નમાલાઓ કોના પ્રતિનિધિ છે ? પ્રજાના કે પેલી નવટંકીના ? માંદો માણસ જેને ખાવાના ફાંફા પડતા હોય, મોંઘવારીથી ત્રસ્ત હોય અને રોગ આગળ વધે તો લેબોરેટરી ટેસ્ટ ન છૂટકે કરાવવા પડે એમાં આ સડેલી સરકાર શું સેવા આપે છે કે સર્વિસ ટેક્સ નાંખવાનો અભરખો કરે છે ? અરે લોકશાહી એ પ્રજાની સરકાર છે પ્રજાના પૈસે છે જેના ભોગે નેતાઓ તાગડધિન્ના કરે છે પરંતુ પ્રજા દવા દારું કરાવે પોતાને ખર્ચે તેમાં સરકારને ક્યાં ભમરો કરડે છે ? ટેક્સ શેનો ?

હવે પછીની લડત કરવેરા ઓછા કરોની હોવી જોઈએ. અમને પ્રજાના સુખને ભોગે વિકાસ નથી જોઈતો. જ્યાં લોકોને આત્મહત્યા કરવી પડે, બાળકોને ભણાવવા ફીના પૈસા ન હોય ત્યાં સર્વિસ ટેક્સ શેનો આપવાનો ? કોઈપણ વસ્તુ ઉપર વધારેમાં વધારે કેટલો ટેક્સ હોઈ શકે ? એ આ નેતાઓ અને ખાઉધરા બાબુઓ નક્કી ન કરી શકે. પ્રજાએ કરવાનો હક્ક છે. આ લોકશાહી છે. કોઈના બાપની શાહી નથી. સેન્ટ્રલ એકસાઈઝ, કોર્પોરેટ ટેક્સ, ઈન્કમટેક્સ, વ્યવસાય વેરો, સર્વિસ ટેક્સ, ફલાણો ટેક્સ ઢીંકણો ટેક્સ આ બધું શું છે ? અને સરવાળે પ્રજાને આમાંનું કાંઈ વળતરમાં મળતું નથી. પાણી વેરો, કૂંડી વેરો, શિક્ષણ વેરો, રોડ ટેક્સ, ઈન્કમ ટેક્સ, વિગેરે વિગેરે.. બદલામાં સરકાર તમને શું આપે છે ? જે ઉઘરાવે છે તે તો બાબુઓના પગારમાં વપરાઈ જાય છે. ૯૦ ટકા વહીવટી ખર્ચ બાકીનામાંથી ખાયકી. હવે ક્રાંતિની જરુર છે. કરવેરાના સમગ્ર માળખાને હિન્દી મહાસાગરમાં ડૂબાડી દેવાની જરુર છે. પ્રજાને પગાર નથી જોઈએ. બદલામાં બે ટાઈમ ખાવાનું આપો. રહેવા ઘર આપો. બાળકોને શિક્ષણની વ્યવસ્થા કરી આપો અને સારી ચિકિત્સાની સવગડ આપો.

આ દેશમાંથી ઓછામાં ઓછા ૫૦ ટકા કરવેરા ફેંકી દેવાની જરુર છે. છે કોઈ મરદ માણસ જે આ વાત કરે ? છે કોઈ રાજકારણી જે બોલે કે ઈન્કમ ટેક્સથી વધારે તો સરકાર આડકતરી રીતે આપણને છોલી લે છે. હવે પાંચ લાખ - ૫,૦૦,૦૦૦ સુધીની આવક પર ઈન્કમ ટેક્સ નહીં લેવાય ? પ્રજા ચેતશે નહીં તો બાળકોને પીવડાવાતા માતાના દૂધ ઉપર પણ આ નપાવટો કરવેરા નાખતા નહીં અચકાય. હવે આ લોહી ચૂંસણી બગઈ જેવા નેતાઓ તરફ પ્રજાને ધિક્કાર થવા લાગ્યો છે. સમુળગી ક્રાંતિની જરુર છે. રાજકીય પક્ષોને જાકારો દેવાની જરુર છે. તથા કાયદામાં આમૂલ ફેરફારની જરુર છે કે ચૂંટાયેલાને જરુર પડે સરળ રીતે પાછો બોલાવી ઘરે બેસાડી શકાય.

શરુઆત ગુજરાતથી જ થાય છે અને હવે ફરી "નવ નિર્માણ" માટે ગુજરાતે જ પ્રથમ પગલું માંડવું પડશે. એખ વખત બધું દફનાવી દો. નવેસરથી પ્રજાના કાયદા બનાવો. સરળ અને સીધા જેમાં બાબુઓને કંઈ કરવાનું ન હોય. અટપટા કાયદાઓ થકી આ બગઈઓ જ પ્રજાનું લોહી ચૂંસે છે. દેશને આવા નેતાઓની જરુર નથી. પૂરી સિસ્ટમ સડી ગઈ છે. ઉખાડીને ફેંકી દેવાની જરુર છે. નવા કાયદા, નવો પક્ષ, પ્રજાનો પ્રતિનિધિ અને પ્રજાની પડખે રહે તેવો નેતા. લગામ પ્રજાના હાથમાં રહે તેવા કાયદાની જરુર છે.

મુખર્જીના બજેટમાં ચૂંટણીઓમાં મત મેળવવા વલખાં મારતી લોમડીની ગંધ આવે છે. ચૂંટણીઓ પૂરી થયા બાદ આ લોકો આડકતરી રીતે કરવેરા નાખશે અને સરવાળે પ્રજાનું લોહી ચૂંસશે. બજેટમાં ચર્ચા કરવા જેવું કંઈ નથી. અને હરખાવવાનું પણ કંઈ નથી. એક વખત પાંચ રાજ્યોમાં પ્રજા મત આપી દેશે એટલે આ કસાઈઓ પોત પ્રકાશશે.

નિફ્ટીની વાત કરીએ તો ૫૪૧૨ અને ૫૭૭૭ વચ્ચેનો ગાળો ધ્યાનમાં રાખવો. એ બંને લેવલની જે બાજુ નિફ્ટી બ્રેક આઉટ આપે તે તરફ બજાર તેજીથી જશે. અત્યારે બજાર કોઈપણ એક તરફનો બ્રેક આઉટ આપવાની તૈયારી કરી રહ્યું છે. સાવચેતીથી દૈનિક ટ્રેડ કરીને સંતોષ માનો. લાંબાગાળાનું વિચારવાની જરુર નથી. બજેટનો ઉભરો આવનારા દશથી પંદર દિવસમાં સમી જવાનો છે ત્યારબાદ બજારની ખરી દિશા નક્કી થશે.

સપ્તાહ દરમ્યાન સેન્સેક્સ ૧૦૧૬ પોઈન્ટ અને નિફ્ટી ૨૩૫ પોઈન્ટ વધ્યા છે પરંતુ ફેબ્રુઆરી માસમાં ફિરંગી ફંડોએ ઊભરતી બજારોમાંથી ઘણી મોટી રકમનું રોકાણ પાછું ખેંચી લીધું છે. આપણી પ્રજાના પ્રોવિડન્ટ ફંડના ભંડોળોમાં પડેલાં પૈસા જો શેર બજારમાં રોકવામાં આવે તો એક ઝાટકે આપણે આ ફિરંગીઓનો બધો માલ એક ચેક આપીને પાછો ખરીદી તેમને દેશમાંથી રવાના કરી શકીએ. ફિરંગીઓ બજારને જેમ ચાહે તેમ નચાવી રહ્યા છે. ફંડો પાસે પૈસા છે પરંતુ આવડત અને આત્મ વિશ્વાસ નથી. તેથી આપણે છતે પૈસે ગુલામી કરી રહ્યા છીએ.

સામાન્ય રીતે એમ કહેવાય છે કે જેને ધંધાની આવડત ન હોય તે વ્યાજે પૈસા મૂકે. વિદેશી ફંડો દુનિયા આખીમાં મૂડી રોકાણ કરી કમાય છે અને આપણા ફંડ મેનેજરો પોતાના દેશમાં મૂડી રોકાણ કરતા ગભરાય છે. આ દેશમાંથી હિમ્મત અને દૂરંદેશી મરી પરવારી છે. કરોડો કામદારોના પૈસા એક ટ્રસ્ટીની મનસૂફી મુજબ વહીવટ થાય તે કેવું ? ખેર, મેરા ભારત મહાન !!

નિફ્ટીનો સાપ્તાહિક કોઈ ટેકો નથી કે કોઈ રેસિસ્ટન્સ નથી. બજાર ગુંચવાયેલું છે. અમે આપેલા બે લેવલની બહાર નીકળી જે બાજુ જાય તે તરફની ચાલ અને દિશા પકડી લેવી. માસના ત્રીજા સપ્તાહથી બજારની ચાલ નક્કી થશે. બજારમાં સાંજ પડે રોકડી કરીને સલામત રહો. નબળાઈ તો દેખાય જ છે પરંતુ પાટીયું બોલે તે જ સાચું.

ગયા સપ્તાહે અમે જણાવેલ કે બજેટ બજારને ટૂંકાગાળા માટે પોઝીટીવ ટ્રીગર આપશે અને એવું જ થયું. આ સરકારને અમે વરસોથી ઓળખીએ છીએ એટલે ચૂંટણી ટાણે કેવું બજેટ આપે તે ભોથા ને પણ ખબર હોય તેમાં બુદ્ધિ ચલાવવાની જરુર જ ન હોય. બજેટ બાદ બજાર વધ્યું કંઈ નવાઈ જેવું નથી. અપેક્ષિત જ હતું.

છતાં પણ તમારે સાપ્તાહિક સપોર્ટ રેસીસ્ટન્સ જોઈતા જ હોય તો નીચેના લેવલ ધ્યાનમાં રાખવા. કદાચ આ લેવલ અને આવતા અઠવાડીયાના લેવલ પણ કામ ન કરે. માર્ચના ત્રિજા સપ્તાહ બાદ જ બજારની ચાલ પકડમાં આવશે તે ધ્યાનમાં રાખો.

**કલમ કોટકની**



શરદ કોટક
મો. ૯૮૨૫૦૬૮૨૧૧

Skotak@KI-TRADE.com
WWW.KI-TRADE.COM




## નિફ્ટી અને સેન્સેક્સના સાપ્તાહિક સપોર્ટ અને રેસીસ્ટન્સ

| Sensex CLOSE : 18486.45 | | NIFTY CLOSE : 5538.75 | |
|---|---|---|---|
| Weekly Resistance | 19117-19387 | Weekly Resistance | 5687-5767 |
| Weekly Support | 17757-17457 | Weekly Support | 5387-5192 |

**ઉપરના લેવલ ધ્યાનમાં રાખવા. બજાર હાલમાં લેવલ મુજબ કામ નથી કરતું અને કરશે પણ નહીં. તેવું અગાઉ જણાવી ચૂક્યાં છીએ અને આવતા સપ્તાહ સુધી આ વાત ધ્યાનમાં રાખજો.**

## STOCK INDICES : WEEKLY MOVEMENT

| | 25 - 02 -2011 | 04 - 03 -2011 | + - |
|---|---|---|---|
| Sensex | 17469.97 | 18486.45 | + 1016.48 |
| Nifty | 5303.55 | 5538.75 | + 235.20 |

## તા.૦૭ માર્ચ ૨૦૧૧ થી ૧૧ માર્ચ ૨૦૧૧ નાં ટ્રેડીંગ લેવલ્સ

બજેટ એકંદરે દરેક રીતે સામાન્ય રહ્યું. માત્ર મજેટની ખાદ્ય ૪.૬ ટકા ભરાઈ નહીં પરંતુ જેટલી બને તેટલી ખાદ્ય ઓછી કરવા માટેનું વિધાન કરવામાં આવ્યું.

પરંતુ યુપીએ ૨ ક્યારે હેતુ પાર પાડશે ???

તેઓએ તો કશું જ કર્યુ નથી. છેલ્લા બે વર્ષમાં કશું જ નહીં પરંતુ દરેક વખતે તેમણે ભાજપ અથવા તો સહયોગી વિરોધ પક્ષો કે પછી તેમના સહયોગીઓ ઉપર આરોપ મૂકવાનો કોઈ ને કોઈ રસ્તો શોધી કાઢ્યો છે.

બજેટનો સૌથી વધુ પ્લસ પોઈન્ટ એ છે કે તેમાં કશું જ બદલાયું નથી. મંગળવારે સ્માર્ટ રેલી જોવા મળી કારણ કે કંઈ નકારાત્મક હતું નહીં. અને આ પછી યુ. એસ. માર્કેટ અને ક્રુડ ને પાછા નિહાળી રહ્યા છીએ

પરિણામોની ઋતુ પુરી થઈ અને તેનો દેખાવ એક પડછાયા જેવો જ રહયો.

**સાપ્તાહિક ટ્રેન્ડ**



માધવ રાનડે
મો. ૦૯૩૭૧૦૦૨૯૪૩
email: sumamura@dataone.in

આ બાબત ૨૦૧૨ ની સાલમાં સેન્સેક્ષના ૧૨૫૦+ના દર્શાવવામાં આવતા ઈપીએસ સામે શંકા પ્રેરે છે. તે ૧૦૦ પોઈન્ટ નીચે આવશે અને તે વાર્ષિક સેન્સેક્ષના દેખાવને ગંભીર રીતે ખરાબ કરશે.

બીજી વધારાની માહિતી માટે મારી વેબસાઈટ

WWW.SUMAMURA.COM

ની મુલાકાત લેવાનું ચાલુ રાખો. મારી વેબસાઈટ ફેબ્રુઆરી ૨૦૧૧ ના પ્રથમ સપ્તાહથી પેઈડ વેબસાઈટ બનેલ છે.

એક વાત ખાસ યાદ રાખો મૂડી હંમેશાં દુર્લભ હોય છે તેનું સન્માન કરો. હું લભગભ બધા જ દિવસ યાહુ મેસેન્જર ઉપર ઉપલબ્ધ હોઉં છું, તમે મને યાહુ મેસેન્જરમાં એડ કરી શકો છો. મારો યાહુ આઈડી **madhavranade1** છે.

જો તમને આ અંગે કોઈ શંકા હોય તો મને **09371002943** ઉપર ફોન પણ કરી શકો છો, તેમ જ મારો ઈ મેઈલ છે

**sumamura@dataone.in**

| Posn Trading Levels | | Date | 7th / 11th march 2011 | |
|---|---|---|---|---|
| Stock/Index | go | entry | targets | stoploss |
| BSE SENSEX | short | 18135 | 18075/17875/675/475 | 18305 |
| | long | 18475 | 18595/825/19055/285 | 18305 |
| BSE Auto Index | short | 8960 | x | 9030 |
| | long | 9030 | x | 8960 |
| BSE Capital goods | short | 12980 | x | 13090 |
| | long | 13090 | x | 12080 |
| BSE FMCG index | short | 3500 | x | 3540 |
| | long | 3540 | x | 3500 |
| BSE Health index | short | 5840 | x | 5890 |
| | long | 5890 | x | 5840 |
| BSE Metal index | short | 15690 | x | 15815 |
| | long | 15815 | x | 15690 |
| BSE Oil & Gas index | short | 9677 | x | 9750 |
| | long | 9750 | x | 9677 |
| BSE PSU index | short | 8570 | x | 8640 |
| | long | 8640 | x | 8570 |
| BSE Realty index | short | 2062 | x | 2085 |
| | long | 2085 | x | 2062 |

## ટ્રેડીંગ આઈડીયા

**(૧) ભેલ**

**બંધ ભાવ : ૨૦૮૫**

**સાપ્તાહિક ટેકો ૨૦૬૫ નો ધ્યાનમાં રાખવો તથા ૨૧૬૭નો સાપ્તાહિક રેસિસ્ટન્સ ધ્યાનમાં રાખવો. શુક્રવારે આ શેરની સાપ્તાહિક ચાલ જોતા ઉપરની ચાલ ગમે ત્યારે અટકી જશે અને ૧૯૮૭ નો પ્રથમ તથા ૧૮૮૭નો બીજો ભાવ આવવાની શક્યતા રહેશે.**

**સોમવારે ૨૧૩૭ના સ્ટોપલોસથી ઉછાળે વેચવાની સલાહ છે. ૨૧૮૪ નો સ્ટોપલોસ રાખવો તથા તબક્કાવાર શોર્ટ બિલ્ડ કરવું. સોમવારે ૨૦૫૭ અને એ તૂટે તો ૨૦૨૭નો ભાવ આવી શકે. માર્કેટની રુખ જોઈને વેપાર ગોઠવવો.**

**(૨) સિન્ટેક્ષ**

**બંધ ભાવ : ૧૫૧**

**સોમવારે ૧૪૮–૧૫૧ વચ્ચે ૧૪૬ના સ્ટોપલોસથી આ શેરમાં લેણ કરો. ૧૫૪નો પ્રથમ અને ૧૫૭નો બીજો ભાવ આવવાની શક્યતા.**

**(૩) એલિકોન**

**બંધ ભાવ : ૬૮**

**સોમવારે ઘટાડે આ શેર ઉમેરો. ૩ ટકાની ઉપરની ચાલ જોવા મળે તેવી શક્યતા.**

**(૪) ટોરેન્ટ ફાર્મા**

**બંધ ભાવ : ૫૧૫**

**૫૨૧ અને ૫૨૮ના ઉછાળે શોર્ટ બિલ્ડ કરો. ૫૦૮નો પ્રથમ અને ૫૦૨નો બીજો ભાવ આવશે.**

**(૫) પિરામલ હેલ્થ**

**બંધ ભાવ : ૪૬૩**

**૪૬૮ અને ૪૭૪ના ઉછાળે શોર્ટ બિલ્ડ કરો. સપ્તાહમાં ૪૪૦ આસપાસનો ભાવ જોવા મળે. ફ્યુચરમાં પણ આ શેર શોર્ટ કરીને ઊભા રહી શકાય.**

**(૬) ટાટા મોટર**

**બંધ ભાવ : ૧૧૭૫**

**સોમવારે ૧૨૧૦ આસપાસ આવે તો નાનકડો સ્ટોપલોસ રાખીનો શોર્ટ કરી શકાય. ૧૧૫૭ નો પ્રથમ અને ૧૧૫૦નો બીજો ભાવ જોવા મળશે.**

**સપ્તાહ દરમ્યાન ૧૨૨૮ અને ૧૨૮૨ના રેસીસ્ટન્સ લેવલ છે. બંનેમાંથી એકાદ આવી શકે પરંતુ સરવાળે નબળાઈ ભર્યો બંધ આવશે અને ૧૦૯૨નો પ્રથમ તથા ૧૦૧૭નો બીજો ભાવ જોવા મળશે.**

Printed, Published and Owned by Mrs. DEVLAXMI N. JOSHI and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380013. Editor- Mr. NARENDRA JOSHI. PH :-079-27451449, (M) 9825065387